વચનામૃતનાં વિશિષ્ટ અર્થઘટનો

ગુરુપરંપરા દ્વારા





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.

સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.

ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.

રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતનાં
વિશિષ્ટ અર્થઘટનો
ગુરુપરંપરા દ્વારા

લેખક
સાધુ અક્ષરજીવનદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTNA VISHISTHA ARTHGHATANO - GURUPARAMPARA DWARA (Gujarati Edition)

By Sadhu Aksharjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-961-3

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૩૫-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂ.** ૪૫-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં જણાવ્યું છે કે શાસ્ત્રોનું ખરું અર્થઘટન સત્પુરુષ થકી જ સમજાય છે. વચનામૃતના સંદર્ભમાં પણ આ વાત એટલી જ સાચી છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલી વાતો વચનામૃતનું યથાર્થ ભાષ્ય એટલે જ ગણાય છે. ગુણાતીતાનંદ સ્વામીથી લઈને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ સુધીના ગુણાતીત ગુરુવર્યોએ વચનામૃતનાં કેટલાંક રહસ્યો એવી રીતે સમજાવ્યાં છે કે જ્યાં સામાન્ય મુમુક્ષુની દૃષ્ટિ પણ ન પહોંચે. વચનામૃત દ્વિશતાબ્દીના પર્વે આ પુસ્તિકા તેનું એક આચમન કરાવે છે.

સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય અક્ષરજીવનદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

અનુક્રમણિકા

શબ્દ સંક્ષેપ સૂચિ

વચ.	-	વચનામૃત
ગ.પ્ર.	-	ગઢડા પ્રથમ પ્રકરણ
સારંગ.	-	સારંગપુર પ્રકરણ
કારિ.	-	કારિયાણી પ્રકરણ
લોયા.	-	લોયા પ્રકરણ
પંચાળા.	-	પંચાળા પ્રકરણ
ગ.મ.	-	ગઢડા મધ્ય પ્રકરણ
વર.	-	વરતાલ પ્રકરણ
અમ.	-	અમદાવાદ પ્રકરણ
ગ.અં.	-	ગઢડા અંત્ય પ્રકરણ
સ્વા.વા.	-	મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

જીવનચરિત્રના ગ્રંથો

ગુ.સ્વા.જી.ચ.	-	અક્ષરબ્રહ્મ સદ્ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી
પ્રા.ભ.જી.ચ.	-	બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રાગજી ભક્ત
શા.મ.જી.ચ.	-	બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ
યો.મ.જી.ચ.	-	બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ
યો.વા.	-	યોગીવાણી (યોગીજી મહારાજનો ઉપદેશ)

૧

ભૂમિકા : વિષયપ્રવેશ

એક શેઠ હતા. એમને વીસ શેરડીના સાંઠા બીજે ગામ મોકલવા હતા. તે લઈ જવા માટે એક અભણ નોકરને બોલાવ્યો. શેરડી બાબતનો કાગળ લખીને એને આપતાં કહ્યું : 'આ સાંઠા ફલાણે ગામ આપી આવ, તને રૂપિયો આપીશ.'

પેલા નોકરે પૂછ્યું : 'શેઠ ! સાંઠા કેટલા છે ?'

શેઠ કહે : 'તું આ કાગળ આપજે ને કાગળ બોલશે કે કેટલા છે.'

શેરડીના સાંઠા અને કાગળ લઈને નોકર તો ચાલ્યો. પાંચ-છ ગાઉ ચાલ્યો એટલે તેને શેરડી ખાવાની ઇચ્છા થઈ. તેણે કાગળને પૂછ્યું : 'બોલ, કેટલા સાંઠા છે ?' કાગળ કાંઈ જવાબ આપે ? ઓલા મૂરખે કાગળને માર્યો તોય કાગળ બોલ્યો નહીં. છેવટે કંટાળીને તેણે બે સાંઠા ખાધા. બાકીના અઢાર સાંઠા લઈને બીજે ગામ શેઠને પહોંચાડ્યા. કાગળ આપ્યો. શેઠે કાગળ વાંચીને સાંઠા ગણ્યા. બે સાંઠા ઓછા હતા.

તેમણે નોકરને પૂછ્યું : 'અલ્યા, આમાં વીસ સાંઠા લખ્યા છે અને બે ઓછા કેમ છે ?'

નોકર કહે : 'સાહેબ ! તમને કોણે કહ્યું કે આમાં વીસ સાંઠા હતા ?'

શેઠે કહ્યું : 'આ કાગળ એમ બોલે છે.'

તેણે કહ્યું : 'તમારી પાસે બોલ્યો, તો મારી પાસે કેમ ન બોલ્યો ? મેં તો એને ધમકી આપી, માર્યો તોય ન બોલ્યો !'

ભણ્યો હોય તે જ બોલાવી શકે, અભણ શું બોલાવે ?

પછી તેને મજૂરીના બે આના ઓછા આપ્યા.

તેમ વચનામૃત જેવું પુસ્તક હોય અને પ્રગટ સત્પુરુષ પાસેથી તેના અર્થને સારી રીતે જાણતો હોય તે તેનું રહસ્ય અને સિદ્ધાંત સમજી શકે. બીજો એની મેળે વાંચવા જાય તો એને દાદાખાચરનો દરબાર અને લીમડો એ સિવાય બીજું કાંઈ જણાય જ નહીં.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કહેલી આ બોધકથા છે.

આ બોધકથા આપણને ઘણું ઘણું કહી જાય છે. શાસ્ત્રોની વાત પણ એવી છે. શાસ્ત્રને જો સમજતા ન આવડે તો તે અવળું પડે છે. શાસ્ત્રના રહસ્યના જાણકાર ભોમિયા મળે તો જ તેની ગમ પડે છે.

સર્વ શાસ્ત્રોનો સાર વચનામૃત છે

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે વેદાદિ શાસ્ત્રોનો સંપૂર્ણ તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેનું દોહન કરીને સારરૂપે 'વચનામૃત' આપ્યું અને કહ્યું: 'વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.' શ્રીહરિએ આપેલ સારભૂત વચનામૃત પણ સમજવું ગહન છે. આ પરાવાણીને યથાર્થરૂપે સમજવા માટે તેમણે જ્ઞાનના સાક્ષાત્કારવાળા સંત બતાવ્યા છે. શ્રીહરિએ કહ્યું છે :

'શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી... જે એકાંતિક સંત છે તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે, અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટિ મુક્ત અને અક્ષરધામ એ સર્વેના આત્મા જાણે છે...' (ગ.પ્ર.૬૬)

એટલે જ તેને સમજવા એકાંતિક ભક્ત પાસે જવું પડે. શ્રીહરિ ગ.પ્ર.૭માં કહે છે : 'શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી અને ભ્રમી જવાય છે...' અધ્યાત્મવાર્તા એટલે આત્મા-પરમાત્મા, જીવ-ઈશ્વર, માયા વગેરે અગોચરની તત્ત્વચર્ચા. શાસ્ત્રોમાંથી આ બધું સાંભળીને વિદ્વાનની મતિ પણ ભ્રમી જાય તો બીજાની ચાંચ ક્યાંથી ખૂંતે !

ગ.પ્ર.૨૪માં શ્રીહરિ કહે છે : 'જ્ઞાન કેવું છે તો પ્રકૃતિપુરુષથી પર છે.

તે જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે, ત્યારે પ્રકૃતિપુરુષનું કાર્યમાત્ર નજરમાં આવતું નથી.' પ્રકૃતિપુરુષથી પર બે જ તત્ત્વ છે : બ્રહ્મ અને પરબ્રહ્મ. એટલે જ્ઞાનનો સાક્ષાત્કાર આ બંને સિવાય કોઈને નથી. બ્રહ્મ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામી. તેમના સિવાય વચનામૃતનો ઊંડો મર્મ કોઈ પરમહંસ ક્યાંથી જાણી શકે? એટલે જ શ્રીહરિએ પ્રતિવર્ષ એક મહીનો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જવાની આજ્ઞા, સમગ્ર સંત-ભક્ત સમુદાયને કરી હતી.

શ્રીજીમહારાજ વચનામૃત ગ.મ.૧૩માં કહે છે : 'આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે.' અહીં જે સત્પુરુષ કહ્યા તે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે. એવું યોગીજી મહારાજ કહેતા. મુમુક્ષુઓને ગુણાતીત ગુરુઓના મુખે વચનામૃતનાં આવાં ગૂઢ રહસ્યો કથાવાર્તા દરમ્યાન સાંભળવા મળતાં રહ્યાં છે. જેવાં કે -

ગ.મ.૭માં મુક્તાનંદ સ્વામીને શ્રીહરિ સ્વભાવ ટળે અને સાધુતાના ગુણ આવે તે માટે 'કોઈ મોટા સંત'ની સેવા કરવાનું કહે છે. તે મોટા સંત એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી. એ જ રીતે ગ.પ્ર.૪૪માં ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કેમ થાય? એ પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિ 'સત્પુરુષનો પ્રસંગ' કરવા કહે છે. એ સત્પુરુષ એટલે અક્ષરબ્રહ્મ.

ગ.પ્ર.૫૪માં ભાગવતધર્મના પોષણ માટે અને મોક્ષનું દ્વાર ઉઘાડું કરવા માટે મુક્તાનંદ સ્વામીને શ્રીહરિ 'ભગવાનના એકાંતિક સાધુ'નો પ્રસંગ કરવા કહે છે, તે પણ અક્ષરબ્રહ્મરૂપ સંતની વાત છે.

ગ.મ.૧૪માં ભગવાન સાથે તદાત્મકપણું કરવા માટે 'ભગવાનના એકાંતિક ભક્ત'નો પ્રસંગ કરવા કહ્યું છે. તે પણ બ્રાહ્મીસ્થિતિને પામેલા પરમએકાંતિક સત્પુરુષની વાત છે.

વળી, ગ.મ.૬૬માં ગોપાળાનંદ સ્વામીને મોટાના વચનની સાખ્ય લેવા કહ્યું છે. તે મોટા કોણ? તો ગુણાતીતાનંદ સ્વામી.

ગ.અં.૫માં મહાત્મ્યે સહિત ભક્તિ જીવના હૃદયમાં ઉદય થાય તે માટે મુક્તાનંદ સ્વામીને 'શુક-સનકાદિક જેવા મોટાપુરુષ'ની સેવા ને પ્રસંગ કરવા કહે છે. તે મોટાપુરુષ એટલે અક્ષરબ્રહ્મરૂપ સત્પુરુષ.

આમ, ઘણાં વચનામૃતોમાં મહારાજે આવી વાતો કરી છે. તેનો મર્મ ગુણાતીત ગુરુ પરંપરા દ્વારા ઉદ્ઘાટિત થયો છે. અક્ષર અને પુરુષોત્તમ બંને માયાપરનાં તત્ત્વો છે. તેમની વાતો પણ માયાપરની હોય છે. તે માયાપરના ગુણાતીત પુરુષ સમજાવે તો તેમની કૃપાથી જ સમજાય છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતો કરી, તેનો સંગૃહીત ગ્રંથ એ 'સ્વામીની વાતો' છે. તેને 'વચનામૃત' પરનું ભાષ્ય કહેવાય છે.

પરમ એકાંતિક સંત અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે

શ્રીહરિએ સ્વમુખે જ પોતાના સર્વોપરીપણાની વાત વચનામૃત ગ.મ.૯, ગ.મ.૧૩, ગ.અં.૩૮ વગેરેમાં કરી છે, એ સ્વરૂપનિષ્ઠાનાં રહસ્યો અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વચનામૃતમાંથી તારવીને 'સ્વામીની વાતો'માં મૂક્યાં છે. શ્રીહરિ વાતો કરતા ત્યારે સન્મુખ વિદ્વાન પરમહંસો બેસતા, પરંતુ શ્રીહરિનાં આવાં શ્રીમુખનાં વચનો સાંભળીને પણ તેમને સર્વોપરી માનવામાં કચાશ રહી ગઈ હતી. શ્રીહરિને કહેવું પડ્યું : 'કબૂતરના કબૂતર રહ્યા.' એટલે જ શ્રીહરિએ પોતાની વાણીને સમજવા માટે સૌને ગુણાતીતનો સમાગમ કરવા આદેશ આપ્યો હતો. ટૂંકમાં અક્ષરબ્રહ્મરૂપ પરમ એકાંતિક સંત થકી જ – શાસ્ત્રોના સાચા અર્થો સમજાય છે (ગ.પ્ર.૬૬; લો.૧૧). શાસ્ત્રોમાંથી ભગવાનનું સ્વરૂપ પણ એવા સંત થકી સમજાય છે (ગ.મ.૧૩). માયિક દૃષ્ટિ ટળે છે (પં.૭). ભગવાનનું સ્વરૂપ ઓળખ્યામાં આવે છે (કા.૧૨). ભગવાનનો મહિમા સમજાય છે (ગ.પ્ર.૧, ૨૧, ૫૧). ભગવાનનો નિશ્ચય થાય છે (ગ.મ.૧૪; વર.૧૨; અં.૨૭). ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય છે (વર.૧૧). આ સત્પુરુષ એટલે બીજું કોઈ જ નહીં પણ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. કારણ કે પરબ્રહ્મનો તત્ત્વે સહિત યથાર્થપણે નિશ્ચય અક્ષરબ્રહ્મ થકી જ થાય છે. ગ.પ્ર.૬૪ પ્રમાણે પ્રકૃતિપુરુષથી પર અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ હોવાથી અક્ષર એ જ પુરુષોત્તમના જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ છે. અર્થાત્ અક્ષર એ પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ સમજવાનું માધ્યમ છે.

શ્રીહરિ વચનામૃત ગ.પ્ર.૪૧માં કહે છેઃ 'પુરુષોત્તમભગવાન જે તે સર્વમાં કારણપણે, અંતર્યામી રૂપે પ્રવેશ કરીને રહ્યા છે. પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી.' આમ, અક્ષરબ્રહ્મ અનાદિકાળથી માયા

પર હોવાથી તે પરબ્રહ્મની સૌથી વધુ નિકટ છે, તેથી પુરુષોત્તમનો જેવો અને જેટલો મહિમા અક્ષરબ્રહ્મ જાણે, તેવો અને તેટલો મહિમા અન્ય કોઈ ન જાણી શકે. વળી, અક્ષરબ્રહ્મમાં જ સૌથી વધુ સમ્યક્પણે પરબ્રહ્મ રહેતા હોવાથી અક્ષરબ્રહ્મનું જેવું સામર્થ્ય છે તેવું તો અક્ષરમુક્તમાં પણ નથી. તેથી પરબ્રહ્મનો જેમ છે તેમ યથાર્થ નિશ્ચય કરાવવા માટે તો અક્ષરબ્રહ્મ જ સમર્થ છે.

યોગીજી મહારાજ કહે છે : 'વચનામૃત' એ આપણા માટે શ્રુતિ અને પ્રત્યક્ષ વચન તે સ્મૃતિ.' વચનામૃતમાં માહાત્મ્ય સહિત ભક્તિ કરવાની વાત આવી. ત્યારે યોગીજી મહારાજ કહ્યું : માહાત્મ્ય એટલે અક્ષરબ્રહ્મ. અક્ષર એ ભગવાનનું માહાત્મ્ય છે, એ દ્વારા અનંત જીવો મુક્તદશાને પામે છે એમ જાણવું તે માહાત્મ્ય. (યો.વા. : ૨૪/૮૧) મહારાજની વાણી કોણ સમજી શકે, તો જે તેના પરભાવને પામેલા સત્પુરુષ થકી જ સમજાય. (યો.વા. : ૧૨/૪૦)

શ્રીહરિ કથિત વચનામૃતના સિદ્ધાંતોનું રહસ્ય ગુણાતીતાનંદ સ્વામી યથાર્થ જાણતા હતા. તત્કાલીન પરમહંસો પૈકી જે જે ગુણાતીતાનંદ સ્વામીને મળ્યા, તેઓ પણ જાણતા હતા. નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરેએ પોતાનાં કાવ્યોમાં આ રહસ્યોને ગૂંથેલાં જોવા મળે છે. જેમ કે અક્ષરબ્રહ્મ મોક્ષનું દ્વાર છે – એવો મહિમા શ્રીહરિએ કથાપ્રસંગે કહ્યો છે. તેને પ્રેમાનંદ અને બ્રહ્માનંદ બંને કવિઓએ *'રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે...'* કીર્તનમાં સુપેરે વણી લીધો છે.

તેમાં પ્રેમાનંદ સ્વામી લખે છે : *'રે અક્ષર અનંત કળા ધારે રે... મુને જીવ પામે એણે દ્વારે...'* અર્થાત્ અક્ષરબ્રહ્મ દ્વારા જીવનો મોક્ષ થાય છે ને મને (પરબ્રહ્મને) પામે છે. ગ.પ્ર.૫૪માં મોક્ષનું દ્વાર સત્પુરુષને કહ્યા છે – તે જ આ અક્ષરબ્રહ્મ છે, તેવું ઉપરોક્ત પંક્તિ દ્વારા સિદ્ધ થાય છે.

'સંત તે સ્વયં હરિ...'

ગ.પ્ર.૨૭માં શ્રીહરિ અખંડ નિવાસ કરી રહે તેવા સંતનાં લક્ષણ જણાવે છે. તેમાં '...એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે...' એ વાતને નિષ્કુળાનંદ સ્વામીએ *'સંત તે સ્વયં હરિ...'* એ કીર્તનમાં વણી લીધી છે.

નિષ્કુળાનંદ સ્વામીએ અક્ષરબ્રહ્મરૂપ એવા પરમ એકાંતિક સંતના પ્રત્યેક અંગમાં ભગવાન રહ્યા છે, તેનું સુંદર વર્ણન કર્યું છે.

પરમહંસો પૈકી કોઈનો ઉલ્લેખ 'અક્ષરબ્રહ્મ' તરીકે જોવા મળતો નથી, જ્યારે સ્વામીનો મહિમા 'મૂળ અક્ષરબ્રહ્મ' તરીકે સ્પષ્ટપણે કીર્તનો, શ્લોકો અને ગ્રંથોમાં વર્ણવાયેલો છે. અચિંત્યાનંદવર્ણી રઘુવીરજી મહારાજના દીક્ષિત બ્રહ્મચારી હતા. સંસ્કૃતના પંડિત હતા, જૂનાગઢ રહેતા. તેમણે ગુણાતીતાનંદ સ્વામીનો ખૂબ સમાગમ કરેલો, તેમણે 'હરિલીલાકલ્પતરુ' નામનો વિશાળ ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. તેમાં ગ્રંથારંભના સ્તુતિભાગમાં 'તદક્ષરં ગુણાતીતં ગુણાતીતં નમામ્યહમ્' કરીને વીશેક શ્લોકોમાં તેનું ગાન કર્યું છે. તે સમયે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી જેવા વિદ્વાન પંડિતો હતા, તેમના શિષ્યોએ તેમનો ઉલ્લેખ અક્ષરબ્રહ્મ તરીકે કર્યો નથી. આ પરથી ખ્યાલ આવે છે કે શ્રીહરિએ ગ.પ્ર.૪૬, ૬૩, ૭૧, ગ.મ.૪૨ વગેરે વચનામૃતોમાં અક્ષર-બ્રહ્મ, અક્ષરધામ શબ્દથી મહિમા વર્ણવ્યો છે, તે ગુણાતીતાનંદ સ્વામી હતા.

યોગીજી મહારાજ કહેતા : મહારાજે જ્યાં જ્યાં પોતાની સાથે ભક્તની વાત કરી હોય કે પરમહંસોએ એવા પ્રશ્ન પૂછ્યા હોય, જેમ કે 'ભગવાન અને ભગવાનના ભક્ત...' ત્યાં ભગવાન એટલે પરબ્રહ્મ સહજાનંદ સ્વામી અને ભક્ત એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જાણવા.

શ્રીહરિ ગ.પ્ર.૩૮માં અને ગ.પ્ર.૩માં લીલાચરિત્ર સંભારી રાખવાની આજ્ઞા કરે છે. તેમનાં આ વચનો તત્કાલીન સંતો-ભક્તો પૂરતું જ મર્યાદિત નથી, અત્યારે પણ એટલું જ સાર્થક બની રહે છે. કારણ કે ભગવાન પૃથ્વી પરથી ક્યારેય જતા નથી, પ્રગટ જ રહે છે. એ આ વચનામૃતનું રહસ્ય છે.

ગુણાતીત ગુરુવર્યો ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ તેમજ અક્ષરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ વચનામૃતનો મર્મ, શ્રીહરિની રુચિ, રહસ્ય, સિદ્ધાંત, અભિપ્રાયના સંપૂર્ણ જ્ઞાતા છે. ગુરુઓનાં જીવનચરિત્રો, વાણી-ઉપદેશબોધ વગેરે વાંચતાં-વિચારતાં 'આનો અર્થ તે આમ જ છે.' એમ સાક્ષી કબૂલ કરે છે.

'વચનામૃતનાં વિશિષ્ટ અર્થઘટનો' પુસ્તિકામાં 'સ્વામીની વાતો', હર્ષદભાઈ દવે લિખિત જીવનચરિત્રો તેમજ ઈશ્વરચરણદાસ સ્વામી લિખિત યોગીજી મહારાજના છ ભાગમાંથી ઘણા અંશો લીધા છે, જેમાં વચનામૃતના ગહન અર્થોનું રહસ્ય ખૂબ ભર્યું છે. આટલી ભૂમિકા પછી વચનામૃતના વિવિધ મર્મ જાણવા માટે પુસ્તિકામાં અવગાહન કરીએ...

૨

વચનામૃતના મર્મજ્ઞ અક્ષરબ્રહ્મ

ધર્મ-નિયમ-વર્તમાન સદાચારનું મહત્ત્વ

શ્રીમુખ-વચન:

'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સંપૂર્ણ હોય ત્યારે એકાંતિક ભક્ત કહેવાય ને એકાંતિકની જે મુક્તિ છે તેને પામે. અને કાળ, કર્મને યોગે કરીને દેહની વ્યવસ્થા તો એકની એક રહે એમ જણાતું નથી. માટે ભગવાનના ભક્તને કેવી રીતે એકાંતિકપણું રહે છે? એ પ્રશ્ન છે.' (ગ.અં.૧૩) એમ કહી શ્રીહરિએ પોતાને જે રીતે દૃઢાવ હતો, તે જણાવ્યો.

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું પણ કાંઈ ગયું નથી ને ચિંતામણિ ગઈ ને બીજું ધન સર્વે રહ્યું તોપણ કાંઈ રહ્યું નહીં; તેમ જ એક નિશ્ચય રહ્યો તો સર્વે રહ્યું ને અંતે એ જ રહેવાનું છે. (સ્વા.વા.: ૧/૨૦૩)

વળી કહ્યું : છેલ્લા પ્રકરણનું તેરમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'પોતાના સ્વરૂપને અક્ષર માનીને ઉપાસના કરે તેની પ્રીતિ દેશ, કાળ, કર્મ, ક્રિયા કોઈથી ટળે નહીં ને એ કોઈની મોટાઈમાં લેવાય નહીં. ગોલોકાદિક ધામ પણ કાળનું ભક્ષણ છે એમ જાણતો હોય ને તેના દેહની વ્યવસ્થા બ્રાહ્મણ મટીને મુસલમાનની થાય પણ ભગવાનમાંથી પ્રીતિ ટળે નહીં.' ત્યાં દૃષ્ટાંત

દીધું જે, 'બીજું સર્વે દ્રવ્ય જાતું રહે ને ચિંતામણિ રહે તો કાંઈ ગયું જ નથી ને ચિંતામણિ ગઈ તો કાંઈ રહ્યું જ નથી.' (સ્વા.વા. : ૫/૨૧૫)

ગોલોક મધ્યે અક્ષરધામ એટલે શું ?

વચનામૃતના પરથારામાં, વચનામૃત વર.૧૮માં અને સંપ્રદાયનાં કેટલાંક શાસ્ત્રોમાં અક્ષરધામને ગોલોકના મધ્યમાં જણાવ્યું છે. ગુણાતીતાનંદ સ્વામીએ તેનું રહસ્ય પણ આ રીતે સમજાવ્યું છે :

ગુરુમુખ-મર્મ:

'જેની જેવી સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય. તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો શ્વેતદ્વીપને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય, પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે.' તે ઉપર પ્રથમનું ત્રેસઠમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'જુઓને, મહારાજ લખી ગયા છે કે, જેમ ઝીણા મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય ને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય ને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય ને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય; તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું. પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો એમ નથી અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને મેરુ પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે; તેમ અનંત ધામને મૂકીને અક્ષરધામને કહ્યું છે. પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું એમ નથી. ને બીજા ધામની તો અવધિ કહી છે પણ અક્ષરધામની તો અવધિ કહી નથી, એ સિદ્ધાંત વાત છે.' (સ્વા.વા. : ૩/૨૩)

આ રીતે મહારાજે ઉપદેશેલા વચનામૃતના સાચા અર્થ-મર્મ સ્વામીએ સમજાવ્યા છે.

નિયમ અને વર્તમાન પાલનનું રહસ્ય

શ્રીહરિએ ધર્મ સહિત ભક્તિ કરવાની વાત ઘણી જગ્યાએ કરી છે. ધર્મ એટલે આજ્ઞાવચનો, નિયમ અને વર્તમાન.

'સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહીં. કેમ જે, એ ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે.' (ગ.પ્ર.૨૫)

'પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને જ અતિ દૃઢ કરીને રાખવા.' (ગ.મ.૧૬)

'મોટાપુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે; જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ.' (ગ.મ.૬)

શ્રીહરિનાં આ વચનોના અનુસંધાનમાં એક હરિભક્તે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: 'બીજા અવતારે વર્તમાન પળાવ્યાં નથી ને કલ્યાણ તો કર્યાં છે, ને આજ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે?'

ત્યારે સ્વામીએ કહ્યું : 'બીજાએ કલ્યાણ કર્યાં છે પણ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી, ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં હોય તો ગોલોક ને વૈકુંઠલોકમાં કજિયા શા સારુ થાય?.. એમ જાણતાં ત્યાં કારણ શરીર નહીં ટળ્યું હોય ને મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે.' તે ઉપર કારિયાણીનું બારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે. તે સારુ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે, એ હેતુ છે.' (સ્વા.વા.: ૩/૫૫)

વજ્રની ખીલી અને ભગવાનનાં ચરણારવિંદ

શ્રીમુખ-વચન:

'જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહીં, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને

મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એતો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.' (ગ.અં.૭)

ગુરુમુખ-મર્મ:

'ખીલી બે પ્રકારની સમજવી. એક તો અખંડ ભગવાનની સ્મૃતિ કરે. ને બીજો પ્રકાર તો નિષ્ઠા છે. તે સ્મૃતિ તો થાય કે ન થાય પણ નિષ્ઠા ફરે નહીં ને... આપણામાં બહુધા તો નિષ્ઠાની સ્થિતિની ખીલી છે.' (સ્વા.વા. : ૪/૧)

'ભગવાનનાં ચરણારવિંદમાં મન રાખ્યું કેમ કહેવાય?' તો આપણો ભાવ નીકળી જાય ને ગુણાતીત પોતાનું સ્વરૂપ મનાય એટલે મરવાનું નીકળી ગયું. દેહરૂપ મનાય જ નહીં, પછી ધામમાં જવાનું ક્યાં રહ્યું? મહારાજનાં ચરણારવિંદ જ સેવી રહ્યાં છીએ એમ મનાય તો મન સોંપ્યું કહેવાય. કારણ કે સત્પુરુષ ભગવાનનાં ચરણારવિંદ છે. (યો.વા. : ૨૪/૧૦૪)

અખંડવૃત્તિનો સરળ ઉપાય

શ્રીમુખ-વચન:

'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી.' (ગ.પ્ર.૧)

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી અખંડ વૃત્તિનો સરળ ઉપાય બતાવે છે :

ઈન્દ્રિયું-અંતઃકરણ હૃદાકાશમાં રાખવાં એટલે ભગવાનમાં વૃત્તિ રહી, ને દેહ પર્યંત દેખાય નહીં પણ સાધન ખોટું પડે નહીં. દેહ મૂકતાં જ દેખાઈ આવે. (સ્વા.વા. : ૫/૧૫૨)

ભગવાનના ભક્તને ત્રણ પ્રકારમાંથી એક પ્રકારનું ધ્યાન તો રહે છે; તે નિશ્ચયરૂપ ધ્યાન રહે, કે સાધુ પાસે જાવું છે એમ રહે, કે હું ભગવાનનો ભક્ત છું એમ રહે; બાકી તેલધારાવૃત્તિ મૂર્તિમાં રહે એ તો સ્વરૂપાનંદ સ્વામી આદિકની વાત છે. (સ્વા.વા. : ૧/૨૮૨)

કૃપાનંદ સ્વામી સમાધિ વગર સ્મૃતિથી, જ્ઞાનથી ને ધ્યાનથી અખંડ ભગવાનમાં વૃત્તિ રાખતા. (સ્વા.વા. : ૪/૨)

યોગીજી મહારાજ પણ કહે છે : સ્વરૂપાનંદ સ્વામી આત્માને અખંડ

દેખતા તો પણ દેહમાં જ્યારે મંદવાડ આવ્યો ત્યારે અતિશય દુઃખ થયું અને અશાંતિ થઈ. ગમે તેટલી મૂર્તિ દેખાતી હોય છતાં પ્રગટ હોય ત્યારે તેમનાં દર્શનની તાણ રહેવી જોઈએ. તૈલધારાવત્ વૃત્તિ હતી તોય બળતરા થઈ. માટે તે કરતાં નિષ્ઠારૂપી વૃત્તિ અધિક છે, કારણ કે નિષ્ઠારૂપી વૃત્તિમાં મનુષ્યભાવ ન આવે. (યો.વા. : ૨૩/૨૯)

ભગવાન અથવા સંતમાં જોડાણની જડીબુટ્ટી

શ્રીમુખ-વચન:

'જેની વૃત્તિ નિર્વાસનિક થાય છે ત્યારે તેનું ચિત્ત છે તે ભગવાનના સ્વરૂપમાં જોડાય છે.' (ગ.પ્ર.૨૫)

'જો ખબડદાર થઈને મંડે તો આ ને આ દેહે જ સર્વે કસર મટી જાય... માટે એક દેહે અથવા અનંત દેહે અથવા અંત સમે એક ઘડી મૃત્યુ આડી રહી હોય ત્યારે પણ જો અતિશય ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી.' (સારંગ.૧૧)

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી પાસે સારંગ.૧૧ વચનામૃત વંચાયું ત્યારે એક હરિભક્તે સ્વામીને પૂછ્યું : 'મૃત્યુ આડી ઘડી હોય ત્યારે ભગવાનમાં શી રીતે જોડાવાય?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એને ભગવાનમાં જોડાવાની રુચિ હોય ને દેહનો અંત આવી જાય તો ભગવાન ને સાધુ તેની મદદ કરે... તેથી ભગવાન વિષે જોડાઈ જવાય. માટે રુચિ સારી રાખવી.' (સ્વા.વા : ૪/૪૪)

ભગવાનમાં જોડાયેલા સાધુ જ તે જીવને ભગવાનમાં જોડે છે. સ્વામી કહે છે : ભગવાનમાં જોડાણા હોય ને ભગવાનની આજ્ઞામાં રહેતા હોય ને ભગવાનની મરજીને જાણતા હોય એવા સાધુ સાથે પોતાના જીવને બાંધવો; તે થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા સહિત ઉપાસના એ સર્વે ગુણ પમાય, પણ તે વિના ક્યાંથી પમાય ? (સ્વા.વા : ૧/૭)

'વચનામૃત' વંચાવીને તેમાં વાત કરી જે, 'કદાપિ ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય તોપણ કેટલુંક ચોખ્ખું કેમ સમજાય ? માટે સર્વ કરતાં સમજણ અધિક છે; પછી નાડિયું તણાઓ કે ન તણાઓ. ને સાંખ્ય ને યોગ કરતાં પણ ભગવાનનું સર્વોપરીપણું સમજવું તે શ્રેષ્ઠ છે.' (સ્વા.વા : ૧/૩૯)

એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે તેમાં બહુ દાખડો, કેમ જે, કોઈક બાંધે તો યજ્ઞ અધૂરો રહે. ને એક તો ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કરી લે. તેમાં શું કહ્યું જે, 'ઇન્દ્રિયું-અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે, ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે. અને વળી, ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે.' (સ્વા.વા : ૧/૧૭૧)

કોટિ કલ્પના પાશ લાગ્યા છે તે હમણાં ભગવાનમાં જોડાવા જઈએ છીએ પણ માયામાં જોડાઈ જવાય છે. ને જ્યારે જ્ઞાન થાશે ત્યારે માયામાં જોડાવા જાશું તોપણ ભગવાનમાં જોડાઈ જવાશે. ને હમણાં તો ઇન્દ્રિયું-અંતઃકરણના ભાવથી મુકાઈને સાધુમાં જોડાવું ને સાધુ ભગવાનમાં જોડશે, ને પોતાને બળે છૂટવા જાય તેમ વધુ બંધાશે. (સ્વા.વા : ૧/૧૮૯)

નાના ખાતરાનું પાણી મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનું સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે જો મોટામાં જોડાય તો તે પણ ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે. (સ્વા.વા : ૨/૧૭૮)

ભગવાનમાં જોડાવું, કાં સાધુમાં જોડાવું. ત્યારે પૂછ્યું જે, ભગવાનમાં જોડાણો હોય તે કેમ જણાય? ને સાધુમાં જોડાણો હોય તે કેમ જણાય? પછી સ્વામી બોલ્યા જે, 'ભગવાનમાં જોડાણો હોય તેને ભગવાનનાં ચિહ્ન, ચરિત્ર ને સ્વાભાવિક ચેષ્ટા, તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહીં; ને સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતું તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહીં, ત્યારે જાણીએ જે, સાધુમાં જોડાણો છે.' (સ્વા.વા : ૩/૪૨) ધીરે ધીરે નિત્યે ભગવાનમાં જોડાવું. તે ન થાય તો સાધુમાં પ્રથમ જોડાવું, તો પછી ભગવાનમાં સહેજે જોડાવાય. (સ્વા.વા : ૬/૧૩૮)

ખરેખરો થઈને સાધુમાં વળગે તો કામાદિક શત્રુ બળી જાય ને ભગવાનમાં જોડાય. (સ્વા.વા : ૬/૧૫૭)

સગુણ-નિર્ગુણ માર્ગની સ્પષ્ટતા

શ્રીમુખ-વચન:

ગ.મ.૮માં શ્રીહરિ કહે છે : 'જેને જેને તે ભગવાનનો સંબંધ થયો

તે સર્વે નિર્ગુણમાર્ગવાળા છે. અને જે જે કથા-કીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય; અને જે કથા-કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે, માટે સગુણ કહેવાય. અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો નિર્ગુણ ન કહેવાય; અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તો પણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.'

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃત પર ચતુર્ભુજદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું, 'સંતને ને ગૃહસ્થને સરખા નિર્ગુણ કેમ કહ્યા ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'એક તો નાગો બાવો હોય તેને સમુદ્ર તરવો હોય ને ઉચાળાવાળાને પણ સમુદ્ર તરવો હોય તો બેયને વહાણનું કામ પડે, મરને કૌપીન પણ ન પે'રતો હોય પણ સમુદ્ર તરાય નહીં. માટે વહાણમાં નાગો બાવો બેસે ને ઉચાળાવાળો ગૃહસ્થ બેસે, તેને તો બાયડી હોય, છોકરાં હોય, ભેંસ હોય, રેંટિયો હોય, તે બધુંય સમુદ્ર બરાબર તરે. ને તે વિના તો દ્રવ્યને અડતા ન હોય, અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળતા હોય, ને મહાત્યાગી હોય પણ ભગવાન ન મળ્યા હોય તો તેનું કલ્યાણ ન થાય ને માયાને ન તરે ને ગૃહસ્થનું કલ્યાણ થાય ને માયાને તરે.' પછી મધ્યનું અગિયારમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'ગૃહસ્થમાત્ર આ વચનામૃત સમજે તો અંતરે શાંતિ રહે ને આ વાત અટપટી છે.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'ભોગાવાની રેતીમાં ચૈત્ર મહિનાના તાપમાં ઢૂંઢિયો બેઠો હોય તેને દેખીને એમ જાણે જે, આનું કલ્યાણ થાશે; પણ એનું કલ્યાણ નહીં થાય, ને ગૃહસ્થ હોય તેને બાયડી હોય, આઠ છોકરાં હોય, સોળ હળ હોય, સોળ ભેંશું હોય, એ આદિક હોય, તેને દેખીને એમ જાણે જે, આનું કલ્યાણ નહીં થાય; પણ તેને ભગવાન મળ્યા છે તો એ બધાયનો મોક્ષ થાશે. આ વાત તો જેમ કોઈકને ઘી ખાધાથી રોગ થયો હોય ને પાછો ઘી ખવરાવીને મટાડે તેવી છે. તે બીજાને સમજાય નહીં, મહારાજને જ સમજાય, ને એ પ્રશ્નનો ઉત્તર પણ મહારાજથી જ થાય, બીજાથી થાય નહીં. એના એ રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ તેથી નર્કમાં જવાય ને એના એ ગુણથી મોક્ષ થાય.' (સ્વા.વા: ૪/૬૦)

શ્રીમુખ-વચન:

શ્રીહરિએ કારિયાણી-૮માં ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપની વાત

કરી છે: 'અતિશય સૂક્ષ્મપણું અને અતિશય નિર્લેપપણું અને અતિશય શુદ્ધ-પણું અને અતિશય અસંગીપણું અને અતિશય પ્રકાશે યુક્તપણું અને અતિશય ઐશ્વર્યે યુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.'

ગુરુમુખ-મર્મ:

તે પર ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કોઈને આવડ્યું નથી, કેમ જે, એ તો અતર્ક્ય વાતું છે, તે કોઈના તર્કમાં આવે નહીં. અને પૂર્વે આચારજ થઈ ગયા છે તેણે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો કર્યું છે, પણ જેવું મહારાજને કહેતાં આવડે છે તેવું તો કોઈને કહેતાં આવડતું જ નથી.' એમ કહીને કહ્યું જે, 'ફેર વાંચો.' ત્યારે ફેર વાંચ્યું. પછી સ્વામી બોલ્યા જે, 'સગુણ-નિર્ગુણપણું તો મહારાજે પોતાની મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય કહ્યું છે. અને એ બે સ્વરૂપનું ધરનારું જે મૂળ સ્વરૂપ તો પ્રત્યક્ષ બોલે છે તે જ છે.' એમ કહીને બોલ્યા જે, 'દસ શાસ્ત્રી વડોદરાના ને દસ શાસ્ત્રી સુરતના ને દસ શાસ્ત્રી અમદાવાદના ને દસ શાસ્ત્રી કાશીના, એવા હજારો શાસ્ત્રી ભેગા થાય ત્યારે આ વાતનો પ્રસંગ નીસરે?' ત્યારે રૂપશંકરે કહ્યું જે, 'ના મહારાજ! આવો પ્રસંગ શાસ્ત્રીથી નીસરે નહીં.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'છે તો એમ જ, પણ લોકમાં શાસ્ત્રીનું પ્રમાણ બહુ કહેવાય.' (સ્વા.વા. : ૩/૬૭)

ગ.મ.૪૨માં શ્રીહરિએ સગુણ-નિર્ગુણપણું અક્ષરને વિશે કહ્યું છે. આ વચનામૃત પર યોગીજી મહારાજ કહે છે: 'ગુણાતીતાનંદ સ્વામીએ આને ચાવીનું વચનામૃત કહ્યું છે. કારણ, તેમાં અક્ષરના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે. પુરુષોત્તમ નારાયણના સગુણ- નિર્ગુણ સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી, એટલે કહેવાતું નથી. જો કે અક્ષરના સ્વરૂપનું પણ વર્ણન થઈ શકતું નથી. છતાં અક્ષરના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કરવાથી પુરુષોત્તમના સ્વરૂપનો મહિમા સમજાય છે. કેમ જે, 'જ્યારે અક્ષર આવા મોટા, તો તેના પતિ પુરુષોત્તમ તો કેવા હશે?' આ મુદ્દો છે. અને અક્ષરનો આવો મહિમા યથાર્થ સમજાય તો કલ્યાણની ચાવી હાથમાં આવી ગઈ.' (યો.વા. : ૨૪/૧૩)

યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞની વ્યાખ્યા

શ્રીમુખ-વચન:

ગ.મ.૮માં શ્રીહરિ સત્સંગીમાત્રને નિત્ય યોગયજ્ઞ કરવા આજ્ઞા આપે

છે. યોગયજ્ઞ એટલે : 'દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછાં ખેંચીને બ્રહ્મઅગ્નિને વિષે હોમવાં.'

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃતનું હાર્દ સમજાવતા યોગીજી મહારાજ કહે છે : ઈન્દ્રિયોની વૃત્તિઓને ગુણાતીત સ્વરૂપમાં હોમવી એ યોગયજ્ઞ. હોમવી એટલે શું? એ રૂપ થઈ ગયો ત્યારે વૃત્તિઓ હોમી કહેવાય. ગુણાતીતના આકારે વૃત્તિઓ થઈ જાય. એ ભાવને પામી જાય. અંતર્દષ્ટિએ વર્તવું તે જ્ઞાનયજ્ઞ. કથાવાર્તા એ જ્ઞાનયજ્ઞ છે. (યો.વા.: ૨૪/૮૩)

બ્રહ્મરૂપ-અક્ષરરૂપ થઈ ભગવાનની ભક્તિ-ઉપાસના કરવી

શ્રીહરિએ દેહભાવ ટાળીને આત્મારૂપ, બ્રહ્મરૂપ થઈ, ભગવાનની ભક્તિ કરવાની વાત ઘણાં વચનામૃતમાં કરી છે. જેમ કે,

શ્રીમુખ-વચન:

'જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે... એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તો પણ તેને માથે વિઘ્ન છે.' (ગ.પ્ર.૨૩)

'સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે. અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને...' (ગ.મ.૩૦)

'માયાના ત્રણ ગુણ, દસ ઈન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઈન્દ્રિયોના દેવતા, એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી; ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે.' (ગ.મ.૪૫)

'બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.' (અમ.૨)

'માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય, તેને... ઉપશમને બળે કરીને પંચવિષય જન્મમરણના હેતુ ન થાય.' (અમ.૩)

ગુરુમુખ-મર્મ:

એક હરિભક્તે (ઉપરોક્ત) ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં, ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં. એમ કહીને બોલ્યા જે, ફરીથી વાંચો. ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિકલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય, કે ભગવાનનો પુત્ર હોય, કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે, એ પણ મહારાજનો મત છે. (સ્વા.વા. : ૩/૧૩)

ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત કેવા હોય?

શ્રીમુખ-વચન:

શુકમુનિએ શ્રીહરિને ગ.અં.૩૫માં પ્રશ્ન પૂછ્યો છે, 'હે મહારાજ! સાધુના હૃદયમાં ભગવાન રહ્યા હોય ને તેના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય ને તેની સેવા કરીએ તો ભગવાનની સેવા થાય, તે સાધુનાં લક્ષણ શાં છે? તે કહો.' શ્રીહરિ ઉત્તરમાં છ લક્ષણો બતાવે છે. તેને ટૂંકમાં અહીં રજૂ કર્યા છે :

૧. ભગવાનને રાજાધિરાજ (સર્વોપરિ) સદા સાકાર, કર્તા અને પ્રત્યક્ષ સમજે. ૨. ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય અને એ ભગવાનનું જે નામસ્મરણ ને કથા-કીર્તનાદિક તેને કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય. ૩. પોતાનો સ્વભાવ મૂકે પણ ભગવદ્‌ભક્તના સંગનો ત્યાગ ન કરે. સમૂહમાં પડ્યો રહે. ૪. સારું પદાર્થ ભક્તને આપી રાજી થાય. ૫. સરલ સ્વભાવવાળો હોય. જેવો અંદર તેવો બહાર હોય. ૬. શાંત સ્વભાવવાળો હોય તો પણ કુસંગીની સોબત ન ગમે ને તે થાય તો તપી જાય; આ વચનામૃત વાંચતાં આપણને એવું લાગે કે આ છ લક્ષણ મોક્ષના દાતા સત્પુરુષના છે, પરંતુ ગુણાતીતાનંદ સ્વામી તેનો મર્મ કહે છે –

ગુરુમુખ-મર્મ:

'છેલ્લા પ્રકરણનું પાંત્રીસમું વચનામૃત વંચાવીને વાત કરી જે, આ છ લક્ષણની મોટાઈ તો સર્વ હરિભક્ત તથા સાધુ તમામને છે.' (સ્વા.વા.: ૫/૨૧૭) ખરેખર અક્ષરબ્રહ્મ સિવાય આવો અર્થ કોઈ કરી શકે નહીં. એટલે કે આજે સત્સંગમાં અક્ષર અને પુરુષોત્તમની જેને નિષ્ઠા થઈ છે, તે સર્વમાં

આ મોટાઈ છે. અહીં કહેલા છ લક્ષણ મોક્ષદાતા સત્પુરુષમાં તો હોય જ છે, પરંતુ તેમને ભજતાં આશ્રિતોમાં પણ આ લક્ષણો જોવા મળે છે.

પરોક્ષ અને પ્રત્યક્ષનો ભેદ-બોધ

શ્રીમુખ-વચનઃ

'સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઇત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી.' (પંચાળા.૧)

ગુરુમુખ-મર્મઃ

'ભગવાનનો સંબંધ'નું રહસ્ય સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે... મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું! ને તેમ જ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' (સ્વા.વા.૫/૩૯૨)

પૃથ્વી ઉપર વિચરતા ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપને જાણે છે ને તેમાં મન-કર્મ-વચને જોડાય છે, તેને જ ભગવાનનો સંબંધ થયો કહેવાય છે. પ્રત્યક્ષને જાણે અને તેમાં જોડાય તે જ સંબંધ. આ રહસ્ય ગુણાતીત સિવાય કોણ સમજાવી શકે!

શ્રીહરિનાં વચનોમાં પ્રગટ સ્વરૂપનું લક્ષ્ય

શ્રીમુખ-વચનઃ

'ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે. અને જેમ ચંદ્રમાને વિષે જેમ જેમ સૂર્યની કળા આવતી જાય તેમ તેમ તે ચંદ્રમા વૃદ્ધિને પામતો જાય છે, તે જ્યારે પૂર્ણમાસી આવે ત્યારે ચંદ્રમા સંપૂર્ણ થાય છે. તેમ ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર તો એ જીવ અમાવાસ્યાના ચંદ્રની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય; પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ

સહિત નિશ્ચયને પામે છે તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણમાસીના ચંદ્ર જેવો એ જીવાત્મા થાય છે. પછી એને ઇન્દ્રિયો, અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થતાં. અને પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી. એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો.'' (વર.૧૨)

શ્રીહરિ પોતાના પ્રત્યક્ષ સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવવા પર તાન રાખે છે. તે તેમણે કહેલા દૃષ્ટાંત પરથી સમજાય છે.

ગુરુમુખ-મર્મ:

શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી તેમની મૂર્તિમાં પ્રગટપણું માનીને કોઈએ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહીં?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.' (સ્વા.વા. : ૫/૩૯૨)

ગુણાતીત સિવાય આવું રહસ્ય કોણ બતાવી શકે! પ્રગટ જ્યારે મળે છે, ત્યારે જ જીવમાંથી અજ્ઞાન, અંધકાર, દોષો, વાસના, સ્વભાવ ટળે છે.

મોક્ષનું દ્વાર ખૂલે એકાંતિક સાધુના પ્રસંગથી

શ્રીમુખ-વચન:

વચનામૃત ગ.પ્ર.૫૪માં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના

પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

'પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥'

'જેવો એ જીવને પોતાનાં સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી આ વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'ઓહો! આ વચનામૃત તો દિવસ બધો જાણે સાંભળ્યા કરીએ તોપણ તૃપ્ત ન થાઈએ. જુઓને! માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું ને જ્ઞાન પણ બતાવી દીધું છે.' એમ કહીને ત્રણ વાર વંચાવ્યું ને કહ્યું જે, 'જેનાં કર્મ ફૂટ્યાં હોય તેને આ વાત ન સમજાય.' (સ્વા.વા. : ૬/૨૦૯)

વળી, સ્વામી કહે છે : આવા સાધુના સમાગમ વિના મોક્ષ નહીં થાય અને મધ્યના ૨૧ના વચનામૃતમાં કહ્યું છે એટલી વાત કરવાની છે ને જાણવાની છે. ને આવા સાધુ મળ્યા એ તો એક મુદ્દો આવ્યો છે ને જેને પૂર્વે સંસ્કાર થયા છે તે પણ આવા સાધુને જોગે, ને હમણાં પણ જેને થાય છે તે આ સાધુના જોગે; માટે જોગ કરી લેવો... (સ્વા.વા. : ૬/૨૧૫)

ઇન્દ્રિયું-અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે, ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે. અને વળી, ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે. (સ્વા.વા. : ૧/૧૭૧)

આમ, વચનામૃતનાં ગહન રહસ્યો ગુણાતીતાનંદ સ્વામીને હસ્તામલકવત્ હતાં.

3

ઉપાસનાના ઉદ્‌ગાતા : અક્ષરબ્રહ્મ

શ્રીજીમહારાજે વચનામૃતમાં ઉપાસનાને ખૂબ મહત્ત્વ આપ્યું છે. ઉપાસના એટલે ઇષ્ટદેવનો નિશ્ચય, આશરો અને સ્વરૂપનિષ્ઠા. આ ત્રણ મળીને ઉપાસના કહેવાય છે. તેમાં સર્વોપરી, સર્વકર્તા, સદા સાકાર અને પ્રગટ માનીને તે સ્વરૂપમાં દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિથી તદાત્મકપણું સાધે તે ઉપાસના. આવી ઉપાસના બ્રહ્મરૂપ થાય, ત્યારે સિદ્ધ થાય છે.[1]

મુમુક્ષુ પ્રગટ અક્ષરબ્રહ્મનો સંગ કરીને બ્રહ્મવિદ્યા ભણે છે. એટલે કે બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરે છે, તેનું તથા બ્રહ્મને જાણનારા બ્રહ્મવેત્તાનું ધ્યાન ન થાય, પરંતુ અક્ષરબ્રહ્મનું ધ્યાન પરબ્રહ્મની સાથે થાય છે. આ સિદ્ધાંત શ્રીહરિએ વર.૫માં જણાવ્યો છે. તેમ કરવાથી સો જન્મની કસર ટળે છે.

ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામી જાગા ભક્તને કહ્યું કે 'મેં બસેં છોકરાઓને બ્રહ્મવિદ્યા ભણાવી છે.' ત્યારે જાગા સ્વામીએ પૂછ્યું : 'સ્વામી !

---

૧. અ.નિ. સદ્‌ગુરુ સંતવલ્લભદાસ સ્વામી શાસ્ત્રોના અને વચનામૃતના ઊંડા અભ્યાસી હતા. તેઓ ઉપાસનાનો અર્થ આ રીતે કરતા : પહેલો નિશ્ચય થાય, પછી આશરો કરે, પછી તેની સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય અને તેનું સેવન-પ્રસંગ કરે, ત્યારે તે રગરગમાં ઊતરી જાય, તેને ઉપાસના દૃઢ થઈ કહેવાય. જેમ કે લીમડો રોગ મટાડે છે એ નિશ્ચય થાય પછી તેનું શરણું લે. આશ્રય કરે અને તેનું સેવન કરે ત્યારે રોગ મટે. નિશ્ચય, આશરો ને સ્વરૂપનિષ્ઠા ત્રણ મળે ત્યારે ઉપાસના થઈ કહેવાય. વચનામૃતનું અધ્યયન કરતાં માલૂમ પડે છે કે શ્રીહરિએ ઉપાસના પર ખૂબ ભાર મૂક્યો છે. પરબ્રહ્મની ઉપાસના બ્રહ્મરૂપ થાય છે, તેને જ વરે છે.

તે ઓળખાય કેમ ?' ત્યારે સ્વામીએ કહ્યું કે 'જેને એકાંતિક સંતમાં વગર કર્યું સહેજે હેત થઈ જાય તે બ્રહ્મવિદ્યા માંહેનો છે તેમ જાણવું. આ બસોમાંનો એક એક બીજા બસોને બ્રહ્મવિદ્યા ભણાવે. (યો.વા. : ૨૫/૮૩)

અહીં શ્રીહરિનાં વચનોનો મર્મ ગુણાતીત સત્પુરુષોના મુખે જોઈશું.

શ્રીહરિનું સર્વોપરિપણું

શ્રીમુખ-વચન:

શ્રીહરિએ વચનામૃત ગ.મ.૯, ૧૩, ૧૪, ગ.અં.૩૮ વગેરેમાં પોતાનું સર્વોપરીપણાનું ગાન કર્યું છે. જેમ કે –

ગ.મ.૯માં શ્રીહરિ કહે છે: 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'...માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.' આ ગ.મ.૯ તો સ્વયં શુકમુનિએ લખ્યું છે અને શોધ્યું છે. છતાં પણ ગુણાતીતાનંદ સ્વામીના મુખે સાંભળ્યું ત્યારે તેમને સમજાયું !

વચનામૃત ગ.મ.૧૩માં શ્રીહરિ કહે છે: ''એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ; અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ... અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે... **આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે,** પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી...

''અને, 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે,' એમ જાણજો... અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો

અંત થાય ત્યાં સુધી પણ દિન-દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો... અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે... અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે.''

શ્રીહરિએ બીજે દિવસે પણ પોતાના આ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. તે વચનામૃત છે – ગ.મ.૧૪: નિર્વિકલ્પ સમાધિનું.

શ્રીહરિ કહે છે: ''જેણે ભગવાનનું સ્વરૂપ જેવું કાલે અમે કહ્યું તેવું યથાર્થ જાણ્યું હોય ને તેમાં કોઈ જાતનું ઉત્થાન રહ્યું ન હોય; જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એક વાર જાણી લીધું છે, પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થતો નથી જે, 'લીંબડો હશે કે નહીં હોય ?' એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહીં, એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ.

''અને એવું જે એ તદાત્મકપણું તે ભગવાનના એકાંતિક ભક્તના પ્રસંગે કરીને થાય છે... અને આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ એને મોટી બુદ્ધિવાળો જાણવો; અને આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય ને તેને જો ઝાઝી બુદ્ધિ હોય તો પણ તેને બુદ્ધિહીન જાણવો.''

શ્રીજીમહારાજ ગ.અં.૩૮માં કહે છે: 'એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.''

આ ઉપાસના સિદ્ધ કરે છે, તેને એકાંતિક ભક્ત કહેવાય છે.

શ્રીહરિ ગ.પ્ર.૨૧માં કહે છે: ‘એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે – એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે... અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે... આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી; એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.’

આ વચનામૃતમાં શ્રીહરિ અક્ષરની જે વાત કરી, તેને ‘અક્ષરધામ’ ‘અક્ષરબ્રહ્મ’ ‘બ્રહ્મ’ તરીકે ગ.પ્ર.૨૧, ૪૦, ૪૧, ૫૧, ૬૩, ૬૪, ૭૧, ૭૨, ૭૩, સારંગ.૫ વગેરે કુલ ૭૪ જેટલાં વચનામૃતમાં વર્ણવ્યા છે. જેમ કે –

‘બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.’ (ગ.મ.૩) ‘બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું.’ (ગ.પ્ર.૫૬)

ઉપરોક્ત શ્રીહરિ કથિત ઉપાસનાનાં વચનામૃતોનું નિરૂપણ કરીને ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિનું સર્વોપરીપણું ખૂબ પ્રવર્તાવ્યું છે. જેમ કે –

ગુરુમુખ-મર્મ:

શુદ્ધ સ્વરૂપનિષ્ઠા રાખવી, નીકર વાંધો ભાંગશે નહીં. (સ્વા.વા. : ૬/૭)

સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે ને સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે. તે સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા, એક તો એ સમજવાનું છે. ને બીજું ભગવાનનું સ્વરૂપ સર્વ પ્રકારે નિર્દોષ સમજવું...

એમ સમજીને પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી, એ કરવાનું છે. ને ઉપાસનાની વિક્તિ જે, જેવા મહારાજને સમજે તેવો પોતે થાય.

તે મહારાજે વચનામૃત(ગ.મ.૬૭)માં કહ્યું છે જે, 'જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે.' માટે ઉપાસના ચોખ્ખી સમજવી એ મુખ્ય સાધન છે. (સ્વા.વા. : ૨/૨)

અનંત અવતાર થયા ને આપણને તો મહારાજ પુરુષોત્તમ મળ્યા છે ને બીજા અવતાર જેવા તો આ સત્સંગમાં ઘણાક છે. એવો સત્સંગનો મહિમા સમજીને દૃઢ ઉપાસના કરવી. (સ્વા.વા. : ૬/૮)

આપણા સત્સંગમાં ઘણાને ઉપાસના કરાવે તેની મોટાઈ છે. તે ઉપર વાત કરી જે, પરવતભાઈને રામાનંદ સ્વામી છતાં મહારાજનાં દર્શનથી જ સર્વોપરી નિશ્ચય થઈ ગયો ને બીજાને ઉપાસનાનું ઠેકાણું નહોતું; તે કેટલાક ભગવાનની મૂર્તિમાં માયા સમજતા હતા, ને કેટલાક શ્રીકૃષ્ણ ને બીજા અવતાર સરખા સમજતા હતા, ને કેટલાક શ્રીકૃષ્ણને સર્વોપરી સમજતા હતા ને મહારાજની વાત તો થાતી જ નહીં, તેથી બરાબર સમજતા નહીં. શુક, નારદના અવતાર જેવા સમજતા હતા. ગોપાળાનંદ સ્વામીને મહારાજનાં દર્શનથી જ સર્વોપરી નિશ્ચય થયો. પછી માંગરોળમાં સ્વરૂપાનંદ સ્વામીને શ્રીકૃષ્ણરૂપ દેખાણા ને પછી અક્ષરધામની સમાધિ કરાવી, તેથી પુરુષોત્તમપણાનો નિશ્ચય તેમને થયો. ને મુક્તાનંદ સ્વામીને અઠ્યાવીસ વરસે મહારાજે બહુ વાતું કરીને નિશ્ચય કરાવ્યો... મુક્તાનંદ સ્વામીને દેહ મૂકવાને આડો એક મહિનો રહ્યો. ત્યારે કહ્યું જે, હવે મારે આત્મામાં અખંડ મૂર્તિ દેખાય છે ને મહારાજને સર્વોપરી જાણ્યા તે પહેલાં આટલું સમજાણું નહોતું... (સ્વા.વા. : ૫/૬૯)

શ્રીહરિનાં વચનામૃતોમાં અવતાર અને અવતારી શબ્દ તેમજ સર્વોપરી સર્વના કારણ વગેરે શબ્દો સાંભળીને તેનો ભેદ સમજવા માટે ભક્તો ગુણાતીતાનંદ સ્વામીને નિધડકપણે પૂછતા. તેવા જ એક ભક્તે સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે 'અવતાર અવતારીનો ભેદ કેમ સમજવો ?' ત્યારે એક જણે કહ્યું જે, 'ભવાયો ને વેષ.' ત્યારે પોતે (સ્વામીએ) કહ્યું કે, 'અવતાર અવતારીનો ભેદ એમ નહીં. રાજા ને રાજાનો ઉમરાવ, તીર ને તીરનો નાખનારો ને તારા ને ચંદ્રમા, એમ ભેદ જાણવો.' (સ્વા.વા. : ૬/૩૩)

સ્વામીએ કહેલાં આ દૃષ્ટાંતો કેટલા માર્મિક છે! રાજાથી થાય તે ઉમરાવથી ન થાય. તે જ રીતે તીર જડ છે, પરંતુ તેને ફેંકનાર ચૈતન્ય છે. ગગનમાં અબજો તારા ભેગા થાય, તોપણ ચંદ્રના પ્રકાશની તુલનામાં ન આવે. તેમ અવતારમાત્રની ભૂમિકા ઉપર કહેલ દૃષ્ટાંતથી સ્વામીએ સ્પષ્ટ કરી દીધી છે. આ જ અનુસંધાનમાં એક બીજી વાત જોઈએ –

એક વાર વરતાલમાં આચાર્ય બે ભેગા થયા ત્યારે પુરુષોત્તમપણાનો વિવાદ થયો. ત્યારે સ્વામી કહે : 'મેં કહ્યું જે, ખજીનો કેને દેખાડ્યો છે? ઘણું બીજા સાથે હેત હોય તેને પણ દેખાડ્યો છે ? નથી દેખાડ્યો અને અમને તો સ્વામિનારાયણે કાનમાં મંત્ર મૂક્યો છે જે, અમે તો સર્વોપરી ભગવાન છીએ. માટે તેને બીજા અવતાર જેવા કેમ કહીએ?' પછી તો રાજી થઈને ઊઠી નીકળ્યા. (સ્વા.વા. : ૬/૩૫)

અહીં સ્વામીશ્રી શ્રીહરિ સાથેના તાદાત્મ્યને ગર્ભિત રીતે જણાવી દે છે. અને અક્ષરધામનો ખજાનો શ્રીહરિએ તેમને સોંપ્યો છે, તે પણ ખ્યાલ આવે છે. જો સ્વામીએ સ્વામીની વાતોમાં શ્રીહરિના સર્વોપરીપણાની વાતો ન કરી હોત તો આજે પણ સૌ શ્રીહરિને અવતારો જેવા જ સમજતા હોત!

શ્રીમુખ-વચનઃ

'રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું. અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદાને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું; પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં. એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.' (ગ.પ્ર.૫)

ગુરુમુખ-મર્મઃ

યોગીજી મહારાજ આ વચનામૃતનો મર્મ સમજાવતા કે –

'રાધિકાએ સહિત ધ્યાન કરવું' તેમાં ભક્ત આવ્યા કે નહીં! આખો સત્સંગ વાંચે છે. કોઈએ 'મહારાજના ઉત્તમ ભક્ત કોણ?' તે પૂછ્યું નહીં. નહીં તો મહારાજ બતાવત. સર્વોપરીની ગેડ નો'તી બેસતી તો ભક્તની વાત ક્યાંથી બેસત? મહારાજે ખોરડા ઉપર બીજ બતાવી. જે ન સમજે તે ખોરડું પકડે, પણ બીજ ન પકડે. બીજ તો આકાશમાં છે. અક્ષરે સહિત પુરુષોત્તમના ધ્યાનની વાત આમાં છે, પણ રાધાકૃષ્ણનું નિશાન બતાવ્યું છે. ભક્તે સહિત

ભગવાનની ઉપાસનાની વાત છે.'

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિનું સ્વરૂપ યથાર્થરૂપે સમજાવ્યું છે.

એકાંતિકપણું, બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવનાર અક્ષરબ્રહ્મ

શ્રીમુખ-વચન:

'પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે, તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. એ સિદ્ધદશાનું લક્ષણ છે.' (કારિ. ૭)

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી આ વચનામૃતનું રહસ્ય જણાવતાં કહે છે : નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે, ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે, અને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહ્યું છે, ને તે વિના તો દેખાય છે તોપણ ન્યૂન છે... ને 'એક ભગવાન ભાસે' એમ કહ્યું છે તે પણ નિર્વિકલ્પ નિશ્ચય રૂપે ભાસે. (સ્વા.વા. : ૧/૩૦૮) શ્રીહરિ કથિત સિદ્ધદશાનો આટલો માર્મિક અર્થ અક્ષરબ્રહ્મ સિવાય કોઈ તારવી શકે નહીં.

બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની સાત ભૂમિકા

શ્રીમુખ-વચન:

"જેને એવી રીતનો વિકલ્પ ન હોય ને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ." (ગ.પ્ર.૪૦)

ગુરુમુખ-મર્મ:

ગ.પ્ર.૪૦ પર ભગતજીએ અદ્‌ભુત મર્મબોધ આપ્યો. તેમણે કહ્યું : 'આ સત્પુરુષ એ જ મારો આત્મા છે, તે જ મારું સ્વરૂપ છે એમ સમજી, પોતાનો ભાવ ભૂલી, સત્પુરુષનો ભાવ પોતાને વિષે લાવીને, સર્વ ક્રિયાને જ્યારે એ કરે છે, ત્યારે જેમ ઇયળ-ભમરીના સંબંધે કરીને ભમરી થઈ જાય છે, એમ એ મુક્ત પણ, સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે. માટે સત્પુરુષના સંબંધે કરીને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને

વિષે જ નિમગ્ન રહેતો હોય, તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ. એવાને તો બીજું કાંઈ દૃષ્ટિમાં આવતું જ નથી.' (પ્રા.ભ.જી.ચ. : ૩૩૫)

યોગીજી મહારાજ આ વચનામૃત ઉપર કહે છે: અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ. માટે આપણે સર્વેએ નિર્વિકલ્પ સમાધિવાળા થવાનો આગ્રહ રાખવો. પણ અક્ષરબ્રહ્મને ઓળખતો ન હોય તો સાધર્મ્યપણાને શી રીતે પામે? માટે ભગવાનનું સ્વરૂપ અક્ષરબ્રહ્મ તેને ઓળખી તેમાં સર્વ પ્રકારે ચિત્તની વૃત્તિ ચોંટાડી દેવી. આવો સિદ્ધાંત સિદ્ધ થશે ત્યારે ખરેખરું સુખ આવશે. આનંદના ઓઘ વળશે. અખંડ અહોહોપણું રહેશે. શાંતિ શાંતિ થઈ જશે.' (યો.વા. : ૨૪/૭)

સાધારણ અને એકાંતિકમાં ભેદ

શ્રીમુખ-વચન:

બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એવી અસાધારણ ભક્તિ શે ઉપાયે કરીને આવે?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મોટાપુરુષની સેવા થકી આવે છે. તે મોટાપુરુષ પણ ચાર પ્રકારના છે : એક તો દીવા જેવા ને બીજા મશાલ જેવા ને ત્રીજા વીજળી જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય. ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય. ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય. અને વડવાનળ અગ્નિ જેવા હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો નથી અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાંખે છે તે પાણી મીઠું થાય છે, તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે; તેમ એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે. એવી રીતે એ ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. તે વીજળીના અગ્નિ જેવા તો સાધન-દશાવાળા ભગવાનના

એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે એમ જાણવું.' (વર.૩)

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી પાસે વરતાલનું ત્રીજું વચનામૃત વંચાયું.

હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વડવાનળ અગ્નિ જેવા સાધુ કેમ સમજવા?' ત્યારે સ્વામીએ કહ્યું જે, સત્સંગિજીવનમાં તેનાં લક્ષણ કહ્યાં છે જે, પુષ્પહારાય સર્પાયા[૨] એવું વર્તે, તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અરથ કર્યો છે તેવાં લક્ષણ હોય, તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે, લગાર આજ્ઞા લોપે નહીં એવા હોય... ભગવાનનો નિશ્ચય હોય ને આજ્ઞા પાળે એ મોટા છે; ને વડવાનળ અગ્નિ જેવા ન હોય તો આટલા બધા માણસને સત્સંગ કરાવે ને પોતે નિર્લેપ કેમ રહે? માટે આપણે મનાય એ કાંઈ મોટા નહીં. મહારાજની આજ્ઞા પ્રમાણે મોટાઈ સમજવી. (સ્વા.વા. : ૫/૧૪૨)

યોગીજી મહારાજ આ વચનામૃતમાં કહેલ સાધનદશાનો મર્મ જણાવતાં કહે છે: વીજળી જેવા સંતની સાધનદશા કહી. સાધનદશા શું ? એને આજ્ઞા પાળવી પડે. વડવાનળ જેવા સિદ્ધ છે તેની પાસે બેસીએ તો વૃત્તિઓ શાંત થઈ જાય. અમે સ્વામી શાસ્ત્રીજી મહારાજ પાસે બેસતા. અંતર ટાઢું થઈ જાય. શાંતિ થઈ જાય. (યો.વા. : ૧૨/૩૨)

મહારાજ કહે છે: એવી અસાધારણ ભક્તિ તો મોટા પુરુષની સેવા થકી આવે છે. 'મારી સેવા કરો' એમ કેમ ન કહ્યું? કારણ પોતાનો વંશ રાખનારા સંત છે. એટલે તેની ભક્તિ કરવા કહ્યું. અધમ, પાપી પોતાને શરણે આવે તેને શુદ્ધ કરે. એવા વડવાનલ સંત છે. તેની સેવા પોતાના ધર્મમાં રહી કરે. ખારાને મીઠા કરે તે વીજળી જેવાથી ન થાય. અક્ષરબ્રહ્મ ગુણાતીત પરમ એકાંતિક એક જ હોય તે સિદ્ધાંત. પરમ એકાંતિક પાપી-અધમને પોતાના ભાવને પમાડી દે. વીજળી જેવા સંસ્કાર લગાવે. (યો.વા. : ૧૭/૧૪)

---

૨. મૂળ શબ્દ 'સર્પાયન્તે પુષ્પહારા' એવો છે. (સત્સંગિજીવન : ૧/૩૬/૭૦).
અર્થ : ભગવાનના સાચા ભક્ત - સંતને મળયાગર ચંદનનો લેપ ઝેરના કાદવના લેપ જેવો લાગે છે. ફૂલના હાર તેને સર્પ જેવા લાગે છે. અલંકારો દૂષણરૂપ જણાય છે.

સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારનાં કર્મ છે. પ્રારબ્ધનો થર કોણ તોડાવે? સંત તોડાવે. પ્રથમનું (ગઢડા પ્રથમ પ્રકરણ) ૫૮મું વિચારવું. અતિશય મોટા – વડવાનલ જેવા ગુણાતીત સત્પુરુષ હોય તેને ગોતવા પડે. વીજળી જેવા સત્પુરુષ ઝબકારા કરતા હોય, પણ તેવાથી આ કામ ન થાય. (યો.વા. : ૧૨/૨૧)

આ જ વચનામૃત ઉપર યોગીજી મહારાજે એક નૂતન મનન રજૂ કર્યું છે. તેમણે કહ્યું : સમાગમ કરે તેમાં શ્રવણ છે તે દીવો છે. મનન છે તે મશાલ છે. નિદિધ્યાસન છે તે વીજળી છે. સાક્ષાત્કાર તે વડવાનળ છે. (યો.વા.: ૨૪/૩૪૭) અર્થાત્‌ દીવા જેવા છે તે શ્રવણ કરે છે, મશાલ જેવા છે તે શ્રવણ-મનન કરે છે, વીજળી જેવા છે તે શ્રવણ-મનન-નિદિધ્યાસ કરે છે. જ્યારે વડવાનળ જેવાને આ ત્રણ ઉપરાંત ભગવાનનો સાક્ષાત્કાર છે.

આ વચનામૃત ઉપરનો યોગીજી મહારાજે કહેલો મર્મ ખરેખર અદ્‌ભુત છે. જેને જ્ઞાનનો સાક્ષાત્કાર હોય તે જ આવો મર્મ જાણી શકે ને રજુ કરી શકે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ જેમ કુસંગી ને સત્સંગીમાં ભેદ છે, તેમ સાધારણમાં ને એકાંતિકમાં ભેદ છે... જે એકાંતિક હોય તે તો નિષ્કામ હોય, તે એક ભગવાનનું જ નિરૂપણ કર્યા કરે ને બીજો સકામ હોય, તે ભગવાન પાસે માગ્યા કરે. (સ્વા.વા. : ૧/૨૪૧)

ભગવાન અને સંતમાં નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ

શ્રીહરિએ નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવને ઉપાસનાનાં મહત્ત્વનાં અંગ તરીકે ગણાવ્યાં છે. ભગવાનમાં અને ભગવાનના ભક્તમાં બંનેમાં આ ભાવના દૃઢ કરવા આજ્ઞા આપી છે.

શ્રીમુખ-વચનઃ

શ્રીહરિ લો.૧૮માં કહે છે : 'ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય અને તે જ્યારે દેહ મૂકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે ? નથી રહેતા. એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે, તેને મૂકીને દિવ્યરૂપ થાય છે, બ્રહ્મરૂપ થાય છે.

માટે હરિના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય? અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પાડ્યા વિના છૂટકો નથી... અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ અમારી આજ્ઞા છે; તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.'

ગુરુમુખ-મર્મ:

મોટાને વિષે મનુષ્યભાવ નથી રહ્યો તેનો કેમ તપાસ કરવો ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'એની કોઈ ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે.' (સ્વા.વા.: ૧/૧૦૨) દિવ્યભાવ ને મનુષ્યભાવ એ બેને એક સમજે તે માયાને તરી રહ્યો છે, ને એ જ માયા છે તે જાણવી, ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે ત્યારે આનંદ થાય, ને રુએ ત્યારે મૂંઝવણ થાય. ને દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજે તેને કયું સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ નથી. (સ્વા.વા. : ૧/૨૧૪) દિવ્યભાવ મનુષ્યભાવ એક સમજે તો અવગુણ ન આવે. ભગવાન તથા એકાંતિક ઓળખ્યાથી બ્રહ્મરૂપ થાય છે ને એકાંતિક ઓળખ્યા પછી કાંઈ કરવું રહેતું નથી. (સ્વા.વા.: ૫/૩) દિવ્યભાવ ને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે. (સ્વા.વા.: ૫/૧૦૦) આ સાધુ અક્ષર છે. તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી. ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને આંહીં દેખાય છે. (સ્વા.વા. : ૫/૧૮૩)

આ દેખાય છે એ જ મૂર્તિ અક્ષરધામમાં છે એમ સમજવામાં કાચ્યપ એટલી કાચ્યપ છે; માટે દિવ્યભાવ મનુષ્યભાવ એક સમજવો એટલે થઈ રહ્યું. બીજું તો તેની પછવાડે આફૂડું સમજાશે. (સ્વા.વા. : ૫/૨૫૫)

દિવ્યને વિષે તો સંશય ન જ થાય પણ મનુષ્ય ચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિષે પણ દિવ્યભાવ જણાય ત્યારે ખરો ભક્ત કહેવાય. કાં જે, એ તો કર્તુમકર્તું ને અન્યથાકર્તું છે. એને ઉપર વળી શંકા શી? આમ સમજે ત્યારે ચોખી સ્વરૂપનિષ્ઠા કહેવાય, ને બીજી કસર હોય તો ટળે પણ આ ખામી ભાંગે નહીં. (સ્વા.વા. : ૬/૨૩૩)

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ દિવ્યભાવ શું? અને મનુષ્યભાવ શું? તે

ઉપર અદ્‌ભુત માર્મિક બોધ આપ્યો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તો આ વચનામૃતનો મર્મ તારવતા કહે છે –

મનુષ્યભાવ એટલે (પરમ એકાંતિક) સંત પોતે પંચ વર્તમાનમાં ફેર પાડે. બીજા ફેર પાડતા હોય તેને ટોકે નહીં અને રોકે પણ નહીં. કરવા દે. આ સંતનો મનુષ્યભાવ છે. પણ પોતે પંચ વર્તમાન, ધર્મ-નિયમ ચુસ્તપણે પાળે અને બીજાને પણ પળાવે, ને ફેર પડે તો પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે; તે બધું સંતનું દિવ્યપણું-દિવ્યભાવ છે. (યો.વા. : ૧૦/૧૧૩)

ભગવાનને ધારણ કરનાર મોટાપુરુષની કોઈ ક્રિયામાં મનુષ્યભાવ ન આવે એ દિવ્યભાવ. (યો.વા.: ૨૪/૫૨)

મોટાપુરુષની સર્વ ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ થયો તેને તો આત્મદર્શન થઈ ચૂક્યું જ છે. (યો.વા. : ૩/૫)

ભગવાનના ભક્તમાં અખંડ દિવ્યભાવ રહે એ બ્રહ્મસ્થિતિ છે. જેટલી સ્થિતિ છતી દેહે થઈ હશે, તેટલી જ દેહ મૂક્યા કેડે કામમાં આવશે. માટે છતી દેહે નિર્વાસનિક થવા માટે મંડી પડવું. (યો.વા. : ૧૫/૬)

દેહ મૂકીને જેને પામવું છે તે દેહ છતાં જ મળ્યા છે. આવો મહિમા સમજાય તો દિવ્યભાવ રહે. આવો ભક્ત છતી દેહે ભગવાનના ધામને પામી રહ્યો છે. (યો.વા. : ૧/૩)

ભગવાન કે ભગવાનના સંતને મન, કર્મ, વચને શુદ્ધભાવે કરીને સેવવા. તે શુદ્ધભાવ એટલે શું ? તો જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા અહીં વિરાજમાન છે, એવી રીતની ભાવનાએ સહિત સેવવા તે 'શુદ્ધભાવ' થયો કહેવાય... (યો.મ.જી.ચ. : ૧/૧૯)

ભગવાન કે સંત મળ્યા છે તેમાં દિવ્યભાવ લાવવો તે કલ્યાણનું જતન કહેવાય. તેમાં મનુષ્યભાવ આવે તે જતન ગયું... સ્વરૂપાનંદ સ્વામી અખંડ મૂર્તિ દેખતા તોપણ જ્યારે મહારાજે મંદવાડમાં મૂર્તિ ખેંચી લીધી ત્યારે મંદવાડનું અતિશય દુઃખ થયું. ગમે તેટલી મૂર્તિ દેખાતી હોય છતાં પ્રગટ હોય ત્યારે તેમનાં દર્શનની તાણ રહેવી જોઈએ... (યો.મ.જી.ચ. : ૧/૨૨)

એક જણને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવવી તે નિર્દોષબુદ્ધિ... જ્યાં સુધી નિર્દોષભાવ નથી થયો ત્યાં સુધી મોક્ષમાં અધૂરું... સત્સંગમાં દિવ્યભાવ, નિર્દોષબુદ્ધિ રહે, અભાવ-અવગુણ ન આવે તે પૂજન કર્યું કહેવાય... દિવ્યભાવ

સમજવો તેમાં સાધનમાત્ર – અષ્ટાંગયોગ, સાંખ્યવિચાર બધું આવી ગયું. (યો.વા. : ૨૭) આમ, દિવ્યભાવ-નિર્દોષબુદ્ધિનો મર્મ ગુરુમુખ સિવાય અન્ય થકી સમજાતો નથી.

દિવ્યભાવ એ જ શુદ્ધ સત્ત્વગુણ; મનુષ્યભાવનો લેશ નહીં

સારંગ.૯માં શ્રીહરિ કહે છે : 'શુદ્ધ સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં સત્યુગની પ્રવૃત્તિ હોય...' આ પર યોગીજી મહારાજ કહે છે : શુદ્ધ સત્ત્વગુણ એટલે ગુણાતીત. એ આવે એટલે કાંઈ બાકી રહ્યું ? દિવ્યભાવ એ જ શુદ્ધ સત્ત્વગુણ; મનુષ્યભાવનો લેશ નહીં. તે સંબંધ થયો. (યો.વા. : ૬/૨૩)

મહંત સ્વામી મહારાજ આ વિષય ઉપર મનન કરતાં કહે છે: આપણામાં ખામી-કચાશ હોય એટલે આપણને ભગવાનમાં મનુષ્યભાવ દેખાય. ઉપર ભગવાન છે એની વાત નથી, સાક્ષાત્ ભગવાનની વાત છે. તેમને મનુષ્ય ચરિત્ર કરવું ફરજિયાત છે અને આપણે તે મનુષ્ય ચરિત્રમાં દિવ્યભાવ રાખવો તે ફરજિયાત છે. દિવ્યભાવ એ અક્ષરધામની ચાવી છે. એ ચાવી બધા પાસે છે. (૮-૮-૧૭, લોસએન્જલસ)

જીવસત્તા-તદાશ્રિત-અનુભવજ્ઞાન એટલે શું?

ગ.પ્ર.૭૮માં શ્રીહરિ કહે છે : 'ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંતકોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ-દુ:ખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે... એવી અદ્ભુત સામર્થી છે, તો પણ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મને દર્શન આપે છે.' એવી રીતે માહાત્મ્ય સમજે તો જેવી પાસે રહ્યે મર્યાદા રહે છે, તેવી ને તેવી છેટે જાય તોય પણ રહે.'

શ્રીહરિના આ વચનમાં જ મનુષ્યરૂપ ધરીને વિચરતા નયનગોચર પરમાત્માનો પરિચય માહાત્મ્યજ્ઞાનપૂર્વક અપાયો છે. અષ્ટપ્રકારની પ્રતિમા કે અન્ય પરોક્ષરૂપ માટે શ્રીહરિ કહેતા નથી. આ વચનામૃતનો સાર યોગીજી મહારાજ પ્રગટ વિચરતા મહારાજ તરફ લક્ષિત કરે છે. શ્રીહરિ લો.૭માં 'જીવસત્તા-તદાશ્રિત અનુભવજ્ઞાન' શબ્દ વાપરે છે. તેનો મર્મ સમજાવતાં

યોગીજી મહારાજ કહે છેઃ મહિમા સમજતાં સમજતાં પ્રગટ મૂર્તિને વિષે દિવ્યભાવ થાય અને ધામની મૂર્તિ અને પ્રગટ મૂર્તિ એક થાય ત્યારે જીવ-તદાશ્રિત-અનુભવજ્ઞાન સિદ્ધ થયું ગણાય. (યો.વા. : ૨૪/૧૦૦)

અખંડ નિર્દોષબુદ્ધિ કેવી રીતે રહે?

વચનામૃત લો.૧૭ના સંદર્ભમાં યોગીજી મહારાજને જિજ્ઞાસુ ભક્તે પ્રશ્ન પૂછ્યો : 'પ્રથમ સારામાં સારો હોય ને કેટલાકને નિષ્ઠા કરાવતો હોય, તે ફરી જાય એ શું ?'

યોગીજી મહારાજે કહ્યું : 'એમાં થર આવી ગયો. સત્સંગ કરતાં કરતાં સાત થર આવે છે. મનુષ્યભાવનો થર, દિવ્યભાવનો થર, એકાંતિકપણાનો થર, એમ થર આવે. પહેલાં સત્સંગમાં આવે, દિવ્યભાવ રહે, અહોહો જણાય; પણ ઝાઝો વખત ભેગો રહે, વખત પાકે ક્રિયા જુએ, ત્યારે મનુષ્યભાવ આવી જાય. માટે, 'સંત દરેક ક્રિયામાં ગુણાતીતપણે વર્તે છે, એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા માટે જ બધું કરે છે, એમાં જોવા જેવું નથી' એમ વર્તાય, તો પછી અખંડ નિર્દોષબુદ્ધિ રહે.' (યો.વા. : ૨૫/૪૧)

પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર સાધનાનો સાર નિર્દોષબુદ્ધિથી ગુરુમાં જોડાવું તેને બતાવતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે મંદિરો બાંધ્યાં ને વિરાટ કાર્ય કર્યું. એમની બધી જ ક્રિયા નિર્ગુણ છે, દિવ્ય છે એમ સમજીને જોડાવું. મનનું ધાર્યું મૂકવા માટે આપણે આવ્યા છીએ. આજ્ઞા પળે એટલા બ્રહ્મરૂપ.'

એકાંતિકના જન્મ શા સારું થાય છે?

ગ.પ્ર.૭૧ના સંદર્ભમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : બીજાના જન્મ છે તે તો પોતપોતાની ખોટ મૂકવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા સારુ છે ને એકાંતિકના જન્મ છે તે તો અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજાવવા તે સારુ, આ પૃથ્વીને વિષે પધારે છે. (સ્વા.વા. : ૩/૪૧)

૪

સત્પુરુષ એટલે અક્ષરબ્રહ્મ

વચનામૃતમાં શ્રીહરિએ 'સત્પુરુષ'ના પર્યાયી શબ્દો એકાંતિક, એકાંતિક ભક્ત, પરમ એકાંતિક સંત, વડવાનળ જેવા મોટા પુરુષ, પરમ ભાગવત સંત, ભગવાન અખંડ નિવાસ કરી રહે એવા સાધુ, એકાંતિક ધર્મના ધારક, મોક્ષનું દ્વાર, સર્વ જગતના આધાર, ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય, ઉત્તમ લક્ષણવાળા સંત વગેરે પ્રયોજ્યા છે તે અક્ષરબ્રહ્મને ઇંગિત કરે છે. કારણ કે અક્ષરબ્રહ્મ પરબ્રહ્મના અતિ નિકટમાં રહેનાર છે. પરબ્રહ્મ શ્રીહરિનો હૃદગત અભિપ્રાય અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને તત્સ્વરૂપ ગુરુપરંપરા સિવાય કોઈ જાણી શકે નહીં. તે અનાદિ છે અને ચિરંજીવી છે.

આ વિષયક ગુણાતીત ગુરુપરંપરાના ગુરુવર્યો થકી વિશેષ સમજીએ.'

સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કેમ આવે?

શ્રીમુખ-વચન:

શ્રીજીમહારાજનો પ્રશ્ન: "કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે

તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે? એ પ્રશ્ન છે.'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે; અને જે એવો ન હોય તેમાં ન આવે.'

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ ઉત્તર તો ખરો, પણ આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.'' (ગ.પ્ર.૬૭)

આ વચનામૃતમાં સત્પુરુષના ગુણ પ્રાપ્ત કરવાની વાત શ્રીહરિએ કરી છે. સત્પુરુષના ગુણ અર્થાત્ બ્રાહ્મી સ્થિતિ. છતી દેહે આ સ્થિતિ ત્યારે જ પ્રાપ્ત થાય, જ્યારે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખાય, તેનો સંગ-પ્રસંગ કરે. અહીં જેમના ગુણ મુમુક્ષુએ પ્રાપ્ત કરવાના છે, તે સત્પુરુષની ઓળખાણ મહારાજ આપે છે. સ્વયં પોતે તો અવતારી પરબ્રહ્મ છે, પરંતુ યાવત્ ચંદ્રદિવાકરૌ પોતાનું પ્રાગટ્ય જે સત્પુરુષ દ્વારા ચાલુ રહેવાનું છે તેનું યથાર્થ શબ્દચિત્ર મહારાજે આપણી સમક્ષ મૂક્યું છે.

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃતના અનુસંધાનમાં સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કેમ આવે તે પર શ્રીહરિ કથિત વાક્યનો મર્મ કહેતા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'એવા ગુણ તો ન જ આવે; તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તોપણ મોટાના ગુણ તો આવે જ નહીં.' ત્યારે વળી હાથ જોડીને પૂછ્યું જે,

‘હે મહારાજ ! શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ?’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહીં, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહીં.’ (સ્વા.વા. : ૩/૩૪)

આ વચનામૃત પર યોગીજી મહારાજ કહે છેઃ મુક્તાનંદ સ્વામીએ ઉત્તર તો કર્યો પણ તેમાં ‘પરિતાપ’ શબ્દ ન આવ્યો.’ પરિતાપ’ છે એ બહુ જ મોટું સાધન છે. ‘ભગવાન ને ભગવાનના ભક્ત આગળ પોતે અત્યંત ન્યૂન છે’ એમ સમજીને, ભગવાન કે મોટાપુરુષના ગુણ ગાઈએ, તો સર્વે ગુણ આવે. પોતાને વિષે ન્યૂનતા, દાસત્વ અને મોટાપુરુષનો મહિમા, આટલાં વાનાં હોય તો ગુણ આવે જ.’ (યો.વા. : ૨૪/૪૬)

અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે

શ્રીહરિ પોતે જ પોતાના ધામરૂપ અક્ષરબ્રહ્મને પોતાની સાથે અક્ષરધામથી લાવ્યા છે. તેઓ અક્ષરબ્રહ્મના સ્વરૂપનો નિશ્ચય પરમહંસોને કરાવવા આ વાત જુદી રીતે રજૂ કરે છે. પોતાનો સિદ્ધાંત દૃઢાવવાની તેમની એક આગવી રીત હતી. શ્રીહરિએ પરમહંસોને પ્રશ્ન પૂછ્યો :

શ્રીમુખ-વચનઃ

‘ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય હોય અને ભજન કરતો હોય ને સત્સંગના નિયમ પ્રમાણે વર્તતો હોય અને તેનું કલ્યાણ થાય એ તો સત્સંગની રીતિ છે; પણ શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ?... પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે એવી રીતે પ્રતિપાદન કર્યું. તે સાંભળી શ્રીહરિ કહે : ‘અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ. પણ તેમાં તમને એક પ્રશ્ન પૂછીએ છીએ જે, નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રકટ મળ્યા તે કેડે બ્રહ્મપુર તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ એ આદિક જે ભગવાનનાં ધામ તે ધામને દેખવાની જેને લાલચ રહે ત્યારે એને નિશ્ચય છે કે નથી ?’

પછી મુનિ બોલ્યા જે, ‘ભગવાન મળ્યા પછી જેના મનમાં એમ રહેતું હોય જે, જ્યારે અક્ષરાદિક ધામ દેખીશું અથવા કોટિ કોટિ સૂર્યનો

પ્રકાશ દેખીશું ત્યારે આપણું કલ્યાણ થયું, એવી સમજણવાળાને તો યથાર્થ ભગવાનનો નિશ્ચય નથી.' આ સાંભળી શ્રીહરિએ કહ્યું : 'એણે બ્રહ્મપુરાદિક ધામને તથા બ્રહ્મસ્વરૂપને દેખ્યાની લાલચ રાખી એ તે શું એણે પાપ કર્યું જે નિશ્ચયની ના પાડો છો ?' ત્યારે સંતોએ કહ્યું : 'જેણે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને દર્શને કરીને કલ્યાણ માન્યું હોય તે બ્રહ્મપુર, ગોલોક આદિક જે ધામ છે તે પણ ભગવાનનાં જ છે, માટે તેની પણ અરુચિ શા સારુ રાખે ? પણ ભગવાન વિના એને ઇચ્છે નહીં.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તે ધામ ને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે ને માયાપર છે, માટે એમાં શું દૂષણ છે જે એને ઇચ્છે નહીં ? અને ભગવાન પૃથ્વી ઉપર પ્રકટ વિરાજતા હોય ને ત્યાં જે સેવક હોય તે પણ મરી જાય એવા હોય અને ઘર હોય તે પણ પડી જાય એવાં હોય, તે કેમ સમજો છો ?' પછી મુનિ બોલ્યા જે, 'એ ઘરને તો અમે બ્રહ્મપુરાદિક ધામ સમજીએ છીએ ને એ સેવકને તો અમે બ્રહ્મરૂપ સમજીએ છીએ.'

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બ્રહ્મપુર ને બ્રહ્મપુરને વિષે રહ્યા જે ભગવાનના પાર્ષદ તે તો અખંડ છે ને અવિનાશી છે, તેને મર્ત્યલોકનાં નાશવંત એવાં જે ઘર ને પાર્ષદ તે બે બરોબર કેમ કહો છો ?' પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! એનો ઉત્તર તો તમે કરો.'

આટલા વાર્તાલાપ પછી શ્રીહરિ પોતાનો હૃદ્ગત સિદ્ધાંત કહેવા લાગ્યા : 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહીં. અને જ્યારે કોઈક ભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે, ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટિ કોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે અને અનંત કોટિ જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે. માટે એ સર્વે ભગવાન ભેળું છે તોય પણ ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય, તેની જ સેવાને અંગીકાર કરે છે... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (ગ.પ્ર.૭૧)

શ્રીહરિએ અક્ષરના બે સ્વરૂપની વાત કરી છે – એક ધામરૂપે અને

બીજા સેવકરૂપે. અહીં શ્રીહરિ સેવકરૂપ અક્ષરબ્રહ્મને સાથે લઈને પધારે છે. ધામરૂપે તો અનંતકોટી મુક્તો સહિત શ્રીહરિને ધરી રહ્યા છે. અહીં જે પધારે છે, તે અક્ષર કોણ છે? તે વિશે સ્વયં શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને ધામરૂપે ઓળખાવ્યા છે. તે વાત સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. આ વચનામૃત પર સ્વયં ગુણાતીતાનંદ સ્વામી 'અક્ષરધામ'ની વાત કરતા કહે છે:

ગુરુમુખ-મર્મ:

પુરુષોત્તમ ભેળા અક્ષર મૂર્તિમાન આવ્યા છે પણ ઓળખાતા નથી. ને આ સભામાં કહીએ તો મનાય નહીં. માટે મોઢે કહેવાની રીત નથી ને તેના ભક્તના કહેવાથી નિશ્ચય થાય છે. (સ્વા.વા. : ૫/૩૨)

ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: 'ધામરૂપ અક્ષર એક જ છે ને બીજા અનંત કોટિ અક્ષર છે.' પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'ધામરૂપ અક્ષર મૂર્તિમાન છે તે શી રીતે છે?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મૂર્તિમાન આપણા જેવા જ છે ને ભગવાન જેવા જ કહેવાય ને ભગવાનથી કામ થાય તેટલું તેમનાથી થાય છે. પુરુષ, પ્રકૃતિ, અક્ષર સર્વેના એ ભગવાન છે ને એક પુરુષોત્તમના જ દાસ છે.'

ફરી પૂછ્યું જે, 'પુરુષોત્તમ આંહીં અવતાર ધરીને આવ્યા છે તે ભેળા ધામરૂપ અક્ષર આંહીં આવ્યા છે કે નહીં ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'પુરુષોત્તમ ભેળા આંહીં આવ્યા છે ને પુરુષોત્તમની આજ્ઞાએ કરીને અનેક જીવના કલ્યાણને અર્થે આંહીં જ રહ્યા છે.' ફરી પૂછ્યું જે, 'ધામરૂપ અક્ષર બીજા અક્ષરકોટિને લીન કરે તે શી રીતે છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'લીન કરવાને એ સમર્થ છે, તે લીન કરવા હોય તો કરે.' (સ્વા.વા. : ૫/૫૬)

'આજ તો પુરુષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે, તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. તે શા સારુ, તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા આંહીં આવ્યા છે... ને એકાંતિકના જન્મ છે તે તો અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજાવવા તે સારુ, આ પૃથ્વીને વિષે પધારે છે... અક્ષરધામનો મુક્ત હોય તેને આ વાત પચ પડે છે ને બીજાને તો ઊલટી થઈ જાય છે, પણ પચ પડતી નથી.' (સ્વા.વા. : ૩/૪૧)

ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. ને

મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહીં પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતાં મળ્યા છે, કાંઈ બાકી નથી; ને એમ ન સમજાય તેથી જીવમાં દુર્બળતા રહે છે, ને એમ સમજાય ત્યારે કોઈ દિવસ જીવમાં દુર્બળતા મનાય જ નહીં; ને જીવ બીજી રીતનો થઈ જાય છે. (સ્વા.વા.: ૧/૧)

'ભગવાન અક્ષરધામ ને મુક્તને લઈને આવ્યા છે, તે એવા ને એવા જ આવ્યા છે તેમાં ફેર ન સમજવો, ને મહિમા સમજાતો નથી તેથી જીવ દૂબળો રહે છે. (સ્વા.વા. : ૧/૧૩૧)

બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે, એ બે વાત પ્રથમના એકોતેરના વચનામૃતમાં કહી છે. (સ્વા.વા. : ૩/૩૮)

આ સાધુ અક્ષર છે. તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી. ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને આંહીં દેખાય છે. (સ્વા.વા.: ૫/૧૮૩) આ સાધુ તો ભગવાનની હજૂરના રહેનારા છે, પળમાત્ર છેટે રહે તેવા નથી ને એ રહ્યા છે તે કોઈ જીવના કલ્યાણને અર્થે રહ્યા છે. (સ્વા.વા.: ૫/૨૦) આમ, ગુણાતીતાનંદ સ્વામીએ ઘણી વાતોમાં પોતે મહારાજ સાથે અક્ષરધામથી અહીં પધાર્યા છે, તેવું સાક્ષીરૂપે ઉચ્ચર્યા છે.

એક વાર જૂનાગઢમાં કેશવજીવનદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે, 'પ્રાગજી ભગત વગેરે તમને 'મૂળ અક્ષર' કહે છે તે મને સમજાતું નથી ને હું વિશ્વાસી છું તે જેમ હોય તેમ કહો.' ત્યારે સ્વામી કહે : 'હું અક્ષર છું એમ તું જાણ ને બીજો અક્ષર હશે તો મારે ને તેને પંચાત્ય છે. તું મારો વિશ્વાસ રાખ્ય.' એમ બે-ત્રણ વખત કહ્યું. (સ્વા.વા.: ૫/૩૭૦)

સ્વામી પોતે મૂળ અક્ષર હતા, તો પોતાના શિષ્યોને એ નિષ્ઠા દૃઢ કરાવી દેતા. તેઓ કહેતા : 'ભગવાનનું તથા આ સાધુનું જેને જ્ઞાન થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી. તે તો આંહીં છે તોપણ અક્ષરધામમાં જ બેઠો છે. માટે પાંચ માળા વધુ ઓછી ફરશે તેની ચિંતા નથી, તે તો સામર્થી પ્રમાણે વર્તવું, પણ ભગવાન ને આ સાધુ બેને જ જીવમાં રાખવા. ને આ

બળે મોટાઈ નથી પણ ઉપાસનાના બળથી મોટાઈ છે.' (સ્વા.વા. : ૫/૨૧)

યોગીજી મહારાજ કહે છે : મહારાજ પોતાનું અક્ષરધામ, મુક્તો, ઐશ્વર્ય અને નિયમ-ધર્મ પોતાની સાથે લાવ્યા છે. તે અક્ષરધામે શું કામ કર્યું ? તો મૂળ અજ્ઞાન કાઢ્યું. મુક્તોએ આવી શું કામ કર્યું? તો પોતે નિર્વિઘ્ન રહ્યા ને બીજાને નિર્વિઘ્ન કર્યા. પોતે નિયમ પાળ્યા ને બીજાને પળાવ્યા. ઐશ્વર્યે શું કામ કર્યું ? તો જીવનાં કમળ ઊંધાં હતાં તે સીધાં કર્યાં. (યો.વા. : ૨૪/૨૨૮)

ગ.મ.૫૭માં કહ્યું છે કે 'ઉપદેશ કર્યા નિમિત્તે કાંઈ ઉપાધિ થાય,' એટલે શું? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉપદેશમાં શું ઉપાધિ થાય? પણ અનાદિ અક્ષરબ્રહ્મ જે ગુણાતીત સ્વામી તેમનું સ્વરૂપ ખુલ્લું કરવામાં ઉપાધિ થાય. એ મર્મ મહારાજે કર્યો છે. (યો.વા. : ૨૪/૯૪)

સત્પુરુષ જીવને પોતાનામાં નહીં, ભગવાનમાં જોડે છે

જીવ જોડવા માટે જે સંત બતાવ્યા છે, તેનાં લક્ષણ બતાવતાં તેઓ આજ્ઞાવચન ઉચ્ચારતાં કહે છે –

શ્રીમુખ-વચનઃ

'દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્-ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.' (ગ.અં.૩૮)

ગુરુમુખ-મર્મઃ

ભગતજી મહારાજ જ્ઞાનના સાક્ષાત્કારવાળા હતા. તેમણે કહ્યું : 'કેટલાકને એમ થાય છે કે સત્પુરુષમાં જોડાઈએ તો બાધ તો નહીં આવે ને! એમ કુતર્ક કરીને ચાળા ચૂંથ્યા કરે છે. પણ સત્પુરુષમાં જોડાશે તેને શું બાકી રહેવાનું છે? સત્પુરુષ તો તેને મહારાજમાં જ જોડશે.' (પ્રા.ભ.જી.ચ. : ૩૨૩)

ગુણાતીત સત્પુરુષ જીવને શુદ્ધ કરીને ભગવાનમાં જોડે છે, તેઓ મુમુક્ષુને પોતાનામાં કદી જોડતા નથી. કારણ કે ગ.પ્ર.૬૭ અનુસાર એ સત્પુરુષને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી. પોતાના સંગીને પણ એવી જ જાતનું હિત કરે જે 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' આવું સમજતા હોય,

તે કદી પોતામાં જોડે નહીં.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'ઇન્દ્રિયું-અંતઃકરણના ભાવથી મુકાઈને સાધુમાં જોડાવું ને સાધુ ભગવાનમાં જોડશે.' (સ્વા.વા. : ૧/૧૮૯)

'ભગવાનમાં જોડાણા હોય ને ભગવાનની આજ્ઞામાં રહેતા હોય ને ભગવાનની મરજીને જાણતા હોય એવા સાધુ સાથે પોતાના જીવને બાંધવો; તે થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા સહિત ઉપાસના એ સર્વે ગુણ પમાય, પણ તે વિના ક્યાંથી પમાય ? ને જેવા સાધુને સેવે તેવા ગુણ આવે.' (સ્વા.વા. : ૧/૭)

'સમાગમ કરવાની રીતિ કહી જે, 'પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો, પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે, પણ જીવ સારી પેઠે જોડે નહીં તો તેના ગુણ આવે નહીં; અને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી.' (સ્વા.વા. : ૨/૪૧)

પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી

શ્રીહરિએ વચનામૃતમાં બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના કરવાની વાત કરી છે. એટલે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવાનો સિદ્ધાંત શ્રીહરિ સ્થાપિત છે. જીવ પુરુષોત્તમરૂપ કદી થઈ શકતો નથી. કારણ કે પુરુષોત્તમરૂપ થાય તો સ્વામી-સેવકભાવ ક્યાં રહ્યો? શ્રીહરિ કહે છે:

શ્રીમુખ-વચન:

'એ બ્રહ્મ જે તે પ્રકૃતિ પુરુષ આદિક સર્વેના કારણ છે ને આધાર છે. ને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે... અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી...' (ગ.મ.૩)

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયેલા ખંભાતના હરિભક્ત જગુભાઈને સ્વામીએ કહ્યું: 'જગુભાઈ! આખો સત્સંગ શિક્ષાપત્રીનો શ્લોક निजात्मानं ब्रह्मरूपं બોલે છે, પણ એ બ્રહ્મ કોણ છે એ કોઈએ જાણ્યું ?

નિર્વિકલ્પ નિશ્ચયની માગણી સૌ કરે છે પણ નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય એ કોઈ સમજ્યા? અક્ષરબ્રહ્મ સાથે એકતા કર્યા સિવાય નિર્વિકલ્પ નિશ્ચય થાતો નથી અને ત્યાં સુધી મહારાજની સેવાના અધિકારી પણ થવાતું નથી. શ્રીજીમહારાજે તો અક્ષરબ્રહ્મ દ્વારા ગુણાતીત જ્ઞાનની શાળા જૂનાગઢમાં ખોલી છે. માટે જ્યાં ધામ છે ત્યાં ધામી છે, પણ ધામ વિના ધામી રહેતા નથી અને ધામી વિના ધામ રહી શકતું નથી.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી જગુભાઈએ કહ્યું : 'સ્વામી ! આપ કહો છો તે ખરું છે. મહારાજનું પુરુષોત્તમપણું તો આપે જ છતું કર્યું છે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''અમારો આવરદા તો જન્મોત્રીમાં ૫૮ વર્ષનો હતો. પરંતુ શ્રીજીમહારાજે પોતાની મૂર્તિનું સુખ અમ દ્વારા આ સોરઠ દેશના હરિભક્તોને આપવા પોતાનો આવરદા અમને આપ્યો છે. એટલે અમે મહારાજનું પુરુષોત્તમપણું પ્રવર્તાવતાં ડરતા નથી અને બીજા તો પોતપોતાની જ્ઞાનની ગાંસડીઓ પાછી લઈને ધામમાં ચાલ્યા ગયા. બધાએ બીક રાખી. અમે તો નીડર થઈને વાતો કરી તો આજે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સત્સંગમાં ઘણાને થઈ ગઈ. માટે અહીં તો કરોડ જન્મની કસર ટળે છે. શ્રીજીમહારાજ અમારા જમાન થયા છે અને વચન આપ્યું છે કે 'જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર અમે આ જન્મે કાઢી નાખીશું.' જેમ પારસથી પારસ થવાય છે, તેમ બ્રહ્મ થકી બ્રહ્મ થવાય છે. માટે બધી બીક છોડીને જે અહીં આવશે તેનું કામ પાકી જશે.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે અદ્‌ભુત વાતો કરી અને જગુભાઈને પોતાના અક્ષર સ્વરૂપના સંબંધનો મહિમા સમજાવ્યો. (ગુ.સ્વા.જી.ચ. : ભાગ-૧)

ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સત્પુરુષ

શ્રીમુખ-વચન:

'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય ? તો ઇન્દ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહીં; ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે; ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય; ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન

જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહીં. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી.' (ગ.અં.૨૬)

શ્રીહરિ ક્યાં પ્રગટ રહે છે, તેની ઓળખાણ સ્વયં આપી દીધી છે. તેઓ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણો વર્ણવે છે તે પૈકી એક પણ લક્ષણ મુક્તમાં સંભવતું નથી.

ગુરુમુખ-મર્મ:

'ભગવાન સંબંધી ક્રિયાને જ કરે.' આ લક્ષણનો અર્થ યોગીજી મહારાજે કર્યો કે જીવને માયામાંથી છોડાવી ભગવાનમાં જોડે. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણના ભાવથી મુકાવી બ્રહ્મરૂપ કરી, પરબ્રહ્મની ભક્તિનો અધિકારી કરે તે ભગવાન સંબંધી ક્રિયા આ ગુણાતીત સંતની વાત છે. (યો.વા.: ૨૪/૩૨૫)

સામાન્યતઃ ભગવાન સંબંધી ક્રિયા એટલે નવધા ભક્તિ. એવો અર્થ લોકો કરતા હોય છે. પરંતુ અહીં યોગીજી મહારાજ તેનો યથાર્થ મર્મ ઉચ્ચરે છે. જેમ ભગવાન જીવને માયાપાર કરે છે, તેમ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત પણ જીવને માયાપાર કરીને અક્ષરધામ પમાડે છે. આમ, જીવના કલ્યાણને અર્થે જે કંઈ ભગવાન કરે છે, તે સંત પણ કરી શકે છે.

શ્રીહરિનું પ્રાગટ્ય અક્ષરબ્રહ્મ દ્વારા

શ્રીમુખ-વચન:

'જેમ રાજા હોય ને તેની રાણી હોય, તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે; તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.' (ગ.મ.૨૨)

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજ કહેતા : આ વચનામૃતમાં મહારાજે કહ્યું કે 'જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે; તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.' એટલે કે જેવું રાજાનું ધાર્યું થાય

છે, તેવું જ આ સંતનું પણ ધાર્યું થાય છે.

કોઈ એમ કહે કે 'મુક્તનું પણ મહારાજ જેવું જ ધાર્યું થાય છે.' તો મહારાજ તેનો જવાબ લો.૧૩માં આપે છે. તેમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : 'મુક્ત અને નારાયણ તેને વિષે કેમ ભેદ સમજવો?'

મહારાજ કહે છે : 'જેમ ચંદ્રમા છે ને તારા છે તેમાં ભેદ છે કે નહીં ? જુઓ ને, પ્રકાશપણે કરીને સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે, અને સર્વ ઓષધિનું પોષણ તે પણ ચંદ્રમા વતે જ થાય પણ બીજે તારે ન થાય, અને રાત્રિનો અંધકાર તે પણ ચંદ્રમાએ કરીને ટળે પણ તારાએ કરીને ટળે નહીં; તેમ નારાયણ તથા મુક્તોમાં ભેદ છે. અને વળી જેમ રાજા ને રાજાના ચાકર તે મનુષ્ય જાતિએ કરીને સરખા છે પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે; અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહીં, સૂઝે એવડો મોટો હોય તો પણ ન થાય...'

આ વચનામૃતમાં મુક્તને શ્રીહરિએ ચાકર કહ્યા છે. મધ્ય ૨૨માં અક્ષરબ્રહ્મને રાણી કહ્યા છે. ભગવાન જેવી જ સામર્થિ તેમાં રહી છે.

વળી, વચનામૃત ગ.પ્ર.૧૮ 'અનાદિ મુક્ત' શબ્દ શ્રીહરિએ પોતાના માટે તથા ગ.પ્ર.૩૨માં નારદ-સનકાદિક માટે વાપર્યો છે. પ્રમુખસ્વામી મહારાજે આ વચનામૃત સમજાવતાં કહ્યું હતું કે મુક્ત એટલે જ કે તે પહેલાં માયાથી બંધાયો હતો, પછી છૂટ્યો એટલે કે 'મુક્ત' થયો. અનાદિકાળથી મુક્ત તો અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ બે જ છે. કારણ કે મહારાજે ગ.પ્ર.૭માં તેમજ અમ.૬માં પોતાને તથા અક્ષરબ્રહ્મને અનાદિ કહ્યા છે. જીવો-ઈશ્વરો તો માયાથી બદ્ધ છે. તે અક્ષરબ્રહ્મના સંગે માયાથી મુક્ત થાય છે, અનાદિકાળથી મુક્ત નથી. ગ.પ્ર.૭માં તથા ગ.અં.૧૦માં શ્રીહરિ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદને અનાદિ કહે છે. તે સિવાય છઠ્ઠો ભેદ નથી.

આ રહસ્ય અક્ષરબ્રહ્મ રૂપ સંત સિવાય કોણ સમજાવી શકે !

શ્રીમુખ-વચન:

'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઇન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું

જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.' (સારંગ.૭)

શ્રીહરિના ઉપરોક્ત કથન પાછળ બ્રહ્મ દ્વારા પોતાના અખંડ પ્રાગટ્યનો મર્મ પણ સમાયેલો છે ! આથી સત્પુરુષ કે પરમ એકાંતિક સંત તરીકે શ્રીહરિએ વચનામૃતમાં જ્યાં જ્યાં ઉલ્લેખ કર્યો છે, તેને અક્ષરબ્રહ્મ તરીકે ઓળખવા. તેમનો સંગ એટલે સત્સંગ. આ સત્સંગ ઘણા જન્મોનાં સત્કર્મોવાળાને જ સમજાય છે. શ્રીહરિનું આ કથન, દૃષ્ટાંત અને બોધ જીવભાવ ટાળી બ્રહ્મભાવ પામવા માટે ઉત્તમ કહેવાય છે.

ગુરુમુખ-મર્મ:

ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે : 'આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે તેને તો એક પગલું અક્ષરધામમાં છે ને જેને **આ સાધુ**ની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે.' (સ્વા.વા. : ૩/૨૬)

અર્થાત્ શ્રીહરિને ઓળખ્યા તે અધૂરો નિશ્ચય અને શ્રીહરિ સાથે તેમના ધામ ગુણાતીતને ઓળખ્યા તેનો પૂર્ણ નિશ્ચય કહેવાય, તે આ વાત પરથી સ્પષ્ટ થાય છે.પ્રમુખસ્વામી મહારાજ કહે છેઃ અહીં જે સંત બતાવ્યા છે, આ સંત એટલે જ અક્ષરબ્રહ્મ. કારણ કે શ્રીહરિએ ગ.પ્ર.૭૩માં કહ્યું : મનોમય ચક્રની જે ધારા તે તો ઇન્દ્રિયો છે, તે જ્યારે બ્રહ્મ અને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે બુદ્ધિયો થઈ જાય છે. એટલે કે જેના સમાગમથી વાસના ટળી જાય, મન-ઇન્દ્રિયો જિતાઈ જાય, તે બ્રહ્મ હોય અથવા પરબ્રહ્મ હોય. એવા નૈમિષારણ્ય ક્ષેત્ર જેવા સંતની પાસે જે કંઈ સાધના કરવામાં આવે તે અનંતગણી થાય છે.

શ્રીહરિનું સર્વોપરીપણું સમજવા માટે પણ ગુણાતીત સંત પાસે જવું પડે. ગુણાતીત સંતમાં શ્રીહરિ પ્રત્યક્ષપ્રમાણ અંગોઅંગમાં બિરાજમાન રહે છે.

શ્રીમુખ-વચન:

''પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે... અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને

પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (ગ.અં.૨)

ગુરુમુખ-મર્મ:

મહારાજે અહીં 'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ' 'સત્પુરુષ' શબ્દ વાપર્યા છે, તે અક્ષરબ્રહ્મને અનુલક્ષીને વાપર્યા છે. કારણ કે અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીહરિ આ પૃથ્વી ઉપર સદાય પ્રગટ રહે છે. તેનું રહસ્ય ખોલતાં ગુણાતીતાનંદ સ્વામી સ્વયં કહે છે : 'સત્પુરુષને સંબંધે કરીને જીવને સંસ્કાર થાય છે, તે એક જન્મે કે બે જન્મે પણ ભગવાનના ધામને પમાડે એવો પ્રગટનો પ્રતાપ છે. તેની વિક્તિ જે, એનું દર્શન થાય, એનો ગુણ લે, એનો પક્ષ લે, એ આગળ હાથ જોડે ને વળી સાધુ બહુ સારા છે એમ બોલે ને એને અન્ન-જળ આપે ઈત્યાદિક સંબંધ થાય; વળી, જે ઝાડ તળે બેસે, વળી, જે ઝાડનું ફળ જમે, વળી, જે ઢોરનું દૂધ-દહીં જમે, ઈત્યાદિક અનંત પ્રકારે જીવને સંબંધ થાય તો તે સર્વે ભગવાનના ધામને પામે. (સ્વા.વા.: ૧/૨૯૯)

યોગીજી મહારાજ આ ઉપર વિશેષ પ્રકાશ પાથરતાં કહે છે :

ગુણાતીત સત્પુરુષ એ જ ગુરુરૂપ હરિ છે. ગુરુમાં ભાવ બેસાડવો. દેહ મૂકીને પામવા હતા, તે દેહ છતાં મળ્યા છે. આવી ગેડ બેસે છે ? આવી આસ્થા બેસી જાય તો કેવો છક ! એવો આનંદ ! આનંદમાં ગુલતાન રહેવું જોઈએ. પ્રગટ સત્પુરુષ એ જ મોક્ષદાતા. અક્ષરધામમાં રહેવાવાળા. પ્રગટમાં પ્રતીતિ ન આવે તો રખડવું પડે. (યો.વા. : ૨/૨૫)

પુરુષોત્તમનું સાધર્મ્યપણું તો પમાતું જ નથી

શ્રીમુખ-વચન:

શ્રીહરિ ગ.પ્ર.૫૧માં કહે છેઃ 'અક્ષરની દષ્ટિએ કરીને જોઈએ તો મહાપુરુષાદિક સર્વે નથી એક અક્ષર જ છે. અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે... તે જ કૃપા કરીને જીવના

કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે ત્યારે જે જીવ **સંતનો સમાગમ** કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે, ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો; તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે, પણ માયિક એવાં જે ઇન્દ્રિયો, અંતઃકરણ તેણે કરીને નથી થતું.'

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજે આ વચનામૃત ઉપર નિરૂપણ કરતાં કહ્યું, 'ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે.' એટલે કે મન અમન થઈ જાય છે. આપણું મન સત્પુરુષ થયા. અક્ષરબ્રહ્મરૂપ સંતના સંગે જીવ અક્ષરરૂપ થયો. તેનાં મન-ઇન્દ્રિયો પુરુષોત્તમરૂપ એટલે કે ભગવાનમય થયાં, એટલે કારિયાણી ૭ મુજબ સ્થાવર-જંગમ જ્યાં જ્યાં તેની દૃષ્ટિ જાય ત્યાં એ ભગવાનને દેખે છે. આવી સ્થિતિ કરાવનાર એકાંતિક સંત છે એ મુદ્દો.' (યો.વા. : ૧૨/૬૧)

કારિ.૧ વચનામૃતમાં ઈયળ ભમરીનું ચિંતવન કરતાં ભમરીરૂપ થઈ જાય એ દૃષ્ટાંત દઈને શ્રીહરિ કહે છે : 'ભગવાનનો ભક્ત પણ એ ને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે.' આના પર શાસ્ત્રીજી મહારાજ વાત કરતા કહેતા : 'સત્પુરુષના પ્રસંગથી, અક્ષરનું સાધર્મ્યપણું પમાય છે અને ત્યારે ઇન્દ્રિયો, અંતઃકરણના ભાવ ટળી જાય છે અને પુરુષોત્તમનો નિશ્ચય થાય છે, પરંતુ પુરુષોત્તમનું સાધર્મ્યપણું તો પમાતું જ નથી. અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત અક્ષરધામને વિશે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે. તેમનાં ઇન્દ્રિયો, અંતઃકરણ ભગવાનને આકારે થાય છે. એટલે ભગવાનના ભાવને પામે છે. દિવ્ય થાય છે, એ ભાવ કારિયાણીના પહેલા વચનામૃતમાં છે. પણ ભગવાનરૂપ થતા નથી. ભગવાનને જેવા જાણે તેવો પોતે થાય છે. અને છતાં ગ.મ.૬૭ મુજબ ભગવાન તો અપાર ને અપાર જ રહે છે.' (શા.મ.જી.ચ. : ૨/૩૦૨)

વળી, કોઈક અજ્ઞાનવશ થઈને, 'જીવ પુરુષોત્તમરૂપ થાય છે', તેવી વાત ગ.પ્ર.૫૧નો આધાર લઈને કરતા હોય છે. પરંતુ શ્રીહરિ કથિત સિદ્ધાંત

અનુસાર જીવ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરે છે. પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ થઈ શકતી નથી. એટલે જ વેદરસમાં શ્રીહરિ કહે છે કે જે પોતાના આત્માને અક્ષર સાથે અભેદપણે માની પુરુષોત્તમને ભજે છે, તેને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે. અને જે પોતાના આત્માને પુરુષોત્તમ સાથે અભેદપણે માને છે, તેને ધિક્કાર છે, ધિક્કાર છે, ધિક્કાર છે.

હીરે કરીને જ હીરો વેંધાય એટલે શું?

(ગ.પ્ર.૫૧) ભગવાન થકી જ ભગવાનના સંત ઓળખાય છે. હીરા વતે હીરો વેંધાય એટલે કે ઓળખાય, નહીં તો ઓળખી ન શકે. બીજાં પાંચિકાં ઘણાં હોય તે હીરા જેવા લાગે, પણ તેની કિંમત કાંઈ ન હોય. કળથી, બળથી સૌ કરે, પણ હજારોનાં મન ભગવાન સિવાય આકર્ષણ થાય નહીં. આ સામાન્ય બાબત નથી. ભગવાન ને સંત જ કરી શકે... (યો.વા. : ૧૨/૬૧)

'જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે...' એ વાક્ય પર યોગીજી મહારાજ કહેતા, 'એ સંત અક્ષરબ્રહ્મ છે.' વળી, હીરા વડે હીરો વેંધવાની વાત આવી. તે સમજાવતાં યોગીજી મહારાજે કહ્યું : 'જ્યારે અંતરમાં સાક્ષીરૂપ ભગવાન છે, તેને પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનની પ્રતીતિ આવે ત્યારે હીરો વેંધાયો કહેવાય. સાક્ષી જ્યારે હા પાડે ત્યારે જ પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થાય. ત્યારે મુક્તપણાનું માન ટળી જાય. ત્યારે હરિનો વ્યાપ થાય. 'આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ...' (યો.વા. : ૨૪/૩)

આમ, ભગવાન સ્વામિનારાયણના મતે પ્રત્યક્ષ સ્વરૂપનો નિશ્ચય સર્વસિદ્ધિનું રહસ્ય બની રહે છે, જે ગુણાતીત ગુરુવર્યોએ સમજાવ્યું છે.

ભગવાનમાં પ્રીતિ કરાવનાર સત્પુરુષ

શ્રીમુખ-વચન:

શ્રીજીમહારાજ ગ.પ્ર.૪૪માં કહે છે : 'જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે. અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની

મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂડ્યનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે; એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું.'

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એવી દઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દઢ પ્રીતિ થવાનું કારણ છે.'' (ગ.પ્ર.૪૪)

પ્રમુખસ્વામી મહારાજ આ વચનામૃતનો મર્મ જણાવતાં કહે છે: 'મહારાજ સત્પુરુષના પ્રસંગથી ભગવાનમાં પ્રીતિ કરવા કહે છે. એ સત્પુરુષ અક્ષરબ્રહ્મ સ્વયં છે. તેઓ મહારાજની અતિ સમીપે રહે છે. તેમને મહારાજમાં દઢ જોડાણ છે. મહારાજ તેમનાથી અણુમાત્ર છેટે રહેતા નથી. વળી, બળબળતા ડામનું દૃષ્ટાંત અક્ષરબ્રહ્મ સિવાય કોઈનામાં ઘટતું નથી. તેમના પ્રસંગે શ્રીજીમહારાજમાં દઢ પ્રીતિ થાય છે. પ્રસંગ એટલે જ જોડાણ.'

આમ, શ્રીહરિના મતે અક્ષરબ્રહ્મરૂપ સત્પુરુષ જ ભગવાનમાં દઢ પ્રીતિવાળા છે અને જીવને ભગવાનમાં દઢ પ્રીતિ કરાવી શકે છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના સમાગમમાં આવનાર સૌને જીવભાવ ટાળી બ્રાહ્મીસ્થિતિ પમાડી હતી. તેઓ જ વાતોમાં કહે છે : 'આ સાધુ તો અનેક પ્રકારથી એને બ્રહ્મરૂપ કરી દે, તે એને ખબર પડે નહીં; જેમ અંગ્રેજનાં લોઢાં છે, તે એને ખબર પડે નહીં ને અડતામાં જ કાપી નાખે, એમ. (સ્વા.વા.: ૪/૪) આ સાધુ પાસે ભગવાન છે. તે જે એનો સંગ કરે તેને દિયે છે. (સ્વા.વા. : ૬/૨૦૦)

દેહને મૂકીને જેને મળવું હતું, જેને પામવું હતું ને બીજા ભક્ત પણ દેહને મૂકીને જેને પામ્યા છે તેને આપણે છતી દેહે જ પામ્યા છીએ. તેના તે જ ભગવાન ને તેના તે સાધુ છે. (સ્વા.વા. : ૪/૨૯)

આ સાધુ મનુષ્ય જેવા જણાય છે, પણ મનુષ્ય જેવા નથી ને આજ તો પ્રગટ ભગવાન છે, પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે; ને આ સમામાં જેને નહીં ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે. (સ્વા.વા. : ૪/૪૯)

ભગવાનના મળેલા એટલે અક્ષરબ્રહ્મ

શ્રીમુખ-વચન:

વર.૧૧માં શ્રીજીમહારાજ પ્રશ્ન પૂછે છે : 'બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય, તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહીં. અને જ્યારે એને મોટા પુરુષના સરખી સ્થિતિ થાય છે ત્યારે એ મોટા પુરુષ જેમ વર્તે છે તે સત્ય મનાય. અને જ્યાં સુધી એ સત્પુરુષનો મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિ પણ ન થાય. ને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા પણ ન જણાય માટે વિરોધ આવ્યો, તે વિરોધ ટળે તે ઉપાય કહો.'

આવો જટિલ પ્રશ્ન કોઈ ઉકેલી ન શક્યું. એટલે શ્રીહરિ જ તેને ઉત્તર કરતાં કહે છે: '...પૃથ્વીને વિષે જે ભગવાનના અવતાર તેને **મળેલા** જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહીં. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહીં. અને તેનાં વચન પણ સત્ય મનાય... માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.' (વર.૧૧)

શ્રીહરિની ઉત્તર કરવાની પ્રવીણતા અહીં જણાઈ આવે છે. તેઓ બધા સંતોને અહીં સત્પુરુષ તરીકે ઓળખાવતા નથી. 'ભગવાનને મળેલા સંત'ની વાત કરે છે.

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજ આ વચનામૃતનું રહસ્ય સમજાવતાં કહે છે : **'ભગવાનને મળેલા'** એટલે શું ? શ્રીજીમહારાજના મળેલા કોઈ સાધુ અત્યારે દેખાતા નથી. નંદ ક્યાં છે? તો અત્યારે કોનો આશ્રય કરવો? એકાત્મભાવને પામેલા, સાધર્મ્યપણાને પામેલા હોય તે મળેલા કહેવાય. ભેગા રહેતા હોય, તે મળેલા ન કહેવાય. મહારાજનો હૃદગત અભિપ્રાય જાણનારા અને પ્રવર્તાવનારા, ભગવાનની મરજી પ્રમાણે વર્તનારા, પ્રત્યક્ષ ધર્મ, પ્રત્યક્ષ

જ્ઞાન, પ્રત્યક્ષ વૈરાગ્ય અને પ્રત્યક્ષ ભક્તિ જેનામાં હોય તે મળેલા કહેવાય. માયિક પંચવિષયથી પાછા વળ્યા હોય, ને બીજાને પાછા વાળે તે મળેલા કહેવાય. એમના સાધર્મ્યને પામેલા હોય એ મળેલા. અભિપ્રાયને જાણનારા, એકાત્મ્યભાવને પામેલા. અભિપ્રાય એ પ્રવર્તાવે. એ ભગવાનને મળેલા કહેવાય. એમનો આશ્રય કરવો. તેની આજ્ઞામાં રહેવું. (યો.વા. : ૨૪/૨૦૯)

આમ, યોગીજી મહારાજે 'ભગવાનને મળેલા'ની અદ્‌ભુત વ્યાખ્યા કરી છે. આપણે અહીં વચનામૃતમાં જ્યાં જ્યાં શ્રીહરિએ 'મળેલા' વિશે કહ્યું હોય, તેવાં શ્રીમુખ વચન તેના પર ગુરુમુખ મર્મ અંગે જોઈએ –

યોગીજી મહારાજે વરતાલ પ્રકરણનું ૧૦મું વચનામૃત વંચાવ્યું તેમાં આવ્યું કે 'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી જીવનું કલ્યાણ થાય છે.' આમાં **'મળેલા સાધુ'**નો અર્થ કરતાં કહ્યું : 'મહારાજે ગઢડા અંત્ય ૨૭મા વચનામૃતમાં કહ્યું છે કે, 'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને **સાક્ષાત્ સંબંધ** હોય; માટે એવા સંતનાં વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.' અહીં 'સાક્ષાત્ સંબંધ' એટલે 'ભગવાનને મળેલા' સંત. અર્થાત્ પરમ એકાંતિક, ગુણાતીત સંત. (યો.વા. : ૨૪/૨૫૫)

મહારાજે પ્રથમના ૬૨માં કહ્યું છે કે 'ભાગવતમાં કહેલા ભગવાનના ૩૯ કલ્યાણકારી ગુણ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે. તે ભગવાનના સ્વરૂપમાં યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે.' એટલે કે એવા સંત ભગવાનને સાક્ષાત્ મળેલા કહેવાય. આમ મહારાજનાં વચને જે સંતને ભગવાન સાથે **સાક્ષાત્ સંબંધ** હોય એ મળેલા કહેવાય. આવો સાક્ષાત્ સંબંધ ગુણાતીત સંતને છે, બીજા કોઈને નથી. એટલે ગુણાતીત સિવાય બીજા મળેલા ન કહેવાય.' (યો.વા. : ૨૪/૨૫૬)

શ્રીમુખ-વચનઃ

વળી તે સંત ભગવાનને કેવા જાણે છે, તે વિષે શ્રીહરિ કહે છે : 'જે, ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા

જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે, અને એ સર્વને કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે... એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. માટે... જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે.'

આ વચનામૃત સંતને ભગવાન તુલ્ય પદવી આપે છે. બધા સંતોમાં ભાગવતકથિત કલ્યાણકારી ગુણ હોતા નથી. તે તો કેવળ પરમએકાંતિક ગુણાતીત સત્પુરુષમાં જ હોય છે. તેઓ ભગવાનને કાળ, કર્મ, સ્વભાવ, માયા અને પુરુષ જેવા જાણતા નથી. આ અંગે વિશેષ પ્રકાશ પાથરતાં યોગીજી મહારાજ જણાવે છે –

ગુરુમુખ-મર્મ:

કાળ, કર્મ, સ્વભાવ અને માયા જેવા ભગવાનને જાણ્યા ક્યારે કહેવાય ? તો કાળ છે તેની નાશ કરવાની શક્તિ છે. તે શક્તિ ભગવાને આપી છે. પણ જો એમ સમજે કે 'કાળ આવ્યો અને મોત થયું,' તો ભગવાનને કાળ જેવા જાણ્યા કહેવાય; પણ ભગવાનની ઇચ્છાએ કાળ આવ્યો અને મૃત્યુ થયું એમ સમજે, તો ભગવાનને કાળ જેવા જાણ્યા ન કહેવાય. કર્મ છે તે ઊંચ-નીચ ગતિને આપે છે. કોઈ એમ સમજે કે ઊંચ-નીચ કર્મે કરીને એ પ્રમાણે ગતિ થાય છે, તો ભગવાનને કર્મ જેવા જાણ્યા કહેવાય; પણ ભગવાનને કર્મફળપ્રદાતા જાણે તો કર્મથી ન્યારા જાણ્યા કહેવાય. મહારાજે મધ્ય ૪૫માં કહ્યું છે કે 'ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે અને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય છે; અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્યું હોય અને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય અને પરમપદને પામે.' એમ ભગવાનની ઇચ્છા આગળ એકલું કર્મ છે તે ઊંચ-નીચ ગતિ આપી શકતું નથી, એમ સમજે, પણ એકલા કર્મથી જ ઊંચ-નીચ ગતિ મળે છે એમ ન સમજે, તો ભગવાનને કર્મ જેવા જાણ્યા ન કહેવાય.

માયાનું કાર્ય પોતાનામાં લીન કરવાનું છે, તે જીવની અને ઈશ્વરની ઉપાધિ પ્રલયકાળે માયામાં લીન થઈ જાય છે, પણ ભગવાન માયામાં અન્વય રહ્યા થકા વ્યતિરેક રહે છે, પણ ભગવાનને એમ બીક નથી લાગતી કે 'રખે

હું માયામાં જાઉં અને અશુદ્ધ થઈ જાઉં!' એમ માયા લીન કરી શકતી નથી. ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે અને ચોવીસ તત્ત્વને વિષે આવે તો ચોવીસ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે. એમ જે સમજે તે ભક્ત ભગવાનને માયા જેવા નથી જાણતા. પણ જે ભક્ત ભગવાનની મૂર્તિને વિષે પણ પંચભૂતના દેહનું આરોપણ કરે છે, તે ભક્ત ભગવાનને માયા જેવા જાણે છે; પણ ભગવાનના સ્વરૂપમાં પંચભૂત છે જ નહીં, એમ નથી સમજી શકતા.

સ્વભાવ જેવા શું? ભગવાનમાં કર્તાપણું ન સમજે. જ્યારે ભગવાનને કર્તા થકા અકર્તા સમજે, ત્યારે ભગવાનને સ્વભાવ જેવા જાણ્યા ન કહેવાય. ભગવાનને તો કોઈ કાર્ય અડતું જ નથી, જડ અને ચૈતન્ય પ્રકૃતિનું કાર્ય અડતું જ નથી. તે તો સદાય ન્યારા છે, અને જડ અને ચૈતન્ય પ્રકૃતિના આધાર છે, પણ તે રૂપ નથી... જે ભક્તને ભગવાનનો સાક્ષાત્ સંબંધ થયો હોય અને અપરોક્ષ જ્ઞાન સિદ્ધ થયું હોય તેને જ આ કહ્યું તેમ સમજતાં આવડે; બીજો તો પ્રસંગે ભગવાનનું સ્વરૂપ સમજવામાં ગોથાં ખાઈ જાય. (યો.વા. : ૨૪/૪૧)

ખરેખર, ભગવાન મળ્યા હોય પણ જો આવા ભગવાનને મળેલા, ભગવાનના ગુણો પ્રાપ્ત કરેલા, ભગવાન સાથે સાક્ષાત્ સંબંધવાળા ગુણાતીત સંત ન મળ્યા હોય તો ભગવાનનો યથાર્થ નિશ્ચય થઈ શકતો નથી.

માયા ઉલ્લંઘી અક્ષરધામ પહોંચવાનો સુગમ માર્ગ

શ્રીહરિ જેત.૨માં કહે છે : 'માયા તરવાનો ઉપાય એ છે જે, જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે... પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું. તે શા સારુ જે, એને આવરણ ભેદ્યાની ગતિ છે.'

યોગીજી મહારાજ કહે છે : ભગવાનને મળેલા એટલે શું? એકાત્મભાવને પામેલા. બસ્સો વરસ પહેલાંના નંદ સંત અત્યારે કોઈ નથી. મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા. તેની હજારો પેઢીઓ હાલે તોય મળેલા કહેવાય. (યો.વા. : ૨૬/૪૪)

પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત, તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું. એટલે કે નિરંતર સત્પુરુષને પોતાનો આત્મા માની રટણ કર્યા કરવું. તો તેવી સ્થિતિ થઈ જાય. તેવી સ્થિતિ થયા વિના તો બ્રહ્મના ગુણ આવે જ નહીં. જેનામાં બ્રહ્મના ગુણ આવ્યા હોય, તેને તો પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે નાશવંત અને તુચ્છ જ મનાય. (યો.વા.: ૨૪/૪૪)

સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી તેનો મર્મ યોગીજી મહારાજ કહે છે: પ્રગટ સત્પુરુષને પોતાનો આત્મા માનવો. હાથમાં હાથ, પગમાં પગ એમ ધારવા. આપોપું કરવું. સબીજ આત્મા છે તે માનવો પણ નિર્બીજ જે આત્મા છે તેનું મનન કર્યે અક્ષરરૂપ નહીં થવાય. આખા સત્સંગમાં આ જ ખોટ છે કે ગુણાતીતને પોતાનો આત્મા નથી માનતા... (યો.વા.: ૩/૧૧)

સત્પુરુષ ભગવાનનાં ચરણારવિંદ છે

શ્રીમુખ-વચનઃ

'જે ભગવાનના ચરણારવિંદને વિશે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.' (ગ.અં.૭)

ગુરુમુખ-મર્મઃ

સત્પુરુષ એ જ ભગવાનના ચરણારવિંદ છે. તેમાં જે દઢ મન કરીને જોડાયેલો રહે તેને મરીને ધામમાં જવું તેમ નથી. ધામમાં જ બેઠો છે. પૂર્વના સંસ્કાર વગર ભગવાનનો સંબંધ થતો નથી. (યો.વા. : ૨૦/૩૦)

સત્પુરુષને વિષે પ્રીતિ એટલી જ વાસના બળી કહેવાય

'ઘણાને પૂછીએ તમે ભગવાનનાં દર્શન કર્યાં છે? તો કહે: અમારાં એવાં પુણ્ય ક્યાંથી કે દર્શન થાય? પણ સત્પુરુષમાં પ્રીતિ થઈ ને તેનાં દર્શન કરતો હોય, તો તે મહારાજનાં સાક્ષાત્ દર્શન છે. માટે કેફ રાખવો...' (યો.વા.: ૧/૨૪) સત્પુરુષના જેવી સ્થિતિ થાય તો સત્પુરુષનો મહિમા સમજાય. એ સ્થિતિ કઈ? નિર્દોષબુદ્ધિની. એ સ્થિતિ આપણે કરીએ તો નિર્દોષ થઈ જવાય. (યો.વા. : ૧૫/૯)

સ્વામીશ્રીએ પૂછ્યું : 'આત્મબુદ્ધિ શ્રેષ્ઠ કે પ્રીતિ શ્રેષ્ઠ?' તેનો ઉત્તર

આપતાં પોતે જ કહ્યું : ઘરનાં પાંચ માણસ ભેગાં રહેતાં હોય – આત્મબુદ્ધિ હોય, પણ જો બોલાચાલી થતી હોય તો અંતરાય પડી જાય; ને દૃઢ પ્રીતિ હોય તો અંતરાય ન પડે. માટે ગોપીઓના જેવી પ્રીતિ વધે. પ્રીતિ શું ? પ્રિયતમની મરજી લોપાય નહીં. (યો.વા. : ૨૪/૧૦૨) સત્પુરુષને વિષે પ્રીતિ એટલી જ વાસના બળી કહેવાય... ગાઢ પ્રીતિ એટલે એકતા. એવી એકતા સત્પુરુષને વિષે થાય, ત્યારે આત્મબુદ્ધિ અને પ્રીતિ સિદ્ધ થાય. (યો.વા. : ૩/૨)

મોટાપુરુષની સર્વ ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ થયો તેને તો આત્મદર્શન થઈ ચૂક્યું જ છે. અને એવી પ્રીતિવાળા પુરુષમાં સત્પુરુષના સર્વે ગુણ આવે ત્યારે જ સ્થિતિ થઈ ગણાય. (યો.વા. : ૩/૫)

ભગતજી મહારાજ કહેતા : કેટલાકને એમ થાય છે કે સત્પુરુષમાં જોડાઈએ તો બાધ તો નહીં આવે ને ? પણ સત્પુરુષમાં જોડાશે તેને શું બાકી રહેવાનું છે ? સત્પુરુષ તો તેને મહારાજમાં જ જોડશે... સત્પુરુષમાં જોડાઈ ભજન-ભક્તિ કરશે તેને જ છતે દેહે અક્ષરધામનું સુખ આવશે અને સાક્ષાત્ મહારાજનાં દર્શન થશે. (પ્રા.ભ.જી.ચ. : ૩૨૩)

જેટલો જીવ સાધુમાં બંધાણો છે તેટલો જ સત્સંગ છે. કારણ સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને વૃદ્ધિ પમાડી દે; એકાંતિક ધર્મની સ્થિતિ કરાવી દે; મૂર્તિમાં જોડી દે. અને કરવાનું પણ એ જ છે. (યો.વા. : ૧૯/૬)

ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે, પણ દૂધનું સુખ આવે નહીં, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત એ છે જે, આ બધોય સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે, જેમ ગાયના આંચળમાંથી દૂધ આવે છે તેમ. (સ્વા.વા. : ૩/૨૦)

ભગવાનમાં કે સંતમાં જોડાયા હોય, તેનાં કેવાં લક્ષણ હોય ? ભગવાનમાં જોડાયા હોય તેને ચિહ્ન-ચરિત્ર ને ચેષ્ટા કર્યાં વિના ન રહેવાય ને સંતમાં જોડાયા હોય તેને દર્શન સેવા ને વાતોમાં તૃપ્તિ થાય જ નહીં. જીવ જોડ્યો હોય તેને ગમે તેટલું અપમાન થાય પાછો ન પડે. ખરેખરો જો જીવ બાંધ્યો હોય તો કામાદિ દોષો પણ તેને પરાભવ કરી ન શકે. માન થાય, અપમાન થાય - લાગે નહીં. દેહભાવે જોડાયો હોય તો કુસંગ લાગી જાય. (યો.વા. : ૨૯/૩૯)

અમારો આત્મા એટલે અક્ષરબ્રહ્મ

શ્રીમુખ-વચનઃ

'આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો...' પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિશે પ્રીતિવાળા જે હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા અને એ સર્વેનાં અંતઃકરણ ને એ સર્વેનાં જીવ ને એમની જે ભગવાનને વિશે પ્રીતિ તે સર્વે જોયામાં આવ્યાં, પછી અમે અમારા આત્માને પણ તપાસી જોયો...' (ગ.મ.૫૬)

શ્રીહરિ અહીં 'અમારો આત્મા' 'અમારા આત્માને' શબ્દ ઉચ્ચારે છે.

ગુરુમુખ-મર્મઃ

યોગીજી મહારાજ કહે છેઃ અમારો આત્મા કોણ? ગુણાતીત. વળી 'અમારી કોરનું' એટલે ગુણાતીતની કોરનું અને 'અમારું અંતઃકરણ' એટલે ગુણાતીત. આમ, મહારાજ તો સાક્ષાત્ ભગવાન છે, પણ ભગવાનમાં અતિશય પ્રીતિ જેવી ગુણાતીતને છે તેવી કોઈને નથી. એમનો મહારાજને વિશ્વાસ છે. બાકી ગોપાળાનંદ સ્વામી આદિક મોટા મોટાનું પણ ઠેકાણું રહે નહીં, એમ કહી મહારાજ ગુણાતીતના જામીન થાય છે. (યો.વા.: ૨૪/૧૦૮)

વળી, આ વચનામૃતમાં મહારાજ કહે છે : 'અમારી કોરનું...' સ્વામીશ્રી કહે : 'એનો શો અર્થ?' એમ કહી જાતે કહેવા લાગ્યા : 'પોતે તો ભગવાન હતા. તેમાં શું બદલવાનું હતું. પણ 'અમારી કોર'નું એટલે અક્ષરબ્રહ્મ આવી જાય. બીજા પાંચસો પરમહંસોથી અક્ષરબ્રહ્મ જુદા. તેને કસુંબલ વસ્ત્રની જેમ રંગ બદલાય નહીં.' (યો.વા. : ૨૪/૨૩૭) પ્રથમ ૩૭માં વાત આવીઃ જેવા તે ભક્ત ભગવાનની સમીપે બિરાજે છે... તે ભક્ત કયા? અક્ષરબ્રહ્મ. સદા સાકાર એટલે – છે, છે ને છે જ. (યો.વા. : ૨૪/૮૭)

બ્રહ્મને ઓળખવા તે કુશાગ્રબુદ્ધિ

શ્રીમુખ-વચનઃ

ગ.પ્ર.૫૦ શ્રીજીમહારાજ કહે છેઃ 'જે કુશાગ્રબુદ્ધિવાળો છે, તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે... કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો

છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે.'

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજ કહે છે : આ વચનામૃતમાં મહારાજે કુશાગ્રબુદ્ધિવાળાને બ્રહ્મની પ્રાપ્તિ કહી. પુરુષોત્તમની પ્રાપ્તિ ન કહી. બ્રહ્મની પ્રાપ્તિ કહી. પોતે પુરુષોત્તમ છે; પણ બ્રહ્મને ગુણાતીતને ઓળખવા છે. બ્રહ્મ કેમ ઓળખાય? સંસ્કાર ને સંબંધથી. મહારાજ આ વાત કરે છે તે દી પ્રગટ બ્રહ્મ ગુણાતીત હતા જ. કલ્યાણનું જતન શું ? ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવવા દેવો એ જતન. મનુષ્યભાવ ન પરઠ્યો, તો ગુણાતીત સ્થિતિ જ છે. (યો.વા.: ૨૪/૧૯૮)

ગુણાતીત સત્પુરુષ એ જ ગુરુરૂપ હરિ

શ્રીમુખ-વચન:

વચનામૃત ગ.અં.૨માં શ્રીહરિ સંતોને પ્રશ્ન પૂછે છે, 'જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે તેને પણ દેખે છે, તો પણ આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી મટતું નથી. અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તો પણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોંટતું નથી, તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થતો નથી અને ધન, સ્ત્રીઆદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી. તેનું શું કારણ હશે ?'

આ પ્રશ્નના ઉત્તરમાં મુક્તાનંદ સ્વામીએ 'જીવના હૃદયમાં વૈરાગ્ય નથી.' એવું કહ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'વૈરાગ્યની ન્યૂનતા છે એ તો વાત સાચી; પણ અમને તો એમ ભાસે છે જે, જેને સત્સંગ થતાં થતાં જેવું અંગ બંધાય છે તેવું ને તેવું જ સદાય રહે છે પણ તે વિના બીજું થતું નથી... અને સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે, તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ તથા સાંખ્યવિચાર તથા શાસ્ત્રપઠન તથા તપ, ત્યાગ, યોગ, યજ્ઞ અને વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું... માટે અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે. માટે એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે તો પણ જેને જેમ છે તેમ સમજાતું નથી તેને અતિશય મંદ-બુદ્ધિવાળો જાણવો.

શા માટે જે, જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે.'

એમ કહીને શ્રીહરિએ પરોક્ષભાવમાં રાચતા સત્સંગીઓને પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન દઢાવવા સંકેત કર્યો. પછી કહ્યું, '...અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.'

વચનામૃતમાં શ્રીહરિ આગળ કહે છે : '...અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. અને આ વાર્તા જે કહી, તે જણાય છે તો જાડી જેવી, પણ એ તો અતિશય ઝીણી છે. તે જે એવી રીતે વર્તતો હોય તેને એમ સમજાય જે, 'એ વાર્તા અતિ ઝીણી છે,' ને બીજાને તો સમજ્યામાં પણ આવે નહીં; એવી અતિશય ઝીણી વાર્તા છે.'

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃતમાં 'ગુરુ એ જ પ્રગટ હરિ છે' એમ શ્રીહરિએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. તે ગુરુ એટલે જ અક્ષરબ્રહ્મ. ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છેઃ આ સાધુ છે તે ભગવાનનું ધામ છે, તેને દેહ છતે જ પામ્યા છીએ. (૪/૫૮) દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતાં મળ્યા છે. (૧/૧) વળી, યોગીજી મહારાજ 'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ'નો અર્થ આ રીતે કરતા : ગુણાતીત સત્પુરુષ એ જ ગુરુરૂપ હરિ છે. ગુરુમાં ભાવ બેસાડવો. દેહ મૂકીને પામવા હતા, તે દેહ છતાં મળ્યા છે. આવી ગેડ બેસે છે ? આવી આસ્થા બેસી જાય તો કેવો છક ! એવો આનંદ ! આનંદમાં ગુલતાન રહેવું જોઈએ.

૫

પ્રગટ અને પ્રાપ્તિ

સ્વામિનારાયણ સંપ્રદાય પ્રગટનો સંપ્રદાય કહેવાય છે. વચનામૃતમાં શ્રીહરિએ ભગવાન સંબંધી જે કંઈ વાતો કરી છે, તે પ્રગટને અનુલક્ષીને છે. પ્રગટ મળે અને ઓળખાય છે ત્યારે જ તેને પ્રાપ્તિ થઈ કહેવાય છે. પરોક્ષમાં પ્રાપ્તિ નથી. પ્રગટમાં પ્રતીતિ આવે પછી પૂર્ણકામપણું આપોઆપ મનાઈ જાય છે. પ્રતીતિ અને પૂર્ણકામપણાની વચ્ચેનું અંતર ખૂબ નજીવું છે. આ પ્રકરણમાં શ્રીહરિએ વચનામૃતમાં પ્રતીતિ અને પૂર્ણકામપણા વિશે જે કંઈ કહ્યું છે અને તેના ઉપર સારભૂત વિવરણ ગુણાતીત ગુરુવર્યોએ કર્યું છે, તે જોઈએ.

ભગવાન પ્રત્યક્ષ મળ્યા હોય તેનાં લક્ષણ શું ?

શ્રીમુખ-વચન:

'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.' (વર.૧૯)

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજ આ વચનામૃત પર વાત કરતા કહેતા : આમાં મહારાજે કહ્યું કે સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ. એટલી વાત કરી એટલે સૌ સાવધાન થઈ ગયા. ભગવાન તો પોતે હતા, પણ પરોક્ષપણે

મહારાજે વાત કરી તેનું કારણ એ છે કે આ જીવને જેટલી પરોક્ષને વિષે પ્રતીતિ છે એટલી પ્રત્યક્ષ વિષે નથી. પણ ભગવાન ને ભગવાનના સંત તો જરૂર પૃથ્વી ઉપર વિચરતા જ હોય છે, એમ મહારાજે કહ્યું કે એ તો પરોક્ષ થાય એવા નથી, પણ ઓળખાય નહીં... ભગવાન પ્રત્યક્ષ મળ્યા હોય તેનાં લક્ષણ શું ? કંકુનાં પગલાં પાડે?! ભીંત સોંસરા નીકળી જાય?! પડછાયો ન પડે?! એમ કહી પોતે જ સમજાવ્યું કે અંતરમાં શાંતિ કરી દીએ, ટાઢું કરે, ત્રિવિધ તાપ ટાળે, ત્યાં સમજવું કે પ્રગટ ભગવાન મળ્યા છે... પ્રગટ હોય તે સામું જોઈ રહેવું તે અંતર્દૃષ્ટિ. સંત તે ભગવાનની મૂર્તિ છે. તે દ્વારે ભગવાન પ્રગટ છે. પ્રગટ સામું જોવું ને આજ્ઞામાં રહેવું તે સાચું ધ્યાન છે. પ્રગટ મળ્યા પછી તેને ઓળખીને પ્રતીતિપૂર્વક તેમનામાં જીવ જોડી દેવો એ જ મોટી સાધના છે. (યો.વા. : ૨૩/૧૮)

શ્રીમુખ-વચન:

'જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે...' (ગ.પ્ર.૩૭)

ગુરુમુખ-મર્મ:

ભગવાન એટલે સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ અને ભક્ત એટલે અનાદિ ગુણાતીત. એ હંમેશાં પ્રગટ જ રહે છે. ભક્ત એ ગુણાતીત જ. બધે જ મહારાજે આ બતાવ્યું છે. પોતાની સાકારપણાની નિષ્ઠા હતી પણ ગુણાતીતની નહોતી, તે માટે વાત કરે છે. સમીપે એટલે શું ? મહારાજ જેવા અનાદિ અક્ષરમાં રહે છે એવા બીજા કોઈમાં રહેતા નથી. તેને લઈને બીજાને ભક્ત કહેવાય, મુક્તાનંદ સ્વામી વગેરેને. અનાદિ ગુણાતીતમાં મહારાજ રહેલા જ છે. અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. એનો વંશ જતો નથી. એનું દર્શન ભગવાનનાં દર્શન તુલ્ય છે. 'તુલ્ય' શબ્દ વાપર્યો, તેથી કાંઈ ભગવાન ન થઈ જાય. (યો.વા. : ૨૪/૨૧૫)

પતિવ્રતાની ભક્તિ એક શ્રીજીમહારાજ વિષે જ

શ્રીમુખ-વચન:

'જેને પોતાના ઈષ્ટદેવ કે ભગવાન તેને વિશે પતિવ્રતાના જેવી દૃઢ

ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિશે તેને હેત થાય જ નહીં.' (ગ.અં.૧૬)

આ ઉપર યોગીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો : પતિવ્રતાની ભક્તિ એટલે છતી દેહે જે સ્વરૂપ મળ્યું હોય તેની ટેક રાખવી કે કેમ સમજવું?

ગુરુમુખ-મર્મ:

સ્વામીશ્રીએ કહ્યું : આપણી પતિવ્રતાની ભક્તિ એક શ્રીજીમહારાજ વિષે જ છે. ગુણાતીત સત્પુરુષ તેમનું સ્વરૂપ છે. સાકરનું નારિયેળ હોય તેમાં ભાગત્યાગ રહેતો નથી તેમ ભગવાનના સ્વરૂપમાં ભાગત્યાગ સમજવો નહીં. ઇન્દ્રિયો, અંતઃકરણ બધું સંબંધે બ્રહ્મરૂપ થઈ જાય છે. મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી પરોક્ષ થતા જ નથી. જેમાં મહારાજનાં ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ હોય, તે સ્વરૂપમાં મહારાજ પ્રગટ હોય. તે જ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ કહેવાય. (યો.વા. : ૨૫/૨૬)

પાંચ ખાસડાં એટલે શું ?

શ્રીમુખ-વચન:

''જે સાધુ એમ સમજતો હોય જે, 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે; તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી... અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું... અને જેને આવી સમજણ તો આવી શકે નહીં, ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહીં... તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંત-સમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે.'' (સારંગ.૧૦)

ગુરુમુખ-મર્મ:

પ્રમુખસ્વામી મહારાજે સારંગ.૧૦ વચનામૃત સમજાવતાં કહ્યું : 'સાધુ

કંઈ ખાસડાં મારે? એ તો બધાને પગે લાગે. જોગી બાપા સૌને માથાના મુગટ માનતા. મહારાજ પાંચ ખાસડાંની વાત કરે છે, તો ખાસડાં શું? દેહાભિમાનનું ખંડન કરે એ પહેલું ખાસડું. પંચવિષય મુકાવે એ બીજું ખાસડું. સ્વભાવ-પ્રકૃતિ ને વાસનાનું ખંડન કરે એ ત્રીજું ખાસડું. દોષોનું ખંડન એ ચોથું ખાસડું અને મનનું મુકાવે, પ્રકૃતિ મરોડે એ પાંચમું ખાસડું. સૌને ગુણાતીત બ્રહ્મરૂપ કરવા છે તે આ ખાસડાં મારશે. જો તે સહન કરીને સંત-સમાગમમાં પડ્યો રહે તો છતી દેહે અક્ષરધામનું સુખ અનુભવાય... વચનરૂપી ખાસડાં જો ખમી લઈએ તો એમના જેવું સુખ આવે. સ્વભાવ ઉપર વાત કરે તે ખાસડાં કરતાં પણ વસમું લાગે... સાધુ જોડા ન મારે પણ વચનરૂપી વાત કરે. દેહ સામી તેને દૃષ્ટિ નથી. તેને જીવ સામી દૃષ્ટિ છે. પોતાની જેવી સાધુતા, નમ્રતા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ પોતાની પાસે છે તે આપવા છે. તે માટે વાતો કરે છે. દેહાભિમાન કાઢવા માટે જ કરે છે.' (તા. ૧૯-૪-૧૯૮૮, લંડન)

આમ, સ્વામીશ્રીએ પાંચ ખાંસડાની અદ્‌ભુત વ્યાખ્યા કરી. ખરેખર, વચનામૃતનું જ્ઞાન જેમને હસ્તામલક હોય તે જ આવો મર્મ તારવી શકે.

ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણ

શ્રીમુખ-વચન:

શ્રીજીમહારાજ સંતોની જાયગામાં જઈને ફક્ત સંતોને વાત કરતાં કહે છે : 'પરમેશ્વરને ભજવાની તો સર્વને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે... (એમ કહીને શ્રીજીમહારાજ તે સંતની ભગવાનના કર્તાપણાની દૃઢતાની વાત વિસ્તારથી કરે છે. પછી કહે છે:) ...એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે,' એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં...

'...એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં

માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે...' (ગ.પ્ર.૨૭)

ગુરુમુખ-મર્મ:

શાસ્ત્રીજી મહારાજ આ વચનામૃતના સંદર્ભમાં કહે છે : 'ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. એટલે હાથમાં હાથ, આંખમાં આંખ, કાનમાં કાન, મુખમાં મુખ આદિ સર્વ અંગમાં નિવાસ કરીને રહે છે. એવા સંત તો બ્રહ્માંડના આધારરૂપ છે. આ ભક્ત આવા સમર્થ હોવા છતાં પણ અન્ય જીવનાં માન-અપમાન સહન કરે છે તે એમની અતિશય મોટપ છે. કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં. માટે જરણા કરે તેને અતિ મોટા જાણવા.' (શા.મ.જી.ચ. : ૧/૧૧૨-૧૧૩)

'મને મળ્યા એવા'નો અર્થ શાસ્ત્રીજી મહારાજ કરતા કે 'મારામાં રહેલા એવા' પ્રગટ શ્રીહરિ સિવાય બીજો કોઈ આશ્ચર્યનો કરનારો નથી, એમ માને.

તેઓ એમ પણ કહેતા કે – શ્રીહરિ આ સંતને 'સર્વ જગતના આધાર' એવું વિશેષણ આપે છે. વળી, ગ.પ્ર.૬૩ અને ગ.મ.૩માં મહારાજે અનંતકોટિ બ્રહ્માંડોના આધાર અક્ષરબ્રહ્મ છે, એમ કહ્યું છે. એટલે કે અહીં સંત બતાવ્યા તે અક્ષરબ્રહ્મ સ્વયં છે. તે જ સર્વ જીવોના ઇન્દ્રિયોમાં ભગવાન તરફ ચાલવાનું સામર્થ્ય મૂકે છે. ખારા જીવને મીઠા કરે છે. આટલી સામર્થી હોવા છતાં પણ પોતાની સામર્થી છુપાવવાનું જ તેને તાન રહે છે. એટલે તુચ્છ જીવનાં માન, અપમાનને તે સહન કરે છે અને મનુષ્ય જેવા મનુષ્ય થઈને વર્તે છે એ જ એમની મોટપ છે.

યોગીજી મહારાજ કહે છે : બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિશે ચાલવાની

શક્તિને પોષણ કરે છે... સર્વ જીવના એટલે ? ભગવાનના સંબંધવાળા.

પોષણ એટલે ? પગ સેવા-ભક્તિમાં થાકે નહીં. લૂલા-લંગડાને શક્તિ આપી બેઠા કરે તેમ નહીં, પણ આપણા હાલતાં-ચાલતાંમાં શક્તિ મૂકી મંદિરે આવતા કરે... આંધળાને દેખતા કરે તેમ નહીં, પણ તેની ચક્ષુ-ઇન્દ્રિયમાં પ્રવેશ કરી ભગવાન ને સંતને જોવાની (પરખવાની) શક્તિ આપે... એવી દૃષ્ટિ કરે કે જીવ રૂપ જોવામાં આસક્ત હોય તે મટી જાય ને ભગવાન તરફ વળે... સર્વ જીવના એટલે ? ભગવાનના સંબંધવાળા.

સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન સાક્ષાત્ રહ્યા છે. મોટાને નાના કહી અપમાન કરે, તે સહન કરવું તે મોટપ. પાટ ઉપર બેસવું તે મોટપ નહીં; ખમવું તે જ મોટપ. એ જ ઐશ્વર્ય ને પ્રતાપ.

તુચ્છ જીવ એટલે સમજણ વગરના. એમ એ અપમાન કરે તે સહન કરવું. ક્ષમાવાળા, ખમવાવાળા તે જ મોટા છે. અતિ મોટપ જોઈતી હોય તો મહારાજે કહ્યું તે જ કરવું. (યો.વા. : ૨૪/૧૯૧)

અહીં યોગીજી મહારાજે શ્રીહરિનાં વચનોનો અદ્ભુત મર્મ તારવ્યો છે.

પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત જ કલ્યાણના દાતા

શ્રીમુખ-વચન:

‘જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં... માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.’ (ગ.મ.૨૧)

પ્રમુખસ્વામી મહારાજ પાસે સારંગપુર-૧ વચનામૃત વંચાયું. તેમાં વાત આવી : 'ભગવાનનું જે નિમિષમાત્રનું દર્શન તેની આગળ અનંતકોટિ

ગુરુમુખ-મર્મ:

શાસ્ત્રીજી મહારાજ આ વચનામૃતને સિદ્ધાંતનું વચનામૃત કહેતા. તેઓ કહે છે : 'આ વચનામૃતમાં કહ્યા પ્રમાણે શ્રીજીમહારાજ પોતે પ્રત્યક્ષ ભગવાન અને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યક્ષ સંત; તેમનું માહાત્મ્ય સમજી, મંદિરો કરી, એ બે સ્વરૂપોની પ્રતિષ્ઠા કરીએ તો જ કલ્યાણનો મુદ્દો હાથ આવ્યો કહેવાય. વળી, જેમ રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, સીતારામ – એમ ભક્ત સહિત જ ભગવાન પૂજાય છે; તે જ પ્રમાણે મહારાજે પણ ભક્ત જે અક્ષરબ્રહ્મ તે રૂપે થઈ પુરુષોત્તમની ઉપાસના કરવાની શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.' (શા.મ.જી.ચ. : ૧/૪૧૩-૪૧૪)

[illegible] શ્રીજીમહારાજ પોતે પ્રત્યક્ષ ભગવાન અને [illegible] [illegible] [illegible] [illegible] પત્રીમાં આજ્ઞા કરી છે.' (શા.મ.જી.ચ. : ૧/૪૧૩-૪૧૪)

દૃષ્ટિ પલટાવીને દર્શન કરવાં એટલે શું ?

[illegible] રામકૃષ્ણાદિક અવતાર અને એમના ભક્તો નારદ, સનકાદિક, ઉદ્ધવ, [illegible] વગેરેનો જેટલો મહિમા સમજાય છે, તેટલો જ મહિમા પ્રત્યક્ષ [illegible]

ગુરુમુખ-વચન:

'[illegible] મૂર્તિને [illegible] દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં; તેમ દર્શન તો મને [illegible] દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં, પણ જેમ બીજા દર્શન કરે છે તેમ ન કરવાં.' (સારંગ.૨)

દૃષ્ટિ પલટાવીને દર્શન કરવાં એટલે શું ?

ગુરુમુખ-મર્મ:

[illegible] 'દૃષ્ટિ પલટી' એટલે શું ? [illegible] 'લૌકિક દૃષ્ટિ' [illegible] મૂર્તિ સામે જોવું. [illegible] (યો.વા. [illegible]) [illegible] રવાં, પણ જેમ બીજાં [illegible]

પ્રમુખસ્વામી મહારાજ પાસે સારંગપુર-૧ વચનામૃત વંચાયું. તેમાં વાત આવી : 'ભગવાનનું જે નિમિષમાત્રનું દર્શન તેની આગળ અનંતકોટિ

યોગીજી મહારાજ કહે છે: 'દૃષ્ટિ પલટી' એટલે શું ? મનુષ્યભાવ રહે

બ્રહ્માંડના વિષય સુખને વારીફેરીને નાખી દેઈએ તો પણ તેના કોટિમાં ભાગની પાસંગમાં ન આવે...'

તે પર સ્વામીશ્રીને પૂછ્યું : 'આ વાંચીએ છીએ, જાણીએ છીએ છતાં આમાં કહ્યા પ્રમાણે મનાતું નથી, એનું શું કારણ ?'

સ્વામીશ્રી કહે : 'મનુષ્યાકારે દેખાય છે એટલે ન મનાય પણ દૃઢ જાણી રાખવું કે એમાં જ બધાં સુખ રહ્યા છે. એવું મનાઈ ગયું હોય તો વિષયના સુખ ખારાં થઈ જાય. બીજું જોવા જેવું રહે નહીં. બધું ફના કરી નાખે... અહીં જ અક્ષરધામની મૂર્તિ મળી છે. એ પાકું કરવું. એટલે તો મહારાજે આ મૂર્તિ ને એ મૂર્તિ એક કહી છે. સરખી કહી છે. આમાં બધું આવી ગયું – સુખમાત્ર. અંતર્દૃષ્ટિ કરે તો પાછી વૃત્તિ વળે. રોજ મહિમાનો વિચાર કરવો, વારંવાર કરવો. એમ કરતાં કરતાં પાકું થઈ જશે. મહિમા સમજાતો જશે.'

પ્રશ્ન પૂછ્યો : 'અક્ષરધામની મૂર્તિ તો દિવ્ય કહી છે, ને અહીં જે સ્વરૂપ મળ્યું છે તેમાં તો ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા – બધું જ દેખાય છે તો તેનું કેમ સમજવું ?'

સ્વામીશ્રી કહે : 'દેખાય છે છતાં નથી. અક્ષરધામમાં જે મૂર્તિ છે એ જ ભાવથી દર્શન-સમાગમ અહીં કરવાનું છે. અહીં દેખાય છે, તે નટની માયા જેવું જ છે. એમ સમજો તો જ દિવ્યભાવ રહે.' (તા. ૨૦-૬-૮૮, કેનેડા)

પ્રત્યક્ષમૂર્તિ ને માયિક આકારો વચ્ચે તફાવત

શ્રીમુખ-વચન:

'પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે... માયિક આકારના જોનારા અને ચિંતવન કરનારા અનંત કોટિ કલ્પ સુધી નરક-ચોરાસીને વિષે ભમે છે.' (ગ.મ.૪૯)

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃત પર યોગીજી મહારાજે વાત કરતાં કહ્યું : 'માયિક આકારનું ચિંતવન કર્યું તેમાં ભોગ મર્યા. માયિક આકાર એટલે ઈશ્વરકોટિ. કોઈ મુમુક્ષુ પ્રત્યક્ષ પુરુષોત્તમમાં જોડાયો હોય, પ્રસંગ હોય ને બીજે ઈશ્વરાદિકમાં માથાં મારતો હોય તેની વાત છે. પતિવ્રતાપણું ઓછું થઈ ગયું. આ તો ઉપાસનાની વાત છે. માયિક આકાર એટલે પર્વત-મકાનની વાત નથી. એ તો બધું જોઈએ

જ છીએ. એનાથી કાંઈ નરકમાં ન જાય. ચીભડાંના ચોરને ફાંસી ન મરાય. પણ રાજાના દીકરાને મારી નાખે તેને ફાંસી મળે. એકડિયા ભણતો હોય તેને મૅટ્રિકની પરીક્ષા ન સદે. મહારાજની સર્વોપરી ઉપાસનાની ગેડ બેસારવાની છે. મહારાજ સર્વોપરી, સર્વાવતારના અવતારી છે; તેમાં જોડાઈ જવું ને બીજે સાંધો ન રાખવો. એ સમજવાનું છે. (યો.વા.: ૨૪/૧૫૨)

આ વચનામૃત આપણે વાંચીએ ત્યારે એવું જ લાગે કે ભગવાન અને આ લોકના જીવપ્રાણીમાત્ર બંનેમાં ઘણો ફેર છે... પરંતુ યોગીજી મહારાજે તેની યથાર્થ સારભૂત સ્પષ્ટતા કરી દીધી. 'માયિક આકારમાત્ર' એટલે કે પ્રકૃતિપુરુષ સહિત માયામય સર્વ પ્રપંચ આવી ગયો. અનંતકોટિ બ્રહ્માંડોનો જે કંઈ પ્રપંચ છે, તે પ્રકૃતિપુરુષ સુધી વ્યાપેલો છે. માયાથી પર અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ બે જ તત્ત્વ છે. જ્યારે શ્રીહરિ પ્રગટ હોય, ત્યારે તેમનું ધ્યાન થાય. પરંતુ શ્રીહરિ સશરીર ન હોય ત્યારે માયા પરનું તત્ત્વ અક્ષરબ્રહ્મ પૃથ્વી પર પ્રગટ વિચરતું હોય છે. તેનું ધ્યાન-ચિંતન-ભજન-સ્મરણ મોક્ષદાયી નિવડે છે.

ભગવાન સાથે સંતની સરખી સેવા

શ્રીમુખ-વચન:

વર.૫માં કસર ટાળવાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે: 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે; અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.'

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃતનું રહસ્ય સમજાવતાં યોગીજી મહારાજ કહે છે : ઉત્તમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી છે. જેમ ભગવાનની માનસીપૂજા કરે, તેમ

ઉત્તમ ભક્ત ગુણાતીતની ભેગી પૂજા કરે. એમ સરખી સેવાનું કહ્યું. સ્વામી શાસ્ત્રીજી મહારાજે સરખી સેવા કરી, તો મહારાજ-સ્વામીની મૂર્તિઓ બેસી ગઈ. હજારો દર્શન કરે છે. કનિષ્ઠમાંથી ઉત્તમ થઈ જાય. મહારાજ કહે: 'મને સો વાર જમાડે, ને મારા ભક્તને એક વાર જમાડે, તો હું સો વાર માનું છું.' (યો.વા. : ૨/૨૪) અક્ષરપુરુષોત્તમનો સંબંધ ન હોય તે ભગત જ નથી. બીજા (પરોક્ષવાળા) તો માર્ગે ચાલ્યા છે. સો જન્મની કસર ટાળવા માટે જે ભક્ત બતાવ્યા તે ગુણાતીત. અભાવ ન લેવાય, મહિમા સમજાય તે માટે બધાને ભક્ત કહ્યા. (યો.વા. : ૫/૨૭)

અહીં જે સેવા કહી તે ભગવાનનો ભાવ લાવીને સરખી સેવાની વાત છે. તો જ વિકાર ટળે. કારણ કે શ્રીહરિ ગ.મ.૩૨માં કહે છેઃ 'જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે; ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે.' આ જોતાં એવું સ્પષ્ટ થાય છે કે ભગવાનની સાથે ભગવાનના પરમ એકાંતિક સાધુનું ધ્યાન, ભજન, સ્મરણ, માનસી, પ્રસંગમનન, ચરિત્રકથન વગેરે નવધાભક્તિ કરવામાં કોઈ બાધ આવતો નથી.

તા. ૯-૯-૧૯૮૮, બ્રાયનમાં ડૉ. સુધીરભાઈએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું : 'સવારે પૂજા કરીએ છીએ ત્યારે ધ્યાન-માનસીમાં, શ્રીજીમહારાજને જોયા નથી એટલે કલ્પનામાં ફીટ નથી થતું. પણ આપને જોયા છે તો માનસીમાં મૂર્તિ કલ્પી શકાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજ છે. એમાં આપણી શ્રદ્ધા છે. માનસી એમની જ કરવાની છે, પણ જેને એવા સાક્ષાત્કારવાળા ગુરુ મળ્યા હોય તો ગુરુના યોગે ભગવાન સુધી પહોંચાય છે. સંતને ભગવાનનો સંબંધ છે. એમણે ભગવાનને જોયા છે, તો એમને યાદ કરવા. ગંગાજળનું પૂજન કરવું હોય તો કળશને પૂજીએ છીએ. કારણ કે કળશમાં ગંગાજળ ભર્યું છે. તેમ સાચા સંતમાં ભગવાન રહ્યા છે. તેમને પૂજીએ એટલે ભગવાનની પૂજા થાય છે.'

ભગવાનની વાર્તા ધારવી શું ? વિચારવી શું ?

શ્રીમુખ-વચનઃ

'સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે.' (ગ.પ્ર.૩૦)

ગુરુમુખ-મર્મઃ

યોગીજી મહારાજ કહે : ભગવાનની વાર્તા કઈ? પરાત્પર એવા જે પુરુષોત્તમ નારાયણ, તે આ મને સંતરૂપે પ્રગટ મળ્યા એ જ છે. અને હું તો પામર હતો, નરકમાં-જમપુરીમાં જવાનો હતો. તે સત્પુરુષ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીને અક્ષરધામમાં લઈ જશે – એ જ ભગવાનની વાત. તે ધારે, મનન કરે, વિચારે અને કેફ રાખે. વાર્તા એટલે શ્રીમુખનાં વચનો અને ભગવાનનું સ્વરૂપ, ગુણ, મહિમા. તે ધારવું શું ને વિચારવું શું? ધારવું એટલે અમલમાં મૂકવું. વિચારવું એટલે હૃદયમાં ઉતારવું. (યો.વા. : ૨૪/૮૯) ગુણાતીત સિવાય 'ભગવાનની વાત' 'ધારે' અને 'વિચારે' આ ત્રણ શબ્દોના અર્થ કોઈને સૂઝે નહીં !

પ્રાપ્તિ એ જ પરમ કલ્યાણ

શ્રીમુખ-વચનઃ

'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે...' (ગ.મ.૫૯)

ગુરુમુખ-મર્મઃ

યોગીજી મહારાજ આ વચનનો મર્મ આ રીતે સમજાવે છેઃ 'મહારાજ ગુણાતીત રૂપે મળ્યા અને ઓળખાયા એ પ્રાપ્તિ. શાસ્ત્રીજી મહારાજ મળ્યા એ પ્રાપ્તિ. બ્રહ્મા એટલે સૃષ્ટિનો બનાવનાર. ભવથી પણ અધિક સત્પુરુષ બતાવ્યા. અધિક એટલે પ્રકૃતિથી અધિક (માયાથી પર). હનુમાનની મૂર્તિ પૂજાય તેમાં શંકા નથી. લક્ષ્મીનારાયણ 'દેવ' કહેવાય ને ગુણાતીત 'મનુષ્ય' કહેવાય, ઘણા આવું માને છે, પણ મહિમા ન સમજાય. પરાવાણી જીવમાં

ઉતારવી. (યો.વા. : ૧૨/૨૩)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ...પૂર્વના અવતાર કરતાં આજ તો સાધુ, સત્સંગીમાં ઘણું સામર્થ્ય છે... (સ્વા.વા. : ૨/૧૦૭) પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીનાં છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે... (સ્વા.વા. : ૩/૭૨)

આમ, શ્રીહરિના કથનનો મર્મ ગુણાતીત જ જાણી શકે.

શ્રીમુખ-વચન:

શ્રીહરિ વચનામૃત પંચાળા.૭માં કહે છે: 'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય- સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય... આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.'

ગુરુમુખ-મર્મ:

અક્ષરધામ ભગવાનનું સ્વરૂપ છે, 'ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્' તે મુજબ ગુણાતીત મૂળ અક્ષર – પરમ સત્યસ્વરૂપ છે. અને મહારાજ તો વ્યતિરેક, પરના પર રહે છે. તેના સ્વરૂપનો એટલે ગુણાતીતનો મહિમા જાણીએ, ત્યારે જ જેવો છે એવો યથાર્થ મહારાજનો મહિમા સમજાય. ગુણાતીતના સંગે બ્રહ્મરૂપ થાય ત્યારે જ પરબ્રહ્મની સેવાનો અધિકારી બને.' (યો.વા. : ૨૫/૪૩) મહારાજ આ વચનામૃતમાં પ્રગટને તત્ત્વે સહિત જાણવાની વાત કરે છે. પ્રગટની પ્રાપ્તિ થઈ હોય, તે પરોક્ષમાં માલ ન માને. માણાવદરના નવાબ ગજેફરખાન હતા. તેમણે પોતાના દરબારમાં સદ્ગુરુ યોગેશ્વર સ્વામી વગેરે સંતોની પધરામણી કરી. દરબારે સંતોને કીર્તન ગાવાનું કહ્યું ત્યારે એક સાધુએ કીર્તન ગાયું : *'કાનુડો રે કાનુડો, જમનાજીને કાંઠે પાણી વાળે બેની,*

કાનુડો રે કાનુડો.' ત્યારે નવાબ બોલ્યા: 'આ શું બોલ્યા, કાનુડો શું ? કોની ચૂંદડી પહેરી છે ! જિસકે ગાડેમેં બૈઠના ઉસકે ગીત ગાના.' પછી યોગેશ્વર સ્વામીએ સંતોને *'વંદું સહજાનંદ રસરૂપ'* એ કીર્તન ગાવા કહ્યું. ત્યારે દરબાર બોલ્યા : 'આ ખરું, ઐસા ગીત ગાના ચાહીએ.' ત્યારે યોગેશ્વર સ્વામી બોલ્યા કે આ મુસલમાન છે, છતાં એ જેવું સમજે છે તેવું આ સાધુ થયા છે પણ નથી સમજતા.'' (યો.મ.જી.ચ. : ૪/૧૩)

ઉપસંહાર

ગ.પ્ર.૭૩માં શ્રીહરિ કહે છે : 'પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દૃઢ નિશ્ચય થયો જોઈએ, તો સર્વે કામ સરે. અને અમે પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે જે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહીં તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહીં.'

મન સોંપવાની વાત જ્યારે પ્રગટ બિરાજતા હોય, ત્યારે જ શક્ય બને છે. મૂર્તિને મન સોંપી શકાતું નથી. કારણ કે આ જ વચનામૃતમાં શ્રીહરિને મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે : 'મન સોંપ્યું હોય, તેના શા લક્ષણ છે ?' તેમાં શ્રીહરિ ઉત્તર આપતાં કહે છે, 'અમે કહીએ જે બુરહાનપુર કે કાશી કોણ જશે ? ત્યારે ઊભા થઈને કહેવું જે કહો તો હે મહારાજ ! હું જાઉં એમ અમારી આજ્ઞા લઈને જવું.' તેનો સાર એટલો છે : જેણે મન સોંપ્યું હોય તે આજ્ઞામાં ટૂકટૂક થઈ જાય. સંશય ન કરે. અષ્ટ પ્રકારની મૂર્તિ શાસ્ત્રમાં કહી છે, તે પૈકી કોઈ મૂર્તિ ભક્તને ક્યારેય આજ્ઞા કરતી નથી. પરંતુ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિએ કહેલ આ વાક્યનો મર્મ અને 'મૂર્તિ'નો અર્થ આ રીતે કર્યો છે :

'સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે;
સંત હું ને હું તે વળી સંત રે, તેમ શ્રીમુખે કહે ભગવંત રે...'

એટલે જ શ્રીહરિ જે દ્વારા પ્રત્યક્ષ હોય ભગવાનની સાક્ષાત્ મૂર્તિ કહેવાય. તેમને શરણે જઈ, તેમની જ મરજી, આજ્ઞા, અનુવૃત્તિ પાળીને સાધક સાધનાની સિદ્ધિ કરી શકે છે. એકાંતિક ધર્મ સિદ્ધ કરીને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

ગ.પ્ર.૭૮માં શ્રીહરિ કહે છે: 'અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને... મૃત્યુલોકના અર્થે

દેખે એવા થાય છે.' આનો અર્થ એ થયો કે પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી તેઓ મનુષ્યરૂપે વિચરણ કરતા રહેશે અને સૌના હૃદયમાં નિશ્ચય કરાવતા રહેશે.' એટલે જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: ભગવાન તો ત્રીસ વરસ સત્સંગમાં રહ્યા ને હવે સાધુ રૂપે દસ-વીસ પેઢી રહેશે. (સ્વા.વા.: ૧/૨૭૦)

એક વાર યોગીજી મહારાજને આ વિશે પ્રશ્ન પૂછ્યો કે 'મહારાજ દસ-વીસ પેઢી સુધી સત્સંગમાં રહેશે. તેનો અર્થ કેમ સમજવો? વળી, વર્તમાનકાળે કેટલી પેઢી થઈ?' યોગીજી મહારાજે ઉત્તર આપતાં કહ્યું : 'હજુ તો પહેલી જ પેઢી ચાલે છે! એવો કોઈ વિપરીત દેશકાળ આવે અને સત્સંગ સાવ જતો રહે, ત્યારે શ્રીજીમહારાજ અક્ષરધામના કોઈ મુક્તને મોકલે અને સત્સંગ પ્રવર્તાવે, ત્યારે બીજી પેઢી કહેવાય.' ત્યારે કોઈએ પૂછ્યું : 'ગુણાતીતાનંદ સ્વામી પહેલી પેઢી, ભગતજી મહારાજ બીજી પેઢી, શાસ્ત્રીજી મહારાજ ત્રીજી પેઢી અને આપ ચોથી પેઢીમાં ન આવો ?' ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'એમ ગણવાનું નથી. આ તો હજી પહેલી પેઢી જ છે.' (યો.વા. : ૨૫/૧૨)

ગ.અં.૯ પર યોગીજી મહારાજ કહે છેઃ આજ્ઞા, ઉપાસનામાં ભંગ થાય તો જાણપણું ગયું કહેવાય. જાણપણારૂપ દરવાજો એ જ અક્ષરધામ. ભગવાન કે ભગવાનના સત્પુરુષને વિષે અભાવ આવે કે દોષ પરઠાઈ જાય અથવા ક્રિયામાં મનુષ્યભાવ આવે એટલે જાણપણારૂપ દરવાજામાં દોષ પેઠા કહેવાય... બે પ્રકારનાં જાણપણાં : એક તો ભગવાન ને ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ ન આવવા દેવો; બીજું આજ્ઞામાં ફેર ન પડવા દેવો. આજ્ઞા-ઉપાસના દૃઢ રહે તો જાણપણું રહે. એ બેમાંથી એક પણ પાંખ તૂટે તો ઉડાય નહીં. આજ્ઞામાં ફેર પડે તો વૃત્તિ ભ્રષ્ટ થઈ જાય. પણ બંને બરોબર રહે તો દાઢો અંબાઈ જાય અને વિષય ભોગવી શકાય નહીં. (યો.વા. : ૫/૨)

પ્રમાદ અને મોહ ન રાખે, તો અખંડ જાણપણું રાખ્યું કહેવાય. પ્રમાદ એટલે કરવાનું ન કરે અને ન કરવાનું કરે. અને મોહ એટલે સત્યમાં અસત્યની ભાવના અને અસત્યમાં સત્યની ભાવના. એમ ન કરવાનું કરે તો જાણપણું ગયું કહેવાય. અને સત્યમાં અસત્યની ભ્રાંતિ પડે તોપણ જાણપણું ગયું કહેવાય. (યો.વા. : ૫/૫)

૬

પ્રતીતિ અને પૂર્ણકામપણું

પૂર્ણકામપણું, કૃતાર્થપણું

પ્રગટમાં પ્રતીતિ એ જ કૃતાર્થપણું, કૃતકૃત્યતા. મુમુક્ષુને પ્રગટ ભગવાન મળે પછી તેમાં વિશ્વાસપૂર્વક જોડાણ થાય તેમ તેમ પૂર્ણકામપણું મનાતું જાય છે. કૃતાર્થપણું અને પૂર્ણકામપણું કોણ માની શકે? તે અંગે શ્રીહરિનાં વચનો – 'એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો, એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો અને દેહ છતે કૃતાર્થપણું મનાય છે.' (લોયા.૨) 'પૂર્ણકામપણું તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તેણે કરીને જ થાય છે.' (ગ.પ્ર.૨૫) 'ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે.' (ગ.મ.૬૨) આમ, વચનામૃતમાં શ્રીહરિએ છતી દેહે મોક્ષની પ્રતીતિને પૂર્ણકામપણું કહ્યું છે. આ વિશે એક વચનામૃત જોઈએ.

શ્રીમુખ-વચનઃ

ગ.પ્ર.૨૪માં બ્રહ્માનંદ સ્વામીનો પ્રશ્ન છે : 'કોઈ વિષયમાં પણ પોતાનાં ઈન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તો પણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે?' ત્યારે શ્રીજીમહારાજ તેના ઉત્તરમાં કહે છે: 'મને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામ-ક્રોધાદિ સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ-સનકાદિક જેવા

સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે.' એવો વિચાર નથી કરતો ને આઠોપહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે... જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી; તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠોપહોર કેફ રહેતો નથી જે, 'મારું પૂર્ણકામપણું થયું છે' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.'

ગુરુમુખ-મર્મ:

યોગીજી મહારાજ કહે છે: ઉત્તર મહારાજે કર્યો તેમાં મરમ શું આવ્યો? પોતાનું બળ છોડી દેવું. બ્રહ્માનંદ સ્વામી ! અમે તમને સમાગમ આપ્યો છે. અમે તમને દોષથી રહિત કર્યા છે. અમારા બળથી થયું છે. દયા કરી સ્વરૂપ સમજાવ્યું છે. એમ મહારાજ સમજાવે છે. આપણું બળ છોડી, ભગવાનનું બળ રાખવું. પ્રગટ પુરુષોત્તમ ભેગા રહ્યા ને સમજાયું નહીં તે બાળક જેવા છે. તેથી કેફ નથી. (યો.વા. : ૨૪/૧૩૫)

અર્થાત્ નિશ્ચય હોવા છતાં દોષો ટળી ગયા પછી પણ અપૂર્ણપણું મનાય છે !! જો પોતાના સાધનનું બળ મૂકી પોતાને પ્રાપ્ત થયેલા પ્રગટ ભગવાનનું બળ લે અને કોઈનો દોષ ન દેખે તો જ કૃતાર્થપણું મનાય છે.

પૂર્ણકામપણા માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ઉપાસના ને મહિમા વતે પોતાને વિષે પરિપૂર્ણપણું ને કૃતાર્થપણું મનાય છે અને તે વિના તો પોતાને વિષે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે. (૩/૬૬) પ્રગટ ભગવાન મળ્યા છે તેથી પરિપૂર્ણ કલ્યાણ માનવું પણ અધૂરું માનવું નહીં... ઉપાસનાની દૃઢતા રાખીને વળગી રહેશો તો પાર પડી ગયું છે. (૪/૧૫) વાસના હોવા છતાં પ્રગટનો નિશ્ચય જેને થયો છે, તે પૂર્ણકામ થઈ ચૂક્યો છે. (સ્વા.વા. : ૫/૧૦)

ભગવાનનો મોટો મહિમા એટલે શું?

શ્રીમુખ-વચન:

લોયા.૧માં શ્રીહરિ કહે છે : 'કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક જે શત્રુ તેણે કરીને જેનું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય ને તેને નિશ્ચય હોય તો પણ પોતાને કૃતાર્થ માને નહીં.' શ્રીહરિ ગ.પ્ર.૧૫માં કહે છે : 'મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહીં,

તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે... એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.'

ગુરુમુખ-મર્મઃ

આ વચનામૃત પર યોગીજી મહારાજ કહે છેઃ ભગવાનનો મોટો મહિમા એટલે શું? અક્ષરે સહિત પુરુષોત્તમનો મહિમા સમજવો એ મોટો મહિમા. ખાલી મહારાજનો મહિમા તો સૌ સમજે છે. આમાં પ્રગટનો સંબંધ આવ્યો. અક્ષરે સહિત પુરુષોત્તમ મને મળ્યા છે – એમ પૂર્ણકામપણું માનવું. (યો.વા. : ૨૪/૨૯૩)

આ વિશે વચનામૃતમાં શ્રીહરિનાં વચનો જોઈએ.

'અને તમે એમ કહેશો જે, 'અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દઢતા છે તો પણ પ્રાણ-ઇન્દ્રિયો કેમ લીન નથી થતાં ?' તો એ તો પરમેશ્વરની ઇચ્છાએ એમ રહ્યું છે એમ સમજવું, પણ તેને કાંઈ કરવું રહ્યું નથી, એ તો કૃતાર્થ છે અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે.' (ગ.મ.૧૩) 'આજ જે સર્વ હરિભક્ત છે તે એમ સમજે છે જે, અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ.' (ગ.પ્ર.૩૧) ''જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શ્યો સંશય છે ? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું,' એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો.'' (ગ.પ્ર.૭૨)

આ વચનામૃતોના સારરૂપે એટલું કહી શકાય કે પ્રગટ મળ્યા, યથાર્થ ઓળખાયા તેને પોતાનાં દર્શને બીજાનું કલ્યાણ થાય એ પ્રતીતિનો કેફ ટળતો નથી. કારણ કે તે પૂર્ણકામ થઈ ગયો છે.

પ્રમુખસ્વામી મહારાજ પૂર્ણકામપણા માટે કહે છે : 'મહારાજે વચનામૃત ગ.પ્ર.૯માં કહ્યું – પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય ને તેની જ ભક્તિ કરતો હોય, દર્શન કરતો હોય પણ બીજી ઇચ્છા રહે. ત્યાં સુધી પરિપૂર્ણ કલ્યાણ નથી. એ જ વસ્તુ આ છે એમ માનીને તેની ભક્તિ કરવી. ને ન માને તેને શું કહ્યા ?

'અજ્ઞાની' કહ્યા. એટલે સમજી સમજીને આટલું જ સમજવાનું છે. આ બેઠા છે તેમાં વૃત્તિ જોડી દેવી. ઊંચે દેખાવાનું નથી ને છે તે મનાતું નથી. પછી અધ્ધર જ લટકી જવાનું ને! શિયાળને થાય ઊંટનો હોઠ ક્યારે પડે ને ક્યારે લઉં ? તે ઊંટની સાથે દોડ્યા કરે. તેમ ઘણાંને એમ થાય હમણાં તેજ દેખાશે. એમ હમણાં હમણાં જ જિંદગી પૂરી થઈ જાય. દેખવા કરતા જ્ઞાને કરીને થાય તે જ સાચું. જે મળ્યા છે તેમાં અણુમાત્ર ફેર નથી. અધૂરું ન લાગે. કલ્યાણ થઈ જ ગયું છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું ને કે અક્ષરધામમાં મહારાજ આમ જ બેઠા છે. નખશિખ દર્શન દે છે.' (તા. ૨૫-૪-૮૮, આસ્ટન)

પૂર્ણકામપણું માન્યા પછી પણ સાધના તો કરવી જ પડે છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે: 'સિદ્ધ થઈ ગયા તેમ માનવું જ નહીં. પ્રાપ્તિ થઈ છે, કાંઈ બાકી નથી પણ સાધના નહીં હોય તો પ્રાપ્તિ ચાલી જશે. આપણે પૂર્ણકામ પણ છીએ ને અધૂરુ પણ છે, ખોટ કાઢવાની છે. માટે જાણપણું રાખવું, ખટકો રાખવો.' (તા. ૨૭-૧-૧૯૯૪, મુંબઈ)

પ્રગટની પ્રાપ્તિ મનાણી હોય તેનાં લક્ષણ

શ્રીમુખ-વચનઃ

પ્રગટની પ્રાપ્તિ મનાણી હોય તેનાં લક્ષણ કેવાં હોય તે વિષે વચનામૃત ગ.મ.૬૬માં શ્રીહરિ કહે છે : 'જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા, કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે અને ભગવાન વિના અન્ય પદાર્થમાત્રને વિષે વૈરાગ્ય થાય છે અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે.'

અહીં 'પ્રાપ્તિ' શબ્દથી પણ જેને પ્રગટ પ્રાપ્ત થયા હોય, તેની વાત છે. પ્રગટમાં પ્રતીતિ આવે છે, પછી તેને પૂર્ણકામપણું મનાય છે.

'પરમ પદ તે શું જે, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમ પદ છે... માટે અમારી પણ એ જ આજ્ઞા છે જે, સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો. અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ

જ્ઞાનયજ્ઞનું ફળ છે.' (ગ.મ.૮)

ગુરુમુખ-મર્મ:

આ વચનામૃત ઉપર પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'પ્રગટ વિચરતા અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મનું દર્શન થાય. અર્થાત્ સંતનો ભાવ ટળી જાય અને ભગવદ્ભાવ કેળવાય એ જ્ઞાનયજ્ઞનું ફળ છે. 'ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ' એટલે કે અક્ષરબ્રહ્મ ગુરુમાં પરબ્રહ્મનું સાક્ષાત્ દર્શન થાય, એટલે જ્ઞાનયજ્ઞ પૂરો થયો. પ્રતીતિમાં પૂર્ણકામપણું મનાઈ જાય એ જ પરમપદ.' પ્રમુખસ્વામી મહારાજને પુરુષોત્તમપુરામાં પ્રશ્ન પૂછાયો : 'આપને અને શાસ્ત્રીજી મહારાજને કયો સંબંધ?' તેમાં ચાર વિકલ્પ કહ્યા - ૧. મિત્ર-મિત્ર, ૨. પિતા-પુત્ર, ૩. ગુરુ-શિષ્ય, ૪. ભક્ત-ભગવાન. સ્વામીશ્રીએ કહ્યું : ભક્ત-ભગવાનનો સંબંધ.

ભગતજી મહારાજ વડતાલના કોઠારી ગોરધનદાસના ભત્રીજા ગિરધરભાઈને[3] ગ.પ્ર.૨૭મું વચનામૃત સમજાવતાં વાત કરે છે : જેનાં દર્શને કરીને છાતી ઠરે અને વૃત્તિ ચળાયમાન ન થાય ત્યારે જાણવું કે આ મને મળ્યા છે એ ભગવાનના એકાંતિક ભક્ત છે, કારણ કે તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. એવા સત્પુરુષનો જે ભાવે કરીને આશ્રય કરે છે, તેનામાં ભગવાનના સર્વે ગુણ તે સત્પુરુષ પ્રગટાવી દે છે. જીવને બ્રહ્મરૂપ કરી મેલે છે. (પ્રા.ભ.જી.ચ. : પૃ. ૧૬૮-૧૬૯)

પ્રતીતિ આવી તેને છેલ્લો જન્મ થઈ ગયો

ગ.પ્ર.૭૮માં શ્રીહરિ કહે છે : 'જે ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને એનો સંગ કરે, તો એ સંગના

૩. ગિરધરભાઈ શુદ્ધ મુમુક્ષુ હતા. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતની શોધ કરતા હતા. તે ન મળતાં તેમણે વડતાલના શ્રીહરિકૃષ્ણ મહારાજ પાસે માળા ફેરવવાની શરૂઆત કરી. શ્રીહરિકૃષ્ણ મહારાજે પ્રસન્ન થઈ દર્શન દીધાં અને કહ્યું: 'તું જેને શોધે છે, તે આ પ્રાગજી ભક્ત છે.' પરંતુ ગિરધરભાઈને પ્રતીતિ ન આવી. તેથી ફરી એક પગે ઊભા રહીને માળા ફેરવી. ફરી શ્રીહરિકૃષ્ણ મહારાજે કહ્યું: 'હું પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટ છું. તું તેમનામાં જોડાઈ જા. તારા બધા સંકલ્પો પૂરા થશે.' ગિરધરભાઈ મન-કર્મ-વચનથી ભગતજી મહારાજમાં જોડાઈ ગયા અને સાધુ થઈ 'વિજ્ઞાનદાસ' તરીકે પ્રસિદ્ધ થયા. ભગતજી મહારાજના પ્રસંગમાં રહી, છતી દેહે તેઓ બ્રાહ્મીસ્થિતિને પામી ચૂક્યા હતા.

કરનારાને વિષે પણ એ ત્રીસ લક્ષણ આવે છે.'

ગુણાતીતાનંદ સ્વામી તેનો મર્મ સમજાવતા વાતોમાં કહે છે : 'મન, કર્મ, વચને સંગ કેમ કરવો ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહીં; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.' (સ્વા.વા. : ૩/૬૦)

શ્રીહરિ અક્ષરબ્રહ્મ દ્વારા પ્રગટ રહીને જીવોનું અજ્ઞાન, અવિદ્યા ટાળે છે, જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડે છે. અજ્ઞાન કયું તો અવતાર-અવતારી સરખા જાણે. તેની વાત શ્રીહરિએ અશ્લાલીના વચનામૃતમાં કહી છે. યોગીજી મહારાજ આ વચનામૃત ઉપર કહેતા : અણસમજણ શું હતી ? તો બીજા અવતાર અને મહારાજને તેઓ સરખા સમજતા હતા. બધું સરખું. પરંતુ મહારાજ પ્રગટ થયા અને સમી વાત સમજાણી. કોઈનો ભાર ન પડે. પરોક્ષ ભાવમાં પ્રતીતિ જરાયે નહીં. પ્રગટ શ્રીહરિ મળ્યા. પુરુષોત્તમ મળ્યા છે એવી પ્રતીતિ આવી તેને છેલ્લો જન્મ થઈ ગયો. ફરીથી ઉથરેટી લઈ જન્મ લેવો નહીં પડે. (યો.વા. : ૨૩/૨૩)

સત્સંગમાં ભગવાન પ્રગટ છે, તેની બીજી એક પ્રતીતિ વાતોમાં સ્વામી જણાવે છે : આજ તો સત્સંગમાં ભગવાન પ્રગટ બિરાજે છે, નહીં તો વીસ-વીસ વરસના સંસાર મૂકીને કેમ ચાલ્યા આવે ? અને એ કામ-ક્રોધાદિકને તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે; નહીં તો આમ રહેવાય નહીં. (સ્વા.વા. : ૩/૪૦)

વચનામૃત વર.૪માં શ્રીજીમહારાજ કહે છે : 'ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો એની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય. (સ્વા.વા. : ૨/૮૦) મોટા પુરુષનો મન, કર્મ, વચને સમાગમ થયા વિના ખોટ્ય દેખાય નહીં ને ટળે પણ નહીં, એ સિદ્ધાંત વાર્તા છે. (સ્વા.વા. : ૨/૧૪૦) આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.

(સ્વા.વા. : ૩/૧૨)

પ્રગટમાં પ્રતીતિ એ જ સત્સંગ અને પૂર્ણકામપણું

સત્સંગ શું જે, પ્રગટ ભગવાન ને પ્રગટ આ સાધુનો આશરો કર્યાથી કલ્યાણ થાય છે. ને પરોક્ષ કથા-કીર્તન, વાર્તા ને અર્ચાથી કલ્યાણ થાય એમ લખ્યું છે તે તો જીવને આલંબન દીધું છે. (સ્વા.વા. : ૫/૮૫)

પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય. (સ્વા.વા. : ૪/૩૬)

હજાર વરસનો ખીજડો હોય તેને સાંગરીઉં થાય છે ને પાંચ વરસનો આંબો હોય તેને કેરિયું થાય છે. તે તો દૃષ્ટાંત ને એનું સિદ્ધાંત તો એ છે જે, ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે, ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહીં અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કુળ ઊંચું ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે. બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે. (સ્વા.વા. : ૩/૬૮)

સંત પણ તેને પોતાનામાં જોડતા નથી, ભગવાનમાં જોડે છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : મોટા સાધુનો પણ એ જ મત છે જે, મહારાજની મૂર્તિને વિષે જ જોડવા છે, પણ વિષયને વિષે ને દેહને વિષે જોડવા નથી અને જે વિષયને વિષે જોડે છે તે એકાંતિક નહીં અને જે ઐશ્વર્યને વિષે જોડે છે તે પુરુષોત્તમ નહીં. (સ્વા.વા. : ૩/૨૪)

ખરેખર! શ્રીહરિએ ગ.મ.૨૧માં કહ્યું : 'નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તોપણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે...'

આ વાત વચનામૃતમાં તો હતી જ પણ ગુણાતીતાનંદ સ્વામી તથા ગુરુપરંપરાએ તેને જીવંત રાખી છે.

વર.૧૨માં શ્રીહરિ કહે છે : 'જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'મને તો ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમ પદને પામશે.' માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું, એ વાત સર્વે ખબડદાર થઈને રાખજ્યો.'

યોગીજી મહારાજ આ વચનામૃત ઉપર કહે છે : મર્યા પછી મોક્ષ કરે તે દેવાળિયા ગુરુ. ગુરુ પ્રત્યક્ષ મળે તો જ મોક્ષ થાય. દેહ છતાં કૃતાર્થપણું. મૃત્યુનો ભય ટળી જાય. પ્રત્યક્ષ સંતને વિશે વિશ્વાસ અને પુરુષોત્તમ નારાયણનો નિશ્ચય – તેનું બળ આપણે જોઈએ.

ઉપસંહાર

જિન્જામાં યોગીજી મહારાજની ૬૪મી જન્મ જયંતી ઊજવાઈ, તેના બીજા દિવસે તા. ૨૦-૫-'૫૫, સવારે યોગીજી મહારાજે ગ.પ્ર.૨૩ તથા ૨૪ વચનામૃતો નિરૂપી, કમ્પાલાના ચુનીભાઈ તથા કનુભાઈને સિદ્ધાંતની વાતો કરી. 'પ્રગટ એટલે શું સમજવું ?' એ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું : 'પોતાને શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ ધારવું. શાસ્ત્રીજી મહારાજ મારું મોક્ષનું દ્વાર છે - એમ સમજીને ભજન કરે તે પ્રગટ ઉપાસના. મહારાજની મૂર્તિ સિવાય બીજાનો ભાર ન રહે. જ્યારે પૂરેપૂરો મહિમા સમજાય, ત્યારે ગ.પ્ર.૨૪ પ્રમાણે અખંડ મહારાજની મૂર્તિ દેખાય. (યો.મ.જી.ચ. : ૧/૨૫)

મૂર્તિમાં સાક્ષાદ્‌ભાવની પ્રતીતિ હોય તો તે પ્રત્યક્ષની ઓળખાણ કરાવી, તે ભક્તને મોક્ષમાર્ગમાં પ્રેરે છે. જેમ કે આશીના ઈશ્વરભાઈ અને આશાભાઈ દૃઢ વૈષ્ણવ હતા. ડાકોર રણછોડરાયને માનતા, તો રણછોડરાયે દર્શન દઈ મોક્ષ માટે શાસ્ત્રીજી મહારાજનું શરણું લેવા કહ્યું. એ જ રણછોડરાયે અમદાવાદના ખુશાલભાઈને યોગીજી મહારાજમાં જોડ્યા હતા.

શંકરના ઉપાસક ભગવતસિંહ પંજાબીને શંકરે દર્શન દઈ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ભગવાન પ્રગટ છે એમ કહી તેમની પાસે મોકલ્યા હતા.

સામપુરા (બારડોલી)ના પટેલ જગજીવન દુર્લભજી અંબા માતાના ચુસ્ત ઉપાસક હતા. અંબા માતાએ તેમને દર્શન દઈ પ્રમુખસ્વામીની ઓળખાણ

કરાવી તેમનામાં જોડી દીધા. આમ, પરોક્ષપણે ભગવાનની ભક્તિ મોક્ષ માટે કરતા હોય, બીજી કોઈ લાલચ ન હોય, કોઈના દ્રોહ કે નિંદામાં પડ્યા ન હોય તેને તે તે દેવો કે અવતારો પ્રગટમાં જોડી દે છે. મૂર્તિમાં આસ્તિકપણું ને વિશ્વાસ હોય તો તેના વચને પ્રગટમાં પ્રતીતિ આપોઆપ થઈ જાય છે.

ઉપરોક્ત પ્રસંગોમાં પરોક્ષના ભક્તોને તે તે દેવોએ ધન-સમૃદ્ધિની લાલચ પણ આપી હતી, છતાં તે ભક્તોએ મોક્ષ માટે જ અમે તમને ભજીએ છીએ - એમ સ્પષ્ટ કહ્યું હતું તેથી જ તે દેવોએ પ્રસન્ન થઈ પ્રગટ ઓળખાવી દીધા. આવા તો ઘણાં ઉદાહરણો મોજૂદ છે. વિસ્તારભયથી અહીં મૂકી શકાયાં નથી. *'પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા...'* એ મુક્તાનંદ સ્વામીનું પદ ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળે એટલું જ સત્ય અને સાર્થક કરે છે.

આમ, પ્રગટની પ્રાપ્તિ અને પ્રતીતિનો મર્મ વચનામૃતમાં શ્રીહરિએ ગર્ભિત રીતે જણાવીને પોતાની અનન્યનિષ્ઠા ધરાવતા આશ્રિત ભક્તો માટે અક્ષરધામનો રાજમાર્ગ સદાને માટે ખુલ્લો મૂક્યો છે.

પ્રગટને વિશે આસ્તિકપણું અને મહિમા હોય, તે ભક્તને મોક્ષની પ્રતીતિ છતી દેહે થઈ જતી હોય છે. પ્રમુખસ્વામી મહારાજ પોતે અક્ષરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ હતા, તો બ્રહ્મની શક્તિનો અનુભવ સૌને કરાવી શકતા અને ભક્તોને મોક્ષનો કોલ આપી અંતકાળે શ્રીહરિ સાથે તેડવા પધારતા. ગુણાતીત ગુરુ પરંપરામાં એવા કેટલાય પ્રસંગો છે કે જેમાં તેઓ પોતાના આશ્રિતને અંતકાળે તેડવા ગયા હોય અને તેનાં દર્શન પણ ઘણાંને થયાં હોય. તેનો મોટો ગ્રંથ લખાય તેટલા પ્રસંગો છે.

જેમ ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું. ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું. યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું. અને પ્રમુખસ્વામી મહારાજે ધામમાં પધાર્યા પૂર્વે મહંત સ્વામી મહારાજનું સ્વરૂપ ઓળખાવી દીધું. આજે તેમની નિશ્રામાં સત્સંગ લીલોપલ્લવ દીસે છે. તેનું કારણ અહીં ભગવાનનું અખંડ પ્રગટપણું છે, જે સૌ અનુભવે છે.

૭
પ્રકીર્ણ

ગુણાતીતાનંદ સ્વામીએ 'વાતો'માં કરેલી વિશિષ્ટ વ્યાખ્યાઓ

- **સત્સંગ:** તે સત્સંગ શું જે, મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે. (૧/૧૭) **સાંખ્ય:** પ્રકૃતિનું કાર્ય સર્વે નાશ કરી નાખવું, તેનું નામ સાંખ્ય કહેવાય. (૧/૧૦૮) **જ્ઞાનપ્રલય:** જ્ઞાનપ્રલય તે શું જે, પ્રકૃતિનું કાર્યમાત્ર હૈયામાંથી કાઢી નાખી બ્રહ્મરૂપ થાવું, ગુણાતીત થાવું. (૫/૧૯૪) **સેવા:** સર્વમાં મુખ્ય સેવા તે શું જે, મોટા એકાંતિકની અનુવૃત્તિ મન, કર્મ, વચને રાખવી, એવી બીજી કોઈ સેવા નથી. (૨/૯૯) **માયા:** ભગવાનનું સ્વરૂપ ન ઓળખાય એ જ માયા છે. (૫/૯૩) **દિવ્યભાવ:** એની કોઈ ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે. (૧/૧૦૨) **અલૌકિક દૃષ્ટિ :** ભગવાનના અક્ષરધામ સામી જે દૃષ્ટિ એ અલૌકિક દૃષ્ટિ છે, ને પ્રકૃતિનું કાર્ય એ લૌકિક દૃષ્ટિ છે. તેમાં ભગવાનનો નિશ્ચય એ ખરેખરી અલૌકિક દૃષ્ટિ છે. (૫/૩૪૯) આ રીતે વચનામૃત અને સ્વામીની વાતોનો પારસ્પરિક સંદર્ભ સાથે અભ્યાસ કરવામાં આવે તો કોઈને પણ પ્રતીતિ થાય એમ છે કે સ્વામીની વાતો સરળ છે છતાં વચનામૃત પરનું શ્રેષ્ઠ ભાષ્ય છે. જો કોઈ મુમુક્ષુએ વચનામૃતને યથાર્થ સમજવું હોય, તો તેણે સ્વામીની વાતો અવશ્ય વાંચવી ઘટે.
- ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. (૧/૩૨) આ સત્સંગ

મળ્યો છે એ તો પરમ ચિંતામણિ મળી છે. (૧/૧૬૬) સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય. (૧/૨૭૯) સત્સંગ થાય તેને દુઃખ રહે નહીં, તે સત્સંગ તે શું જે, આત્મા ને પરમાત્મા એ બે જ છે. (૧/૨૯૫) જેને સત્સંગ થાય તેને તો દુઃખ રહે નહીં ને દુઃખ રહે છે એટલી સત્સંગ કરવામાં કસર છે. (૨/૧૮૪) જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગ છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે. (૩/૪૨)

- મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહીં ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહીં. આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે... ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે. (૩/૧૨)
- એક જણે સ્વામીને પૂછ્યું જે, વચનામૃતમાં ક્યાંક આશરાનું બળ કહ્યું છે, ક્યાંક ધર્મનું, ક્યાંક વૈરાગ્યનું, ક્યાંક આત્મનિષ્ઠાનું ને ક્યાંક પાછી તે આત્મનિષ્ઠા ઉડાડી નાંખી છે. એવાં કંઈક ઠેકાણે અનંત સાધન કહ્યાં છે; તેમાં એકને વિષે સર્વે આવી જાય ને ઉત્તમ મોક્ષ થાય એવું એક કહો. એટલે સ્વામી કહે જે, ઉપાસના હોય ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો બધાં આવે. (૬/૨૯૧)
- મહારાજે અનંત પ્રકારની વાતું જીવના મોક્ષને અર્થે પ્રવર્તાવી છે; પણ તેમાં ચાર વાતું છે તે તો જીવનું જીવન છે. તે શું? તો એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા ને ત્રીજી મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું, એ ચાર વાતું તો જીવનું જીવન છે, તેને તો મૂકવી જ નહિ... (૩/૧૭)
- વચનામૃતમાં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે. સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. તેની વિક્તિ જે, એક તો તેનું પંડનું વર્તન હોય તેનો તપાસ કરવો. બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું ને ત્રીજું તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા, એમ તપાસ કરવો. (૨/૧)
- ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં. બાકી કાંઈ કરવું રહ્યું નથી. (૧/૧૨૩)
- ભગવાનની નિષ્ઠા છે ને વાસના છે તો પણ તેની શી ફિકર છે ને તેનો

શો ભાર છે ? (૧/૧૩૮)

- ભગવાનની તથા સાધુની નિષ્ઠા તે તો પૂર્વ સંસ્કારથી તથા મોટાના અનુગ્રહથી થાય છે. (૫/૩૮)
- મહારાજે વચનામૃતમાં પોતાનું વર્તન કહ્યું તે તો પોતાના મુક્તનું જ કહ્યું છે એમ સમજવું, ને પુરુષોત્તમ તથા ધામરૂપ અક્ષર એ બેને તો તેથી પર સમજવા ને તેમને વિષે તો કાંઈ સમજવું નહીં. (૫/૧૪૫) (આ વાત વાંચીએ ત્યારે અહોભાવ થાય છે. કારણ કે અક્ષરબ્રહ્મ સિવાય સૌ કોઈને શ્રીહરિનું ચરિત્ર એક આદર્શ મુમુક્ષુ સાધકનું જ લાગે. સ્વામીએ તો અક્ષરનું વર્તન પણ આ નથી, એવું સ્પષ્ટ કરી દીધું.)
- બ્રહ્મવેત્તાને મતે તો વેદનો માર્ગ જે વિધિનિષેધ તે પણ ગણતીમાં નથી. (૧/૨૦૭) (વિધિનિષેધનો માર્ગ બ્રહ્મવેત્તા માટે ન હોય, તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ માટે તો કેમ હોઈ શકે ? છતાં પણ આ ગુણાતીત પુરુષો શ્રીહરિના વચનનો લેશપણ ભંગ થવા દેતા નહીં. પંચવર્તમાનમાં સારધાર વર્તતા હતા.)

યોગીવાણીમાં યોગીજી મહારાજે ઉચ્ચારેલાં મર્મવચનો

- શ્રીહરિ ગ.મ.૪૭માં કહે છે: 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે...' તે પર યોગીજી મહારાજે વાત કરતાં કહ્યું : શૂળી શું ? દેહના તાલ રહેવા દે નહીં. તે શૂળી જેવું લાગે. સમૈયા-ઉત્સવ વખતે ખાવા-પીવામાં, પાથરવા-ઓઢવામાં, ઓછું-વત્તું, મોડું-વે'લું થાય તે સહન કરી લેવું. તેમાં મૂંઝાવું નહીં. લાડવા મળે નહીં, લીંબડા નીચે સૂવાનું કહે, લીંબડો વાટીને પીવાનું કહે અને કદાચ શૂળી ઉપર ચડવાનું કહે તો તરત જ ચડી જવું. આજ્ઞા પળાય એ જ શૂળી ઉપર શયન. જેમ ભગતજીને ગિરનારને લાવવા કહ્યું, તેમ આજ્ઞા માનવી. ભગવાનને કે સંતને તો કોઈને શૂળી ઉપર ચડાવવા નથી, પણ આ સમજણ કરી રાખી હોય તો મૂંઝવણ થાય નહીં... (૨૪/૧૮૮)
- શ્રીહરિએ વર.૭માં બ્રહ્મમાં લીન થવાની વાત કરી છે. આ ઉપર યોગીજી મહારાજ કહે છે : બ્રહ્મમાં લીન થાય ને પાછો નીકળે એટલે શું ? દિવ્યભાવની દૃઢતા મોટાપુરુષના સ્વરૂપમાં ન થઈ હોય

એટલે ગુણ-અવગુણ આવ્યા કરે. એટલે કે જ્યારે મોટાપુરુષનો ગુણ આવ્યો હોય અને સાત્ત્વિક ભાવમાં વર્તતો હોય, ત્યારે મોટાપુરુષની મરજી પ્રમાણે વર્તે અને પોતાનો ભાવ એકે રાખે નહીં; વળી, રજોગુણ-તમોગુણનો વેગ આવે, ત્યારે ક્રિયા જોઈને અભાવ આવે, એ બ્રહ્મમાંથી નીકળ્યો કહેવાય. પરંતુ એમ કરતાં કરતાં જાણપણું જો દૃઢ થઈ જાય તો અવગુણ આવતા બંધ થઈ જાય, અને સ્વરૂપનિષ્ઠાની અખંડ દૃઢતા અને દિવ્યતા થઈ જાય. (૨૪/૩૫૩)

- ગ.મ.૭મું વચનામૃત વંચાવી કહ્યું : 'સાધુતાના ગુણ શું? ખમવાના, સહનશક્તિના, સમર્થ થકા જરણા કરવાના. મુક્તાનંદ સ્વામીએ વિકાર ટાળવાનો ઉપાય મહારાજને પૂછ્યો, ત્યારે મહારાજે કહ્યું: કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં મંડ્યો રહે, તો પરમેશ્વરની કૃપા થાય અને વિકારમાત્ર ટળી જાય. મુક્તાનંદ સ્વામી જેવા સર્વોપરી સાધુતાના ગુણે યુક્ત સાધુને પણ મહારાજે કોઈ મોટા સંત બતાવ્યા. એવા મોટા સંત કોણ હશે? તે જ ગુણાતીત! અતિશય સેવા શું? હદ ઉપરાંત સેવા. આજ્ઞામાં જેમ કહે તેમ ટૂક ટૂક. સંશય રહિત. વાસીદું વાળતો હોય ને સંસ્કૃત ભણવાનું કહે; ને ભણતો હોય, વિદ્વાન હોય ને વાસીદું વાળવાનું કહે. સેવા સંતની કરી ને દૃષ્ટિ પરમેશ્વરની પડે. મુદ્દો એ છે કે સંતની સેવાથી જ ભગવાનની કૃપા થાય છે અને વિકાર ટળે છે.' (૨૪/૧૨૪)
- ગ.અં.૮ ઉપર સ્વામીશ્રીએ વાત કરી: ઇન્દ્રિયો હરાઈ ફરતી હોય તે દુખિયો રહે. મોક્ષભાગીને પશ્ચાત્તાપ થાય, દુઃખ થયું, તે જ પ્રાયશ્ચિત્ત. ભગવાન ને સંતની કૃપા થાય તો ઇન્દ્રિયો ધોડે જ નહીં. દૃઢ વૈરાગ્ય, દૃઢ સ્વધર્મ, જિતેન્દ્રિયપણું, ભગવાન ને ભક્તમાં પ્રીતિ, અને ભગવાન ને ભક્ત સાથે મિત્રભાવ – આ પાંચમાં એક જ વાનું કયું રાખવું? મિત્રપણું રાખવું, તો પાંચેય વાનાં આવી જાય. 'ત્યાં જ કલ્યાણ ભાળ્યું છે?' તે બેપરવાઈપણું. મન નોખું પડે તે અડધું-પડધું વિઘન; પણ બેપરવાઈવાળો તો ઠામુકો જાય. (૨૪/૧૫૦)
- ગ.મ.૫૪ અને ગ.અં.૧૧ પ્રમાણે, સમાધિ વિના સદાય શાંતિ આત્મબુદ્ધિ હોય તો રહે. ભગવાનના ભક્તનો પક્ષ અને આત્મબુદ્ધિ

હશે, તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે. આત્મબુદ્ધિ એ એકડો છે, એ હોય તો પક્ષ રહે, એમ સ્વામીનો સિદ્ધાંત છે. કૃપા કરીને અખંડ મૂર્તિ દેખે તો મહિમા ઘણો વધે અને લોકો દંડવત્ કરે; પણ આત્મબુદ્ધિ ન હોય તો ખોટ મહારાજે બતાવી. (યો.વા. : ૩/૧૬)

- ગ.મ.૩૦મું વચનામૃત વંચાવી વાત કરી : પોતાને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ માને. તે કોણ? તો 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર' એમ માને તે. અને એમ જે ન માને તે ગોબરો બ્રહ્મ! શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ નહીં. પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી. (૨૪/૩૬૩)
- (ગ.મ.૪૨) ગુણાતીતાનંદ સ્વામીએ આને ચાવીનું વચનામૃત કહ્યું છે. અક્ષરના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કરવાથી પુરુષોત્તમના સ્વરૂપનો મહિમા સમજાય છે. કેમ જે, 'જ્યારે અક્ષર આવા મોટા, તો તેના પતિ પુરુષોત્તમ તો કેવા હશે?' આ મુદ્દો છે. અને અક્ષરનો આવો મહિમા યથાર્થ સમજાય તો કલ્યાણની ચાવી હાથમાં આવી ગઈ.' (૨૪/૧૩)
- (ગ.મ.૨૮) 'જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો.' યોગીજી મહારાજ કહે છે: ભગવાનનો માર્ગ શું? એકાંતિક સત્પુરુષ. અને માર્ગે ચાલ્યો શું કહેવાય? જેટલો એકાંતિક સત્પુરુષનો સમાગમ કર્યો, એટલો માર્ગે ચાલ્યો કહેવાય. એવો સમાગમ જે કરતો હોય તેને વ્યવહાર તો પાછળ ચાલ્યો આવે છે. (૨૪/૩૩૭)
- (ગ.પ્ર.૬૦) એકાંતિક ધર્મ એટલે શું ? સત્પુરુષનું પ્રગટપણું એ જ એકાંતિક ધર્મ. પ્રથમ ૬૨ મુજબ એકાંતિક ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહ્યો છે અને સત્પુરુષ ભગવાનની મૂર્તિના અખંડ ધારક છે. માટે સત્પુરુષના આધારે એકાંતિક ધર્મ રહ્યો છે. 'સત્સંગિજીવન'ના ખરડામાં લખ્યું છે કે એકાંતિક ધર્મ સત્પુરુષ પૃથ્વી ઉપર છે ત્યાં સુધી જ રહે છે. (૨૪/૩૩૬)

- શ્રીહરિ ગ.પ્ર.૭૬માં કહે છેઃ 'જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહીં. એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.'
  યોગીજી મહારાજે કહ્યું : આ વચનામૃતમાં ૨૬૨ વચનામૃતનો ભાવાર્થ આવી જાય છેઃ સરળ સ્વભાવ. સાડા ત્રણ લીટી સિદ્ધ કરવી તેમાં માળા, ધ્યાન બધું આવી ગયું. (૨૪/૩૬૩)
- શ્રીહરિએ સારંગ.૧૧માં કહ્યું : 'જ્યારે પરમેશ્વરની કૃપા થાય છે, ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે... તે ભગવાનના તુલ્યપણાને પામે છે...' યોગીજી મહારાજે આ વચનામૃત સમજાવતાં કહ્યું : ભગવાનના તુલ્યપણાને પામે છે. એટલે શું? તો જેમ ભગવાન મડાં બેઠાં કરે તેમ એ પણ કરે. શુભ ને અશુભ કર્મનું બંધન બીજાને થાય; પણ સત્પુરુષને ન થાય. સત્પુરુષ કોઈને વર્તમાન ધરાવે તેનાં અનંત અશુભ કર્મો હોય તે બાળી નાખે. તેનું બંધન સત્પુરુષને ન લાગે. ભગવાનના તુલ્યપણાને પામ્યા હોય તેથી. (૨૪/૨૪૪)
- સ્વા.વા.૩૩માં બ્રહ્મરૂપ થવા હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું બતાવ્યું છે. તે પર યોગીજી મહારાજે કહ્યું : હેતનું લક્ષણ શું? ભગવાન ને સંત વિના ન રહેવાય. માછલાંને જેમ જળ જીવન તેમ સત્પુરુષ પોતાનું જીવન થાય. વિશ્વાસનું શું લક્ષણ? રાત કહે તો રાત ને દિવસ કહે તો દિવસ. નિષ્કપટપણું શું? મનની સર્વે વાતો સત્પુરુષને કહી દે. આ તો સત્પુરુષના ગુણ આવવાની વાત છે. જો નિર્દોષ જાણે તો જ હેત થાય, સર્વજ્ઞ જાણે તો વિશ્વાસ આવે, અને અંતરાય ટાળે તો નિષ્કપટ થવાય. આમ, આ બેય વાતને સંબંધ છે. (૨૫/૬૨)
- ગ.મ.૪૮માં આવ્યું : પ્રેમાનંદ સ્વામી 'વંદુ સહજાનંદ...'નાં આઠ પદ બોલ્યા. ત્યારે મહારાજ રાજી થઈ ગયા અને કહ્યું કે 'આ સાધુને ઊઠીને દંડવત્-પ્રણામ કરીએ એવું મનમાં થાય છે.' પછી પ્રેમાનંદ સ્વામીને મહારાજે માગવાનું કહ્યું ત્યારે તેમણે માગ્યું કે 'આપની મૂર્તિ અખંડ અંતરમાં રહે.' એટલે મહારાજે કહ્યું: 'સાધુરામ! એનાં તો સાધન જુદાં

કરવાં પડે.' આ સાધન તે ગુણાતીતનો પ્રસંગ. (૨૪/૧૨૯)

- બ્રહ્મવિદ્યા શું ? મૂર્તિમાન બ્રહ્મમાં જોડાઈ બ્રહ્મરૂપ થવું. બ્રહ્મને ઓળખ્યા તે બ્રહ્મવિદ્યા. વખાણ સારાં ન લાગે. જ્ઞાનની સ્થિતિ એટલે દેહનાં વખાણ થાય તો ઝાંખપ આવે. માન ન આવે. કોઈ કુવખાણે ત્યારે ક્રોધ ન આવે. દેહભાવ નીકળી જાય. ગુણાતીતભાવ આવે. ભગતજી મહારાજને જમવા બેસાડેલા. ઊઠ, એમ કહી બીજે બેસાડે. એમ સો વાર બેસાડ્યા અને સો વાર ઉઠાડ્યા, પણ રીસ નહીં. આ જ્ઞાનની સ્થિતિ. (૨૪/૭૦)
- ગ.પ્ર.૧૬માં આવ્યું : 'જેને સત-અસતનો વિવેક હોય...' સત એટલે ગુણ લેવા. અસત એટલે અવગુણ લેવા. જેને આવો વિવેક નથી તે તો મૂઢ જ છે. તેને કંઈ કહેવાનું રહેતું નથી.' પછી આવ્યું : 'પરમેશ્વર અને સંત એ જે જે વચન કહે...' પરમેશ્વર એટલે સહજાનંદ સ્વામી અને સંત એટલે ગુણાતીત, શાસ્ત્રીજી મહારાજ. ભગવાન અને સંત ગુણાતીત મોટાપુરુષ જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને. (૨૪/૨૯૨)
- (ગ.પ્ર.૧) 'અખંડવૃત્તિ એટલે શું ? સત્પુરુષમાં ભગવાન રહ્યા છે એમ અખંડ જાણપણું રહે તે વૃત્તિ રહી કહેવાય. *સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતી રે...*' મહારાજ કહે છેઃ 'જેને ભગવાનમાં અખંડવૃત્તિ રહે તે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મનું સ્વરૂપ જોવા ઇચ્છે તો તત્કાળ દેખે.' તે જીવને કેમ દેખ્યો ? તો અલ્પજ્ઞ, જાચકપણું, દીનપણું, જીવપણું, નમાલાપણું તે જીવ બોલે ને ખબર પડે. જ્ઞાની દેખે. ઐશ્વર્યપણું બતાવે તે ઈશ્વરભાવ છે. ને ખટપટ, મારું-તારું, દેખાવ કરે તે માયાનું રૂપ. હજારોને નિયમમાં વર્તાવવા, પ્રકાશપણું બ્રહ્મનો ભાવ છે. તેમાં નિયંતાપણું છે, જ્ઞાનદાતાપણું છે. (૨૪/૩૧૭)
- (ગ.પ્ર.૫૬) મહારાજ કહે છે કે જ્ઞાની બ્રહ્મસ્વરૂપે વર્તે છે, તે એકાંતિક. ખરેખરા એકાંતિક હોય તે ૨૪ કલાક કથાવાર્તા જ કરે. તે સિવાય એક મિનિટ પણ જાય નહીં. જગત જ નહીં. મહારાજની આજ્ઞા સહેજ પણ લોપે નહીં. અધર્મ પણ સહેજ પણ ન કરે. જગતની ગંધ પણ ન હોય. ભગવાન વિના બીજો સંકલ્પ પણ ન કરે. સુહૃદપણું, નિર્દોષબુદ્ધિ અખંડ

રહે. આસક્તિ રહિત અંતઃકરણ થાય ત્યારે ભગવાન સિવાય બીજો શબ્દ ન નીકળે. અખંડ આનંદના ફુવારા છૂટે એ બ્રહ્મની સ્થિતિ. (૧૨/૧૧)

- આજ્ઞા શું? પંચ વર્તમાન. નિષ્કામ શું? પાંચ પાંચ દીએ ઉપવાસ. કોઈ જાતની પંચ વિષયની કે પદાર્થની ઇચ્છા નહીં. નિર્માનપણું શું? બે ટુંકારા ખમવા. નિર્દોષભાવ, સંપ-સુહૃદભાવ, અરસ-પરસ દિવ્યભાવ. એકબીજાનો મહિમા. ભૂલ થઈ હોય તો માફી માગે. દંડવત્ કરે. નિઃસ્વાદીપણું શું ? પત્તરમાં પાણી નાખી જમવું. (૨૯/૪૭)
- સત્પુરુષ, જે અંતર્યામી હોય તેમને પણ કહે નહીં તે ખાનગી કપટ. સત્પુરુષ પાસે નિષ્કપટ થઈ જાય, તો બ્રહ્મરૂપ થયા વગર રહે નહીં એ સિદ્ધાંત વાત છે. વિશ્વાસ, નિષ્કપટપણું વગેરે કર્યા વગર માળા ફેરવે, નિયમ પાળે, પણ મુદ્દો રહી જાય છે તે બહુ ખોટું કહેવાય. નિષ્કપટ થાય પછી તો સત્સંગ ગુણાતીત લાગે. (૨૪/૬૪)
- મૂળ અજ્ઞાન શું? અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી મહારાજને રહેવાનું અક્ષરધામ છે તે ન જાણે અને શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે; તેમને બીજા અવતાર જેવા જાણે તે જ મૂળ અજ્ઞાન છે. વળી, પોતાને બ્રહ્મરૂપ માને પણ મહારાજને પુરુષોત્તમ ન માને તે મૂળ અજ્ઞાન. મોટાપુરુષના સમાગમમાં આવે. મોટાપુરુષની દૃષ્ટિ પડે તો જ મૂળ અજ્ઞાન જાય. (૨૪/૨૨૦)
- દોષ કાઢવા શી રીતે? મહિમાથી માન જાય. ધર્મથી કામ જાય. સ્વાદ ભક્તિએ કરીને જાય. જ્ઞાને લોભ જાય. મૂર્તિનો સ્વાદ આવે, ભક્તિનો સ્વાદ આવે, તો જગતનો સ્વાદ ઓછો થઈ જાય. તન, મન, ધન સ્વામીનું છે. મનધાર્યું ન કરવું. સત્પુરુષ આપણું મન માનવું. તે કહે તેમ કરવું. તો મન જિતાય. (૨૪/૧૪૩)
- કથા વખતે ઊંઘ ચઢે તો શું કરવું? ઊંઘી જવું કે કથામાં બેસવું? તો સૂવાનો આવો વિચાર થાય તે વાસના કહેવાય. કેડના મંકોડા તૂટતા હોય, ઊંઘ આવતી હોય, તાવ-તરિયો આવતો હોય, છતાં 'આપણે કથામાં બેસવું જ છે' એવા વિચાર કરીએ તે વાસના જીર્ણ થઈ કહેવાય. ભગવાન અને સંતની કૃપા વગર સંકલ્પ હટે જ નહીં. (૨૪/૩૦૮)
- ગ.અં.૨માં 'અંગ બંધાતાં ચિત્ત વિભ્રાંત થઈ જાય છે.' એ વાત આવી

તેના પર વાત કરતાં કહ્યું : 'વિભ્રાંત થાય એટલે તેને કોઈ અંગ પ્રધાન થાય નહીં. તેને સત્સંગ પણ પ્રધાન થતો નથી. અહીં અંગ એટલે ત્રણ અંગ સમજવાં. આત્મનિષ્ઠા, પતિવ્રતા અને દાસત્વ – એ ત્રણ અંગમાંથી એક દૃઢ કરવું. (૨૪/૩૨૧)

- ગ.અં.૨૬માં વાત આવી જે, 'સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે અને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે...' અતિ તુચ્છ એટલે શું? ગવર્નર પટાવાળાને સલામ કરે, લાખોપતિ શેઠ નોકરના પગ ધોઈને પીએ, આ અતિ તુચ્છ. આ લક્ષણ ગુણાતીત સંતની વાત છે. (૨૪/૩૨૫)
- ગ.પ્ર.૨૦માં વાત આવી કે જીવ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દષ્ટિ કરતો નથી એ કસર છે. સભામાં ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા, તેને ઓળખવાની વાત હતી. તે વખતે ક્યાં ગેડ બેસે? જીવાત્માને શોધે; પણ સાક્ષાત્ ગુણાતીત બેઠા છે, તેને ઓળખવાની મહારાજની વાત હતી. 'ગુણાતીત મારો આત્મા છે' એમ આપણે સત્પુરુષમાં આપોપું કરવું. જોડાવું. (૨૪/૩૩૦)
- ગ.પ્ર.૩૦ પર યોગીજી મહારાજે કહ્યું: સત્સંગ એટલે સત્પુરુષ. પ્રગટ સત્પુરુષ જ જીવના હૈયામાં પ્રધાન હોય, તો જીવનો વળગાડ કાઢી નાખે. સંપૂર્ણ સત્સંગ ત્યારે જ થાય. (૨૪/૩૩૪)
- વૈરાગ્ય શું? રોટલો મળે તો દૂધપાક મળ્યા જેવું લાગે. હાથીની સાહ્યબી ને ગધેડાની સાહ્યબી બંને સરખી લાગે. મૂર્તિ સિવાય બીજો ઘાટ ન ઊઠે. રાગ ઊપડી ગયા. આજ્ઞા વિરુદ્ધ એકે ક્રિયા ન થાય એ વૈરાગ્ય. મોટો વૈરાગ્ય શું? પ્રકૃતિ-પુરુષ સુધી ક્યાંય સાંધો ન હોય. (૨૪/૨૫)
- ગ.મ.૬૬માં ગોપાળાનંદ સ્વામીને મહારાજ કહે છે કે જ્યારે પોતાની ખોટ કાઢવી હોય ત્યારે તેને કોઈ મોટાના વચનની સાખ્ય લઈને કાઢવી. તેમાં 'મોટા' કોણ? તો તે ગુણાતીતાનંદ સ્વામી. આમ, મહારાજે મોટા મોટા પરમહંસો પાસે પણ ગુણાતીતને દર્શાવ્યા છે.
- વચનામૃત વરતાલના પહેલામાં વાત આવી કે 'કામ વ્યાપે, ક્રોધ વ્યાપે... આંબાને વિશે ભ્રાંતિ ન થાય.' એનો ઉત્તર શાસ્ત્રીજી મહારાજ આ પ્રમાણે કરતા : 'કામ વ્યાપે, ક્રોધ વ્યાપે – વગેરે સત્પુરુષને વિશે

નહીં પણ આપણે વિશે વ્યાપે. સંત તો નિર્દોષ જ છે.' (૨૪/૧૨૩)

- ગ.પ્ર.૪૭માં આવ્યું: 'ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિશે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં...' એ સમજાવતાં કહે: 'બીજા ગમે તેવા હોય, પણ ભગવાન અને સંતને મૂકીને તેને વિશે હેત ન થાય.' (૨૪/૧૨૬)
- આત્મનિષ્ઠા શું? શબ્દ સહન કરવા. દૃઢ આત્મનિષ્ઠા શું? બ્રહ્મ સાથે અખંડ જોડાણ રહે. ધ્યાન શું? મહિમાનો વિચાર. વચન શું? મહારાજનાં નાનાં-મોટાં વચન; મુખ્ય વચન – નિજાત્માનં બ્રહ્મરૂપમ્... પોતાને બ્રહ્મરૂપ માની ભક્તિ કરવી. (૨૪/૭૪)
- અભાવ એટલે કોઈક હરિભક્તથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય અગર કાંઈ થોડું બન્યું હોય, તેનો ફજેતો કરે અને વિસ્તારથી બીજાને સંભળાવે, એનું નામ અભાવ; અવગુણ એટલે કાંઈ દોષ ન હોય ને આઘુંપાછું ન કરતો હોય, તેનામાં પણ દોષ કહે તે અવગુણ. (૧૫/૭)
- (સારંગ.૯) અતિ સાચે ભાવે સત્સંગ કરવો; તે સાચો ભાવ એટલે શું? તો ભગવાન કે સંતના વચનમાં દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ. પોતાનું ગમે તેટલું આંચકી લે, દીકરો લઈ લે, સર્વસ્વ લઈ લે, તોપણ 'મારા હિતમાં જ કરે છે,' એમ જે સમજે, તે વિશ્વાસી અને શ્રદ્ધાળુ. (૨૪/૫૭)
- (ગ.પ્ર.૨૯) શુભ ક્રિયા એટલે શું? તો પ્રગટ ભગવાનને અર્થે જે જે ક્રિયા કરે, તે જ શુભ ક્રિયા. પરોક્ષ માટે સૌ તપ, યજ્ઞ, યાગ કરે, પણ એ શુભ ક્રિયા નહીં. પ્રત્યક્ષ સ્વરૂપ વિચરણ કરતું હોય તેને અર્થે ક્રિયા કરે, તેને રાજી કરવાને અર્થે ક્રિયા કરે, તે શુભ ક્રિયા. (૨૪/૯૬)
- લોયા.૧૦ સમજાવતાં કહે: 'અલમસ્ત જ્ઞાનનું વચનામૃત છે. તે સિદ્ધ કરે તો બહુ જ સુખ આવે. પહેલાં અભાવ આવે. તેનું મનન થાય. પછી દોષ આવી જાય. દોષની સેર જીવમાં સોંસરી પડી જાય. દૂધપાકની ઊલટી થઈ પછી બે સબડકા મારો જોઈએ ! માટે પંચ વિષયનો અભાવ કરી લેવો. (૨૪/૧૭૫)
- (ગ.અં.૮) થાય અને મટી જાય એ સંકલ્પ. ટળે નહીં અને ખાતાં-પીતાંય મટે નહીં, મૂર્તિમાન જેવો રહે તે વિકલ્પ. (૨૪/૨૦૮)
- દિવ્યભાવ એટલે શું? આ અક્ષરધામની સભા છે. અનંત કોટિ મુક્તો

આ સભામાં બિરાજમાન છે. એવો મહિમા. કોઈ ક્રિયામાં દોષ ન આવે. ક્રિયામાં દિવ્યભાવ હોય તો ગમે તેવી ક્રિયા કરે તોય મનુષ્યભાવ ન આવે. અત્યારે તો મનુષ્યભાવ આવે એવી ક્રિયા જ નથી.

- (ગ.પ્ર.૫૪) સંગ શું ? માળાના મણકાની જેમ ભેગા હોય તે. પણ તેમાં અવગુણ આવી જાય. જ્યારે પ્રસંગ શું ? દૂધમાં સાકર પડી પછી નોખી ન પડે. અવગુણ ન આવે. કાથીની ત્રણ વળ જુદી ન પડે. આપણને સત્પુરુષ ધખાવીને કાઢે, અપમાન કરે, તોય ન ખસીએ તે પ્રસંગ.
- ગ.પ્ર.૧૬માં આવ્યું : 'મનના ઘાટ ભેળા ભળી જાય નહીં.' આનો અર્થ શું ? ઉપાસ્યમૂર્તિ સર્વોપરી મહારાજ છે, તે ફરવા દેવું નહીં. ગુણાતીતને બીજા સાધુ જેવા સમજે, તે મનના ઘાટ ભેળો ભળ્યો કહેવાય. ભગવાન ને સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવે તે મનના ઘાટ ભેળો ભળ્યો ન કહેવાય. (૨૪/૨૯૨)
- (ગ.પ્ર.૫૦) જેને ભગવાન ને સંતમાં મનુષ્યભાવ ન આવે તે કુશાગ્ર બુદ્ધિવાળો. અને જે આવું જતન ન કરે ને ચોજાળી બુદ્ધિ હોય તોપણ તે મુશલાગ્ર બુદ્ધિવાળો – સાંબેલાના અગ્રભાગના જેવી જાડી બુદ્ધિવાળો જાણવો. પૈસા સત્સંગમાં વપરાય એ કુશાગ્ર બુદ્ધિવાળો. (૨૪/૩૧૦)
- (ગ.અં.૩૦) મહારાજ પાંચ અનુસંધાનની વાત કરે છે. તેમાં એક 'આટલું કામ બાકી છે...' કામ શું ? અક્ષરરૂપ થવું ને પુરુષોત્તમમાં જોડાવું તે કામ – લોયા ૭, મધ્ય ૩ અને પ્રથમ ૨૩, મધ્ય ૩૦, ૪૫, અમદાવાદ ૨ અને ૩ મુજબ. (૨૪/૩૨૭)
- સંબંધવાળા કોને જાણવા ? તો જે સ્વામીસ્વરૂપ થયો હોય તે. પ્રગટના સંબંધવાળા ઓળખાયા તે જ પાકું જ્ઞાન, તે જ પરિપક્વ નિષ્ઠા. ને તેવા હરિભક્તોનો અપાર મહિમા સમજાય તો નિર્દોષબુદ્ધિ દૃઢ ગણાય ને અંતરે અહોહોપણું રહે. (૧૦/૧૦૪)
- (ગ.પ્ર.૩૨) મહારાજ કહે : 'મૂર્તિમાં વિરામ કરો છો ?' એટલે શું ? પોતાનું સ્વરૂપ ગુણાતીત માનવું તે. પોતાનું સ્વરૂપ ગુણાતીત માનો છો ? એમ મહારાજનું કહેવું છે. (૨૪/૧૩૮)
- (ગ.પ્ર.૫૫) મોટાપુરુષને સેવ્યા એટલે શું ? અખંડ અનુવૃત્તિ જેણે પાળી હોય, તે સેવ્યા કહેવાય. પણ ઘડીક સેવે અને ઘડીક ઓશિયાળા કરે, તે

સેવ્યા ન કહેવાય. (૨૪/૫૦)

- ભગવાનનાં ચરિત્રમાં મોહ ન થાય એ જ એકાંતિક ધર્મ. ભગવાનને ધારણ કરનાર મોટાપુરુષની કોઈ ક્રિયામાં મનુષ્યભાવ ન આવે એ દિવ્યભાવ. સમાગમ કરે તો દિવ્યભાવ અખંડ રહે. મોક્ષની કૂંચી.
- જ્ઞાનનો અંત બ્રહ્મ અને પરબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થાય તે. જાણપણારૂપ દરવાજે રહેવાય. નાની-મોટી આજ્ઞામાં ફેર પડવા ન દેવો, એ બ્રહ્મભાવ. (૨૪/૫૩)
- હરિભક્તોમાં પ્રશ્નોત્તરી ચાલી. તેમાં 'મોટું ઐશ્વર્ય કોને કહેવાય?' એવો પ્રશ્ન પૂછાયો. સ્વામીશ્રીએ વિનુ ભગતને પાસે બોલાવી કાનમાં ધીમેથી કહ્યું: 'અખંડ વૃત્તિ એ મોટું ઐશ્વર્ય.' (૨૪/૫૫)
- (ગ.પ્ર.૪૩) 'ભગવાનના ભક્ત ચાર પ્રકારની મુક્તિને ઇચ્છતા નથી. કેવળ સેવાને જ ઇચ્છે...' ત્યારે પૂછ્યું : 'સેવા એટલે શું? ભગવાનને અખંડ ધારી રાખવા. સંબંધવાળામાં નિર્દોષભાવ.' (૨૪/૧૨૪)
- ગ.અં.૧માં 'ચાળા ચૂંથવા માંડે' એ વાક્ય આવ્યું. કોઈએ પૂછ્યું: 'ચાળા ચૂંથવા એટલે શું?' સ્વામીશ્રી કહે : 'ભગવાન સંભારે અને થોડો વખત વ્યવહાર પણ કરે, એ ચાળા ચૂંથવા.' (૨૪/૧૭)
- સ્વધર્મ શું? પોતાના નિયમોનું પાલન દૃઢપણે કરે. વર્ણાશ્રમનો ધર્મ પાળે અને પતિવ્રતાની ટેક રાખે. એટલે સહજાનંદ સ્વામી આપણા ઇષ્ટદેવ છે. શુદ્ધ અક્ષરબ્રહ્મરૂપ માનીને ભગવાનને ધારે. (૨૪/૨૪)
- અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કરવો અથવા ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે રહેવું, તે સામાન્ય બ્રહ્મચર્ય. શ્રીજીમહારાજના સ્વરૂપમાં પતિવ્રતાની ભક્તિ રાખવી તે વિશેષ બ્રહ્મચર્ય. (૨૪/૭૮)
- (ગ.પ્ર.૩૦) ઘાટનો ડંસ બેસે એટલે, જે રજોગુણની પ્રવૃત્તિથી થયું હોય તેનો અંતરમાં વિચાર ચાલ્યા જ કરે. કોઈએ અપમાન કર્યું ત્યારે સામું બોલે નહીં, પણ અંતરમાં તેનો વિચાર કર્યા કરે તે ડંસ બેઠો કહેવાય.
- શબ્દ જીત્યો એટલે શું? તો કોઈ વખાણ કરે તો ફુલાઈ ન જાય, ને કુવખાણ કરે તો દુખાઈ ન જાય. રૂપ જીત્યું શું ? સારું રૂપ સડેલ કૂતરાં જેવું લાગે. (૨૪/૯૫)
- સુહૃદભાવ શું ? પોતે ભૂખ્યો રહે ને બીજાને જમાડે. કપડાં આપે.

સુહૃદભાવવાળો એમ ન વિચારે કે હવે એ જ લાગનો છે, ઠીક લાગમાં આવ્યો છે! (૨૪/૮૨)

- એક પાણી પૃથ્વી ઉપર અને એક પાણી પૃથ્વી નીચે છે. કયું પાણી તરસ છિપાવે? પ્રત્યક્ષ હોય તે જ તરસ છિપાવે. તેમ બીજામાં ભગવાન વસ્યા છે, પણ પ્રત્યક્ષ ભગવાન અને સંત મળે તે જ મોક્ષ કરે.
- જેને ભગવાન અને સંત મળ્યા છે તે અંતર્દૃષ્ટિ છે. સુહૃદપણું તે જ એકાંતિકપણું છે, જીવનું જીવન છે. મનને મારવું, તેનું કહ્યું ન કરવું તે જ ખરું તપ છે. નિર્દોષબુદ્ધિ દૃઢ થાય તે માટે સમાગમ. (૨૪/૧૬૨)
- સત્પુરુષમાં દિવ્યભાવ હોય તો કાળ, કર્મ, માયાની બીક ન રહે. નિષ્ઠા ન હોય તો ગમે તેટલાં સાધન કરીએ તોય ભગવાન સહાય ન કરે. મહિમાનો વિચાર એ ધ્યાન! (૨૪/૧૬૪)
- મોટાપુરુષને ન ઓળખ્યા તે અજ્ઞાની. મનુષ્યભાવ પરઠે તે અતિ અજ્ઞાની. કોઈ સંકલ્પ વગર દિવ્યભાવ રહે તે જ્ઞાની. જિંદગીમાં મનુષ્યભાવ ન પરઠાય તે વિશેષ જ્ઞાની. (૨૪/૧૬૭)
- વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ... આમ જ્યાં 'સ્વરૂપ' શબ્દ આવે ત્યાં ગુણાતીત લેવું. અંતરમાં શાંતિ કરી દીએ, ટાઢું કરે, ત્રિવિધ તાપ ટાળે, ત્યાં સમજવું કે પ્રગટ ભગવાન મળ્યા છે. (૨૪/૧૭૩)
- જેને સંબંધ થયો તે બધા નિર્ગુણ. બાકી આ ગૃહસ્થો બૈરાં-છોકરાંવાળા; તેમને નિર્ગુણ કહેવાતા હશે? પણ હેત-સંબંધ થયો, તે બધા નિર્ગુણ. સંબંધ થયો તેનાં ભાગ્યનો પાર નહીં. કેટલા જન્મ પછી સંબંધ થયો!
- પ્રગટનાં વેણ એ જ સત્શાસ્ત્ર. ભગવાનનાં લીલાચરિત્રો સંભારવાં એ પણ શાસ્ત્ર અથવા તેના માનેલા ગ્રંથ હોય તે પણ શાસ્ત્ર. તે વિના બીજાં શાસ્ત્રો એ પાણી વિનાની વાવ જેવાં છે. (૨૪/૨૩૧)
- ગ.પ્ર.૩૮માં વાક્ય આવ્યું કે 'સત્સંગ થયો ત્યારથી.' તેનું નિરૂપણ કરતાં સ્વામીશ્રી કહે : 'એટલે શું? સત્સંગ તો નાનપણથી હોય; પણ સત્પુરુષ મળ્યા ત્યારથી કેટલા સ્વભાવ ટળ્યા ? એ તપાસે.' (૨૪/૨૫૦)
- ક્રોધે કરીને પડ્યો એટલે શું ? મોટાપુરુષમાં ક્રોધ પરઠ્યો. અમથો સત્સંગમાં પડ્યો હોય તેનો પણ અવગુણ ન લેવો, તો પછી એકાંતિકનો તો અવગુણ લેવાય જ કેમ? (૨૪/૨૫૮)

- (ગ.મ.૪૭) વાતચીતે કરીને સેવા કરવી. વાત એટલે ભગવાન અને સંતના મહિમાની વાતો કરવી. અને ચીત એટલે હરિભક્તને જમાડવા. તેનું ધ્યાન રાખવું. (૨૪/૨૬૯)
- કલ્યાણનો માર્ગ સત્પુરુષ છે. સત્પુરુષ એ રસ્તો બતાવનારા છે. એમાં વિશ્વાસ રાખવો. વિશ્વાસ ડગ્યો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યો.
- વર.૧૫માં મોટાપુરુષના કોપની વાત આવી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'સંતનો કોપ શું?' તો સંત કોઈને ઠપકો ન દે; પણ 'આ સારો નથી' એમ (સંતને) થઈ જાય એ કોપ. એમાં જીવનું ભૂંડું થઈ જાય.
- ગ.મ.૩૯ પર વાત કરતાં કહ્યું : 'પોતાનામાં સ્વાભાવિક ચાર ગુણ રહ્યા છે, એમ સ્વમુખે શ્રીજીમહારાજ કહે છે, પરંતુ આ ગુણ અક્ષરમુક્તના છે એમ જાણવું, અક્ષર ને મહારાજ તો તેથી પર છે.' (૨૪/૩૧૮)
- વર.૩માં વાત આવી કે 'ભગવાનની માહાત્મ્યે સહિત ભક્તિ.' મહાત્મ્ય સહિત એટલે અક્ષરે સહિત. અતિશય મહાત્મ્ય એટલે ધામ, ધામી ને મુક્ત. (૨૪/૩૨૦)
- ગ.અં.૨૮માં વાત આવી કે '...માન રહી જાય છે, ...પાછો પડી જાય છે...' એટલે શું ? મનધાર્યું મુકાવે ત્યારે ઉદાસ થઈ જાય, આંટી પડી જાય... ઠરાવમાં દુઃખ, નિર્વાહમાં સુખ. (૨૪/૩૨૬)
- ગ.પ્ર.૧માં આવ્યું : 'ધર્મકુળને આશ્રિત...' શાસ્ત્રીજી મહારાજ એનો ઉત્તર આમ કરતા : 'ધર્મસર્ગના ૪૯ ગુણ જેણે ધારણ કર્યા છે, તેને જે આશ્રિત થયો તે ધર્મકુળને આશ્રિત થયો.' (૨૪/૩૩૧)
- દેહને પોતાનું રૂપ માન્યું કેમ કહેવાય? જ્યાં સુધી ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવમાં, વિષયમાં લેવાઈ જાય છે, ત્યાં સુધી દેહના ભાવથી પર થવાયું નથી. (૨૪/૩૪૯)
- ભગવાન ને સંતમાં મનુષ્યભાવ ન આવે, તેની એકેય ક્રિયામાં અવગુણ ન આવે ને જાણપણું રહે તો જ દેહભાવ છૂટે. તે જ બ્રહ્મની સ્થિતિ.
- અવગુણ-અભાવ ન આવે, પોતાનો અવગુણ લે, આનંદના ફુવારા છૂટે તે જ પાટો ગોઠ્યો. મોક્ષની ભૂખ ઊઘડે તો શ્રવણ, મનન થાય.
- જો સત્પુરુષનો અભાવ ન લે ને ગુણ લે તો ગમે તેવો પાપી હોય તોય ધામમાં જાય. સાધન કરવા ગ્યો ? ના, અભાવ ન લીધો એટલું જ સાધન.

- જેવા મહારાજ અક્ષરધામમાં સાકાર બિરાજમાન છે તેવા ને તેવા જ મને પ્રગટ મળ્યા છે, તેમાં મનુષ્યભાવ – દેહભાવ નથી, તેવી સમજણ તે નિર્દોષબુદ્ધિ, પછી તેની આજ્ઞા પાળે તે ભક્તિ. (૨૬/૭૨)
- શબ્દ લાગે નહીં, દેહના સુખમાં ન લેવાવું, તે સામાન્ય આત્મનિષ્ઠા. બ્રહ્મની સાખ લેવી, પોતાને બ્રહ્મનું સ્વરૂપ માનવું, તે વિશેષ આત્મનિષ્ઠા.
- કુવખાણ સારાં લાગે ત્યારે શબ્દનો ત્યાગ કર્યો કહેવાય. પંચ વિષય સડેલ કૂતરું અને નરક લાગે, ત્યારે સ્પર્શનો ત્યાગ કર્યો કહેવાય.
- ગ.પ્ર.૪૪ સમજાવતાં કહ્યું : 'આ વચનામૃતમાં મહારાજે કહ્યું કે એવો સાધુ તો હું છું. એટલે શું? એવા સાધુ સહજાનંદરૂપ છે.' (૨૪/૧૨૫)
- વિવેક શું? આત્મા ને અનાત્માનો વિવેક. સાચા ને ખોટા પુરુષની વિક્તિ સમજવી. મોટાપુરુષના સંગથી વિવેક આવે. (૨૪/૨૬)
- કળિયુગમાં સત્યુગ શું? કથાવાર્તા, કીર્તન, એકબીજાનો મહિમા. અવગુણની વાત જ નહીં. એ સતયુગ છે. (૨૪/૩૮)
- દ્રોહ શું? અવગુણ ન હોય અને કહે તે દ્રોહ. જાણે-અજાણે પણ... અજાણે શું? આપણે ન જાણતા હોઈએ એના વિષે પણ કહીએ.
- જેનામાં બ્રહ્મના ગુણ આવ્યા હોય, તેને તો પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે નાશવંત અને તુચ્છ જ મનાય. (૨૪/૪૪)
- મોટાપુરુષને સેવ્યા કેમ કહેવાય? મોટાપુરુષમાં નિર્દોષબુદ્ધિ રહે. અંતરાય નીકળી જ જાય. અને અંતરાય ટળ્યો એટલે ગુણ આવે જ.
- જેને જ્ઞાનની સ્થિતિ કરવી હોય, તેણે મહારાજની કોઈ આજ્ઞા લોપવી નહીં. આજ્ઞા લોપે તો સ્થિતિમાં ખામી આવી જાય. (૨૪/૫૮)
- બીમાર પડાય ત્યારે ધીરજ રહે, મન મોળું ન પડે ને ભગવાનનું ભજન થયા કરે, તો સાંખ્ય સિદ્ધ થયો કહેવાય. (૨૪/૫૯)
- મોટાપુરુષના તમામ ગુણ જ્યારે મુમુક્ષુમાં આવે, ત્યારે જાણવું કે મોટાપુરુષ સાથે અંતરાય રહ્યો નથી. (૨૪/૭૬)
- પંચ વિષયમાં અરુચિ તે સામાન્ય વૈરાગ્ય. ભગવાન વિના એટલે સહજાનંદ સ્વામી વિના કોઈનો ભાર નહીં, તે વિશેષ વૈરાગ્ય.
- કોઈ વઢે-ધખે તોપણ દિવ્યભાવ રહે તો માન ગયું કહેવાય.
- કહી દઈએ એ અભાવ નહીં, પણ મનમાં રહ્યા કરે અને ઝીણું ઝીણું

બોલ્યા કરે એ અભાવ. (૨૪/૯૯)

- ભગવાનની કે સંતની વાતનું મનન કરવું તે નિરંતર સમાગમ કહેવાય.
- બ્રહ્મવિદ્યા એટલે શું? મૂર્તિમાન બ્રહ્મને ઓળખવા ને તેમાં હેત કરવું.
- વાંક ન હોય તો પણ ખમવું એ ભીડો. સહન કરવું, ભીડો વેઠવો એ સાધુતા. દેહપર્યંત ન મૂંઝાય. (૨૪/૧૦૯)
- અવગુણ આવ્યો ક્યારે કહેવાય? તો જ્યારે સારી-નરસી કોઈ ક્રિયા ન ગમે ત્યારે. (૨૪/૧૧૭)
- માનનું ખંડન શું? જેની સાથે આંટી હોય, તેવા ભક્તને જ દંડવત્ કરવાનું સંત કહે, તો ન થાય. (૨૪/૧૨૦)
- સ્વભાવ શું ? મનધાર્યું કરવાના. બીજા બધા સ્વભાવ ખરા, પણ મનધાર્યું કરવાનો સ્વભાવ મોટો છે. (૨૪/૧૨૧)
- ભગવાન અને સંતની આજ્ઞા પાળવી એ જ અંતર્દષ્ટિ છે. (૨૪/૧૩૨)
- નિષ્ઠા થઈ હોય તેનાં શું લક્ષણ? દિવ્યભાવ, અત્યંત અલૌકિકભાવ રહે; મનુષ્યભાવ ન આવે. પોતાનો અવગુણ દેખે, સામાનો ગુણ દેખે.
- મૂર્તિને અતિશય પ્રકાશમાન ભાળે એટલે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને વિશે અતિશય દિવ્યભાવ વર્તે. (૨૪/૧૭૦)
- સંકલ્પમાત્ર બંધ થાય એટલે સમાધિ. જગતના ઘાટ, વિચારો બંધ થઈ જાય અને છાતી ઠરી જાય, ત્યારે સમજવું કે એ સમાધિ છે. (૨૪/૧૭૭)
- (ગ.મ.૫૩) ભગવાન ને સંતની અલૌકિક સમજણ કઈ હોય ? તો જીવોના અવગુણ ન જોતાં તેમનો મોક્ષ કરવાની. (૨૪/૧૯૪)
- ભગવાન વિના રહી ન શકે તે એકાંતિક ભક્તિ. પ્રવેશ થાય તે શું ? તે ભાવને પામી જાય તે પ્રવેશ. પોતાનો ભાવ ન રહે. (૨૪/૨૩૦)
- 'કોઈ વિમુખ જીવની સોબત ગમે નહીં.' તે વિમુખ શું ? ભગવાનનો દ્રોહ કરતા હોય તે વિમુખ કહેવાય. (૨૪/૨૪૨)
- પંચવિષયનો ત્યાગ અતિ દૃઢપણે એટલે શું ? ત્યાગ તો ખરો, પણ સંકલ્પ જ ન ઊઠે. વિષય ઉપર કાંઈ પ્રીતિ શું? નિયમ લીધો હોય, તે મનગમતો વિષય મળે ત્યારે નિયમ મૂકી દે. (૨૪/૨૬૧)
- 'હું શું કરવા આવ્યો છું, શું થાય છે?' એમ પોતે પોતાનો વિચાર કરે ઈ પુરુષપ્રયત્ન! (૨૪/૨૭૦)

- ભૂંડો કાળ શું? ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવે તે. સારો કાળ શું? ભગવાન ને ભગવાનના ભક્તમાં દિવ્યભાવ રહે તે.
- 'સ્વધર્મ શું? મહારાજમાં પતિવ્રતાપણું ને નિયમ. નિયમ પાળે પણ મહારાજમાં પતિવ્રતાપણું ન હોય તો નિયમપાલનનો કંઈ અર્થ નહીં.'
- (ગ.પ્ર.૬) મોટી પદવી શું? કોઈનો અવગુણ ન આવે ઈ. (૨૪/૩૦૭)
- કોઈ પ્રકારનો દંભ ન રાખવો. પોતા પાસે મૂડી ન હોય ને લાખ રૂપિયા બતાવે તે દંભ. ધર્મ, જ્ઞાન ઓછાં હોય તે વધુ બતાવે. (૨૪/૩૦૯)
- વર.૧૧માં કહ્યું : 'મોટાપુરુષના જેવી સ્થિતિ થાય તો મહિમા સમજાય. તે સ્થિતિ કઈ ? તો નિર્દોષબુદ્ધિની સ્થિતિ.' (૨૪/૩૨૩)
- (ગ.પ્ર.૬) મોટપ એટલે શું? બ્રહ્મરૂપ થઈ જાય તે. (૨૪/૩૨૯)
- અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું તે નિર્વિકલ્પ સમાધિ. પણ અક્ષરબ્રહ્મને ઓળખતો ન હોય તો સાધર્મ્યપણાને શી રીતે પામે?
- છતી દેહે અક્ષરધામ તે શું? બધાના ભીડા વેઠે, સેવા કરે અને મનમાં લાગે કે કંઈ જ કર્યું નથી. મહિમા વધે. (૨૪/૩૪૨)
- અભાવ એટલે સંકલ્પ થાય અને ટળી જાય. અવગુણ એટલે ગાંઠ બંધાય. પછી ગુણમાં દોષ પરઠે. (૨૪/૩૪૫)
- આત્મનિષ્ઠા એટલે સુખ-દુઃખમાં ન લેવાવું. વિશેષ આત્મનિષ્ઠા તે ગુણાતીત – અક્ષરને વિશે અચળ નિષ્ઠા. (૨૪/૩૫૭)
- શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર એ રાખવું, તો અંગ બંધાય. આ કાને સાંભળે ને બીજે કાને નીકળી જાય તો અંગ ન બંધાય.
- સૌમાં સુહૃદભાવ-એકતા દૃઢ થાય, સેવા થાય, મહિમા સમજાય, મન ગોઠે, મન નોખું ન રહે, દિવ્યભાવ થઈ જાય, તે પાટો ગોઠ્યો જાણવો.
- મહારાજ સંતદ્વારે – અક્ષરદ્વારે સદા સાકાર છે. ભગવાનના એકાંતિક સંત – અક્ષરધામ, એ ભગવાનનાં ચરણારવિંદ છે. (૨૬/૫૩)
- ભગવાન અને સંત મળ્યા તે સમાધિ. સમાધિમાં પડીને જે જોવું છે તે જ સામે બેઠું છે. આ દર્શન તે સમાધિ જ છે! (૧૧/૩)
- સંતનાં વચન ન મનાય તે નાસ્તિકપણું, પોતાના જીવમાં ન બેસે તે નાસ્તિકપણું. એ જે કહે તે સત્યતા, તે આસ્તિકપણું. (૨૭/૯૪)
- વિશ્વાસ એટલે શું? વચનમાં શંકા નહીં. (૨૪/૩૧)

- હેત શું ? સંત વગર રહેવાય નહીં. (૨૪/૮૨)
- 'પાજી-પળાવ શું ? કે નિષ્ઠા વગરનો હોય તે પાજી-પળાવ જેવો.'
- હૃદયમાં ભગવાન દેખાય ત્યારે કારણનો નાશ થયો એમ સમજવું.
- ભગવાન ઓળખાઈ જાય તે તત્ત્વજ્ઞાન સાચું. (૨૭/૧૩૦)
- દરેક બાબતમાં ગુણ લે તે દૃઢ પ્રીતિ. (૨૭/૧૩૨)
- ગુણાતીતને સેવે તે સાચો મુક્ત, તેને માન ન આવે. દાસત્વભક્તિ.
- દેહનું, વિષયનું, સ્વભાવનું ને દોષનું ખંડન થાય તે એકાંતિકની સભા.
- અપમાન ન લાગે ત્યારે જાણવું કે જ્ઞાન વર્ત્યું. (૨૭/૧૩૮)
- મરજી પ્રમાણે વર્તે તે એકાંતિક ધર્મ. બ્રહ્મની સ્થિતિ. (૨૭/૧૪૨)
- સ્વભાવ ઘસાય તે ભીડો. (૨૭/૧૪૪)
- સેવા એટલે ગુણ ગાવવા ને ચાકરી એટલે પરિચર્યા. (૨૭/૧૪૬)
- મહારાજ અને સ્વામી સિવાય ક્યાંય વૃત્તિ ન જાય તે પતિવ્રતાપણું.
- સ્વરૂપનિષ્ઠા થઈ હોય તો માયિક પદાર્થમાં વૃત્તિ ન જાય. (૨૭/૧૫૨)
- પ્રગટ ગુરુમાં પ્રતીતિ તે જ મોક્ષ. (૨૭/૧૫૪)
- નિષ્કપટ ભાવ થાય ત્યારે અંતરના પરદા ખૂલે. (૨૭/૧૫૬)
- સત્પુરુષ આપણું મન. એમની આજ્ઞા પાળવી તે મન અમન કર્યું.
- પોતામાં સૌથી વધુ અવગુણ ભાસે તે ભગત. (૨૭/૧૬૮)
- જ્યાં સુધી નિર્દોષભાવ નથી થયો ત્યાં સુધી મોક્ષમાં અધૂરું.
- આ સાધુને ઓળખ્યા એ જ આત્યંતિક પ્રલય. (૨૭/૧૭૫)
- દેહની વાસના નીકળી ગઈ તે દેહ પડી ગયો કહેવાય. (૨૭/૧૭૬)
- આજ્ઞાએ કરીએ તે અંતર્દૃષ્ટિ. મનમાં આવે તેમ કરીએ તે બહારદૃષ્ટિ.
- ભગવાનના ભક્તના ગુણ લે તે બ્રહ્મદૃષ્ટિ. (૨૭/૧૮૧)
- ગુણાતીત ગુરુ એક જ હોય, તેના સાધર્મ્યપણાને પામેલા ઘણા હોય.
- પોતાના અવગુણ ભાસે ત્યારે ભગવાનનું દર્શન થયું એમ જાણવું.

પ્રમુખસ્વામી મહારાજના મુખે મર્મવચન ('અમૃતવાણી'માંથી)

- ભક્તિ કરતો હોય માળા કરતો હોય ને કુસંગીમાં હેત રાખતો હોય તો તે પણ કુસંગી જ છે. તેને ઓળખી એનાથી છેટે જ રહેવું.
- મનધાર્યું મૂકીને કરીએ તે જ્ઞાન. જ્ઞાનનો અર્થ જ એ કે પોતા સામું જુએ.

- પોતાની બુદ્ધિમાં ન બેસે તોપણ ટૂક ટૂક થઈ જાય તો નિર્દોષબુદ્ધિ દૃઢ થાય અને મોટાપુરુષનો રાજીપો થાય.
- મોળી વાત, અભાવની વાત વિષ્ટા જ છે. એ દુર્ગંધને દાબી જ દો. માથે ધૂળ નાખો, ફેંદો નહીં. દુર્ગંધ ફેંદો તો એનો ફેલાવો થાય.
- ધર્મ નિયમથી પાડે તે કુસંગી. ભગત કહેવાતો હોય તો ય કુસંગી. અંદર રહ્યા પણ શત્રુ હોય.
- કથાવાર્તા, સેવા, ભજન-ભક્તિ એ આપણી નિવૃત્તિ.
- માયાનું બંધન કેમ છૂટે તે આલોચ રહે તે સવળો વિચાર.
- મૂર્તિ ધારવામાં કાયર ન થાય તે એકાંતિક.
- સંતને પગલે ચાલીએ તો માયાનું આવરણ ટળી જાય.
- સત્પુરુષનો રાજીપો એ અક્ષરધામના મેવા છે.
- મોટા પુરુષનો અભાવ ન આવે તો આત્મબુદ્ધિ સાચી.
- સમાગમનો ભીડો વેઠી લઈએ તો સ્વભાવ જાય.
- અભાવ-અવગુણમાં પડે તો પ્રાપ્તિનો આનંદ આવે નહીં.
- ખાધા વગર બળ નથી મળતું, તેમ કથાવાર્તા વગર વૃદ્ધિ નથી થતી.
- કથાવાર્તાથી આપણી ભૂલો ઓળખાય છે.
- બધામાંથી રાગ ટાળી એક ભગવાનમાં રાગ કરવો તે ભક્તિ.
- આજ્ઞાથી કરે તે બધી ભક્તિ. મોટાપુરુષ કહે તેમ કરે તે એકાંતિક.
- (ગ.પ્ર.૭૧) મહારાજની આજ્ઞા પ્રમાણે જેટલું અક્ષરપુરુષોત્તમની વાત સમજાવવાનું કાર્ય થાય એટલા આત્મસત્તારૂપ થયા કહેવાઈએ.
- (ગ.મ.૮) સત્પુરુષ આપણો આત્મા છે તેમાં જોડાવું તે યોગયજ્ઞ. તે દ્વારા મહારાજ મળ્યા અને સંબંધવાળા મળ્યા તેની વાતો કરવી તે જ્ઞાનયજ્ઞ. સત્પુરુષ મોટાપુરુષમાં ભગવાનનો નિશ્ચય તે યજ્ઞનું ફળ છે. ભગવાને આજ્ઞા કરી છે કે તમારે બ્રહ્મયજ્ઞ-જ્ઞાનયજ્ઞ કરવો.
- બ્રહ્માગ્નિ એટલે બ્રહ્મરૂપ સંત. એમાં ઇન્દ્રિયોને હોમવી. એમના આદેશ પ્રમાણે વર્તીએ તો તે હોમી કહેવાય. અને એ રીતે વર્તે પછી એ સંતમાં પરમાત્માનાં દર્શન થાય ત્યાર બાદ બ્રહ્મયજ્ઞની પૂર્ણાહુતિ થઈ કહેવાય.
- (ગ.પ્ર.૬૨) ભગવાન પ્રગટ ન હોય તો ધર્મ કોના આશ્રયે રહે ? ભાગવતમાં આ પ્રશ્ન છે. જવાબ આપ્યો કે ધર્મ ભગવાનની મૂર્તિને

આધારે રહે છે. તે મૂર્તિ શું ? ભગવાનના સંત એ ભગવાનની મૂર્તિ.

- (ગ.મ.૫૧) સત્પુરુષને પોતાનું સ્વરૂપ માની તેમની આજ્ઞામાં વર્ત્યા તે આત્મસત્તારૂપે વર્ત્યા. જેમ કહે તેમ વર્તાય તો સ્વરૂપ મનાયું સાચું. એ યથાર્થ આત્મસત્તારૂપે વર્ત્યા કહેવાય.
- (લો.૧૫) સત્પુરુષ આપણો આત્મા. કોઈ પૂછે તો કહેવું : અમે આત્માનું દર્શન કર્યું છે! ગુણાતીત સત્પુરુષને જોયા તે આત્મદર્શન!
- (ગ.અં.૩૮) બરોબરિયા એટલે ઉંમરથી નહીં, પણ સ્વભાવે બરોબરિયા હોય. ઉંમર તો નાની મોટી હોય, પણ સ્વભાવ સરખા હોય. સાથે હરે ફરે તે બરોબરિયા. બેયને એક સરખો મળતો સ્વભાવ છે, તે સત્સંગથી પાડે. ભક્તિમાં પણ સરખે સરખા હોય તો આગળ ન વધાય.
- સંગ કોનો કરવો? તો જે ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, વૈરાગ્યવાળા હોય અને ભગવાનનું અલ્પ વચન લોપાય તો મહદ્‌વચન લોપાયું - એવો જેને ખટકો રહેતો હોય એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ - સત્પુરુષ તે સંગાથે પોતાના જીવને જડી દેવો.
- (ગ.પ્ર.૪૯) ભગવાનની મૂર્તિ સામે જોઈ રહેવું તે અંતર્દષ્ટિ. જોઈ રહેવું એટલે શું ? આજ્ઞા પ્રમાણે વર્ત્યા કરવું તે. બ્રહ્મસ્વરૂપ સંત મળ્યા તેમની ઇચ્છા પ્રમાણે જીવન બને તે અંતર્દષ્ટિ. આજ્ઞા પ્રમાણે થયું તે અંતર્દષ્ટિ થઈ ગઈ. મહારાજે દાદાખાચરને પરણાવ્યા ને એકાદશી આવતી હતી. બધાને જમાડ્યા પણ સંશય ન થયો તો એ અંતર્દષ્ટિ. ‘આ તો માયા આવી.’ એવું થાય એ ભગવાનના વિષે દોષ થયો. એમાં નિર્દોષભાવ રહે, જે ક્રિયા કરે છે તે દિવ્ય છે એમ માનવું તે અંતર્દષ્ટિ.
- (ગ.પ્ર.૬૩) તત્ત્વે કરીને જાણ્યા એટલે શું ? ભગવાનના સ્વરૂપમાં કોઈ કાળે માયા નથી. આ લોકમાં આવે, આપણી જેમ જ રહે, ખાય-પીએ, સૂવે, બોલે, બેસે-ઊઠે પણ બધું જ દિવ્ય. નટની (જાદુગરની) માયામાં ખબર જ નથી પડતી. તો ભગવાન તો નટોના નટ - નટરાજ છે.
- (ગ.મ.૪૯) શ્રીજીમહારાજે કહ્યું, ‘મારે કથાવાર્તા, કીર્તન, ધ્યાનમાંથી, તૃપ્તિ થઈ નથી અને તમારે પણ પામવી નહીં.’ રોજ એનાં એ જ દાળ, ભાત, શાક છતાં દરરોજ નવો સ્વાદ આવે છે તે રીતે કથા સાંભળ્યા પછી એમ થવું જોઈએ. ‘અહો ! આજ બહુ સુંદર વાત આવી.’ એમ ન


થવું જોઈએ કે 'બહુ કથા સાંભળી ! હવે કંટાળ્યો.' ભગવાનની કથા તો આપણા અનંત જન્મનો થાક ઉતારે છે.

- (ગ.મ.૬૩) ભગવાનના ભક્ત તો કેવળ બ્રહ્મની જ મૂર્તિ છે. ભગવાનને માર્ગે ચાલ્યા છે તે બધા સારા છે. સ્વભાવ-પ્રકૃતિ હોય, પણ તેને સંત મળ્યા છે. સંત સારા છે તો એને સંગે હરિભક્તો પણ સારા. સારા ને સંગે સારા. ભગવાન લીમડા નીચે બેઠા હોય એને દંડવત કરીએ છીએ, લીમડો તો કડવો જ છે પણ સંબંધ કોનો થયો છે ! તેમ ભગવાનના ભક્તનો મહિમા જાણવો. ભગવાને જે વસ્તુ અંગીકાર કરી તે બધાનો નિર્ગુણભાવ છે. જ્યાં બિરાજ્યા તે અક્ષરધામ.
- (ગ.અં.૭) સંબંધીનો પક્ષ રહે છે. તેને કોઈ મારતો હોય તો આડા ફરીએ. તેવો સત્સંગીનો પક્ષ રાખવો. દેહના સંબંધીનો પક્ષ સહેજે રહે છે તેવો સત્સંગનો, સત્સંગી હરિભક્તનો પક્ષ રાખવો. એવો પક્ષ તો અતિ બળવાન એવા કામક્રોધાદિક પણ ન પીડી શકે.
- (ગ.અં.૨૦) 'મોટાપુરુષને આશરે ગયા પછી પણ પ્રકૃતિ રહી તો મોટાપુરુષ કૃપા કરે કે નહીં ?' એ પ્રશ્નનો જવાબ આપતાં સ્વામીશ્રીએ વાત કરી : 'દયા તો કરે. પણ સ્વભાવ ટાળ્યા વગર તેને સત્સંગનું સુખ ન આવે. પ્રકૃતિને લઈને પોતાને દુઃખ થયા કરે ને બીજાને પણ દુઃખ થાય. આશરો છે તેથી મહારાજ બધું સરખું કરી આપે, પણ સત્સંગનું સુખ લેવા પ્રકૃતિ છોડવી પડે.'
- (ગ.પ્ર.૬૪) ભગવાનને સ્વામીસેવકભાવે ભજવા એટલે કે આપણે ભગવાન નથી, આપણે તો સેવક છીએ. ભગવાન આપણા સ્વામી કહેવાય. પરમ કહેવાય. એમની આગળ તો હાથ જોડીને ઊભા રહીએ. સેવકનો આ ધર્મ સ્વામીની મરજી પ્રમાણે જ કરે. આમ કહો તો આમ.
- (વર.૧૧) 'સત્પુરુષને આત્મા કેવી રીતે માનવો ?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રી કહે, 'એ તો મહારાજે જ કહ્યું છે કે બ્રહ્મસ્વરૂપી વિચાર દૃઢ થતો જાય તેમ તેમ બધામાં આત્માને જોતો જાય. પછી સત્પુરુષને તો આત્મા માને જ ને ! સત્પુરુષનું જીવન જોઈએ છીએ. જેમ સત્પુરુષને શબ્દો લાગતા નથી તો એ બ્રહ્મસ્વરૂપે વર્તે છે એવું મનાય છે. આત્મારૂપે માને તેમ તેમ સ્થિતિ બંધાય.

- (વર.૫) આપણામાં ભલે માયા હોય પણ આપણને મળ્યા છે તે માયા પર છે - તે સમજાય તો માયા પર થઈ જઈએ. ધીરે ધીરે સત્સંગ, સમાગમ કરતાં એવું થઈ જશે. આજ્ઞા પ્રમાણે કથાવાર્તા, ભજન-કીર્તન, સેવા કરતાં રહીએ તો બધું થઈ જાય.
- (ગ.પ્ર.૩૨) 'સત્પુરુષ તો ફરતા હોય તે ખીલે કેમ બંધાવું ?' પ્રશ્નનો ઉત્તર આપતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ કહ્યું, 'સત્પુરુષ કહે તેમ કરવું તે ખીલો. પછી ભલે હજારો ગાઉ છેટે હોય. એની આજ્ઞામાં રહેવું એ સત્પુરુષમાં જ બંધાયા છે. એને દુઃખ ન આવે, આવવાનું હોય તો ટાળી દે, વધારે આવવાનું હોય તો ઓછું કરી નાંખે, રક્ષા કરે.
- (ગ.પ્ર.૧૫) આજ્ઞા પ્રમાણે વર્તવામાં તમન્ના રાખવી, તેને મૂર્તિ ધારી કહેવાય. ભગવાન ને સંતને રાજી કરવા પ્રયત્ન કરવો, તેને મૂર્તિ ધારી કહેવાય. ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું તે મૂર્તિ ધાર્યા બરોબર છે.
- પ્રત્યક્ષ ભગવાનને ઓળખે તે જ ભક્ત કહેવાય. પરોક્ષથી સંસ્કાર થાય છે. ભગવાનને પ્રકૃતિ પુરુષ થકી પર સમજે તો માયા પર અક્ષરધામમાં ગતિ થાય. પરબ્રહ્મની ઉપાસના કરે તો અક્ષરધામને પામે.
- (ગ.મ.૪૨) જ્યાં પુરુષોત્તમની મૂર્તિ છે, ત્યાં અક્ષરધામનું મધ્ય છે. ગોલોક વૈકુંઠ જે કહો તે બધું આમાં આવી ગયું. મનુષ્યાકૃતિ ધારણ કરીને આવ્યા છે તેમાં જ પ્રતીતિ કરવાની છે કે મને મળ્યા છે તે નિશ્ચય ભગવાન જ છે અને અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.
- (વર.૧૯) અભક્તને મહારાજ પરોક્ષ મનાય, પણ ભક્ત માટે તો ગુણાતીત સંત દ્વારા પ્રગટ જ છે. એમ ન હોય તો આટલું સુખ ક્યાંથી આવે ? ભગવાન આ લોકમાંથી જતા જ નથી. તેમના થકી જ કલ્યાણ છે. સંત દ્વારા ભગવાન પ્રગટ સમજીએ તો શાંતિ અને સુખ થાય.
- (ગ.અં.૭) ગુણાતીત સંતમાં મહારાજ રહ્યા છે, તેનો મજિયારો વહેંચાતો નથી. ભગવાન ને સંતમાં સંશય તો કલ્યાણમાં સંશય, તે પાકું તો કલ્યાણનું પાકું. ભગવાનનાં ચરણ સત્પુરુષ છે. તેમાં મન રહે, તો ભગવાનમાં દૃઢ મન કરાવી દે. સંત ભગવાનમાં વૃત્તિ રખાવે છે.
- ભગવાન સિવાય બીજું સારું ન લાગે એ જ સ્વરૂપનિષ્ઠા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

BAPS

Vachanamrutna
Vishista Arthghatano
1 5 9 2 4
B G 3 7 0
ISBN 978-81-7526-961-3